સૌરાષ્ટ્ર તેમજ નરસિંહ મહેતા યુનિવર્સિટી
2018નો નવો અભ્યાસક્રમ
ટી. વાય. બી. એ. (T. Y. B. A.)
ઈતિહાસ-પેપર-17 : સેમેસ્ટર-6
ચીન અને જાપાનનો ઈતિહાસ (ઈ. સ. 1914 થી 1960)

જૂથ-1

1. પ્રથમ વિશ્વવિગ્રહના આઘાત – પ્રત્યાઘાત – દૂરપૂર્વમાં યુદ્ધ – જાપાનની 21 માંગણીઓ
2. વૉશિંગ્ટન પરિષદ
3. ડૉ. સુન-યાત-સેન – કારકિર્દી અને સિદ્ધિઓ

જૂથ-2

4. ચ્યાંગ – કાઈ – શેકનું ચીનમાં શાસન
5. જાપાનનું મંચુરિયા પરનું આક્રમણ (1931)
6. ચીન-જાપાન યુદ્ધ (1937-1941)

જૂથ-3

7. બીજા વિશ્વવિગ્રહ દરમ્યાન, જાપાનના વિજયો
8. ચીનમાં સામ્યવાદનો ઉદય – માઓ-ત્સે-તૂંગ – મહાપ્રસ્થાન
9. ચાઉ-એન-લાઈ – કારકિર્દી અને સિદ્ધિઓ

જૂથ-4

10. બીજા વિશ્વવિગ્રહમાં જાપાનનો પરાજય – જાપાનમાં સ્કેપ (SCAP) વહીવટીતંત્ર
11. ચીનમાં આંતરવિગ્રહ – સામ્યવાદીઓનો વિજય
12. સામ્યવાદી શાસનની સિદ્ધિઓ (ઈ. સ. 1960 સુધી)

* * *

જૂથ-1

પ્રકરણ-1 : "દૂરપૂર્વમાં" પ્રથમ વિશ્વવિગ્રહ ચીન અને જાપાનમાં તેનાં આઘાતો - પ્રત્યાઘાતો

"20માં સૈકાના પ્રારંભમાં જાપાની સામ્રાજ્યવાદને ઇંગ્લેંડની હૂંફ તથા મૂકસંમતિ મળી હતી. મંચુરિયા અને કોરિયાના પ્રદેશોમાં આર્થિક શોષણ કરીને જાપાનની સમૃદ્ધિ વધી હતી. તેણે લશ્કરમાં સારો વધારો કર્યો હતો. તેથી વિશ્વ વિગ્રહ શરૂ થતાં, તેમાં ઝંપલાવીને, ચીની તરબૂચમાંથી, થોડા ટૂકડા વધારે મેળવવાની લાલસા, જાપાનમાં જાગે તેમાં નવાઈ પામવા જેવું નથી."

— એક હકીકત

❀ ❀ ❀

"ચીનના પ્રતિનિધિઓને, પેરિસ શાંતિ પરિષદની વ્યવસ્થા અન્યાય પૂર્ણ લાગી અને તેને ધિક્કારી કાઢી અને તેમાં સહમત થવું તેને તેઓ રાષ્ટ્રીય અપમાન ગણે છે, તેમ કહીને વર્સેલ્સના કરાર પર સહી કરવાની 'ના' પાડી દીધી અને જાહેર કર્યું કે તે જર્મની સાથે અલગ સંધિ કરશે. ચીનના આવા વલણથી મિત્રરાજ્યો તો

પ્રકરણની રૂપરેખા

1. **પ્રથમ વિશ્વવિગ્રહ અને જાપાન :**
   (1) જાપાનનું ચીન તરફનું વલણ
   (2) જાપાનની 21 માંગણીઓ :
   (अ) શાન્તુંગ પ્રદેશ અંગે
   (ब) મંચુરિયા અને આંતર મંગોલિયા અંગે
   (क) લોખંડ અને કોલસાની ખાણ અંગે
   (ड) ચીનના દરિયાકાંઠા અંગે
   (इ) ગંભીર સ્વરૂપની માંગણીઓ
   (फ) 21 માંગણીઓની સમીક્ષા
   (उ) જાપાનની ગુપ્ત સંધિઓ
2. **પ્રથમ વિશ્વવિગ્રહ અને ચીન :**
   (1) ચીનની તટસ્થતા
   (2) ચીન પણ પ્રથમ વિશ્વ વિગ્રહમાં ઝંપલાવે છે.
   (3) ચીનને થયેલા ફાયદાઓ
   (4) શાંતિ-પરિષદ પેરિસની અને ચીન
   (5) ચીન 'ના' કહેતાં શીખે છે.
   (6) સમીક્ષા

1. પ્રથમ વિશ્વવિગ્રહ અને જાપાન

પ્ર. 1. (A) પ્રથમ વિશ્વવિગ્રહમાં જાપાનનાં વલણો તપાસો.

➢ **જાપાને પ્રથમ વિશ્વવિગ્રહમાં શા માટે ઝંપલાવ્યું ? તેનાથી તેને થયેલા રાજકીય અને અન્ય ફાયદાઓ વર્ણવો.** (સૌ. યુનિ. 2006)

ખરેખર ડઘાઈ ગયાં. એક સમયનું દબાયેલું, દેવાદાર અને અવ્યવસ્થિત ચીન આ રીતનો 'હુંકાર' કરશે એવું તેમની કલ્પનામાં પણ ન હતું ! ચીનના, એક સૈકાના શરમ ભરેલા ઈતિહાસમાં, ચીને પહેલી વખત જ મિત્રરાજ્યોને, **સણસણતી 'ના'** સુણાવી દીધી હતી ! ચીનની પ્રજા પહેલી જ વાર, રાષ્ટ્રીય અસ્મિતાથી સભાન બની હતી ! ચીનની પ્રજાએ પોતાના પ્રતિનિધિઓનો આ નિર્ણય સહર્ષ વધાવી લીધો હતો." **— એક અવલોકન**

➤ **જાપાને '21 માંગણીઓ' શા માટે રજૂ કરી ? આ માંગણીઓનું પૃથક્કરણ કરીને, ચીનના ઈતિહાસ પર તેમણે કરેલી અસરો તપાસો. (સૌ. યુનિ. '08, '10)**

➤ **નોંધ લખો :**

(1) જાપાન અને પ્રથમ વિશ્વવિગ્રહ

(2) જાપાનની 21 માંગણીઓ.

(સૌ. યુનિ. '06)

[**મુખ્ય મુદ્દાઓ : (અ) પ્રાસ્તાવિક (બ) જાપાન અને પ્રથમ વિશ્વવિગ્રહ :** (1) જાપાનનું જર્મનીને આખરીનામું (2) ચીનની તટસ્થતાનો ભંગ (3) મિત્રરાજ્યોનું ભેદી મૌન (4) જાપાનની ચીનને ધમકી (5) જાપાનની 21 માંગણીઓ અને તેની સમીક્ષા (6) જાપાનની ગુપ્ત સંધિઓ (7) લાંસિંગ-ઈશી કરાર (8) સમીક્ષા.]

(અ) પ્રાસ્તાવિક

કાળા હાથ નામની ઉગ્રવાદી સંસ્થાના એક સભ્યે ગોળીબાર કર્યો, સર્બિયા અને તેની સાથે 1914માં પ્રથમ વિશ્વવિગ્રહની શરૂઆત થઈ. 1914ના ઑગસ્ટ પ્રથમ સપ્તાહમાં, જ્યારે યુરોપનાં મિત્રરાજ્યો, ઇંગ્લેન્ડ, ફ્રાંસ તથા રશિયાએ, જર્મ અને ઑસ્ટ્રિયા સાથે પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત કરી ત્યારે એમ લાગતું હતું કે યુદ્ધ 'યુરોપિયુદ્ધ' બની રહેશે. પરંતુ, **પશ્ચીમી રાષ્ટ્રો પાસેથી શીખીને પોતાનું ઝડપ આધુનિકરણ કરીને, સામ્રાજ્યવાદને અપનાવીને જાપાન આ યુદ્ધને દૂર પૂર્વમાં ખેંચી લાવ્યું.** વિશ્વવિગ્રહે તેને તક ઊભી કરી આપી. જાપાનની નજર ચીન તરફ ગઈ તે અત્યંત સ્વાભાવિક છે. ચીની તડબૂચમાંથી થોડાક વધારે કકડાઓ મેળવવા તેની લાલસા વધી.

(1) **જર્મનીને જાપાનનું આખરીનામું :**

જાપાને જર્મનીને 15 મી ઑગસ્ટે, આખરી નામું આપ્યું કે શાંતુંગ પ્રાંત અને કિયાઓચાઉના પ્રદેશોમાં જર્મનીને જે કાંઈ વિશિષ્ટ અધિકારો, પટ્ટાઓ, ભોગવટા હોય તો જાપાનને એક મહિનામાં સોંપી દે, જેથી તે ચીનને તે પરત કરી શ ચીનને પરત કરવાની વાત જગતને બતાવવાની હતી. તેનો જવાબ એક અઠવાડિયા

જર્મનીને આપવાનો હતો, તે નહિ મળતાં, જાપાને જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. 23 ઑગસ્ટ, 1914.

(2) **ચીનની તટસ્થતાનો ભંગ :** આ આખરીનામાં અને યુદ્ધની જાહેરાત પછી, જાપાને, જર્મનીના **ત્સિંગતાઓ** બંદરનો કબ્જો લેવા લશ્કર રવાના કર્યું. લશ્કરને **ત્સિંગતાઓ** જવા માટે, ચીનના પ્રદેશમાંથી જવાનું હતું. હવે ચીને પ્રથમ-વિશ્વવિગ્રહમાં 'તટસ્થ' રહેવાનું નક્કી કર્યું હતું. યુદ્ધના પક્ષકારો તટસ્થ રાષ્ટ્રની' તટસ્થાનો ભંગ કરી શકતા નથી. જાપાને આ શરતને નેવે મૂકીને, ચીની પ્રદેશમાં થઈને શાંતૂગમાં પ્રવેશ કર્યો અને જર્મનીના બધા અધિકારો અને પ્રદેશોનો કબ્જો લીધો. જાપાને ત્સિંગતાઓ, શાન્તુિંગ તેમાં આવેલી રેલવે બધાનો કબ્જો લીધો. રેલવેનું રક્ષણતો ચીનને કરવાનું હતું. જાપાને ત્યાં પણ પોતાનું લશ્કર ગોઠવી દીધું હતું.

(3) **મિત્ર રાજ્યોનું ભેદી મૌન :** મહાસત્તાઓ પોતાના સ્વાર્થ માટે કેવા માપદંડો અને હથકડા અપનાવે છે તે અહીં જોવાનું છે. **બેલ્જિયમની તટસ્થતાનો** જર્મનીએ ભંગ કર્યો છે. એમ કહીને, ઈંગ્લેન્ડે યુદ્ધની જાહેરાત કરી હતી અને જાપાને જ્યારે દૂરપૂર્વમાં ત્સિંગતાઓનો કબ્જો લેવા ચીનની તટસ્થતાનો ભંગ કર્યો ત્યારે, ઈંગ્લેન્ડે મૌન રાખ્યું. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં "ચાવવાના અને દેખાડવાના દાંત જુદા હોય છે.", તેનો આ સુંદર દાખલો છે. ઈંગ્લેંડ અને તેના મિત્રોએ, જાપાનની પ્રવૃત્તિઓમાં ભેદી મૌન ધારણ કર્યું હતું. કારણ કે એકતો તેઓ યુદ્ધ મોરચે આ વખતે શરૂઆતમાં હારી રહ્યા હતા અને દૂરપૂર્વમાં જાપાનને નારાજ કરી શકાય તેમ હતું નહિ અને પોતાના દુશ્મન **જર્મની સામે** જાપાન એક મિત્રકાર્ય કરી રહ્યું હતું અને પેસિફિકમાં તેમની લશ્કરી તાકાત વધતી હતી.

(4) **જાપાનની ચીનને ધમકી :** જર્મનીએ જાપાનનો સામનો કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેને સફળતા મળી નહોતી. દૂરપૂર્વમાંથી, જર્મનીનું નામોનિશાન ભૂંસાઈ ગયું. હવે શાંતુંગને ચીનને પરત કરવાનો પ્રશ્ન ઊભો થયો. જાપાને પોતેજ તેની જાહેરાત કરી હતી કે તે ચીનને પરત કરી દેશે, પરંતુ જાપાનનો એવો કોઈ ઈરાદો નહોતો. આ બધી બાબતો જાપાને કહ્યું કે નવેસરની વિચારણા અને ધોરણો માંગી લે છે. 1915 માં ચીનના રાષ્ટ્રપ્રમુખ યુઆન-શી-કાઈએ જાપાન પાસે માંગણી મૂકીને હવે શાંતુંગ તથા ત્સિંગતાઓ વિસ્તારમાં શાંતિની સ્થાપના થઈ છે, તો તે વિસ્તારને 'તટસ્થ વિસ્તાર' તરીકે જાહેર કરવો જોઈએ. તેનાથી જાપાન છેડાઈ ગયું અને ચીનના રાષ્ટ્રપ્રમુખનું આ કાર્ય "બિન મિત્રતાભર્યા કાર્ય" તરીકે વખોડી કાઢીને, જાપાને કેટલીક માંગણીઓ ચીન પાસે મૂકી, જેને ઈતિહાસમાં **21 માંગણીઓ** કહેવામાં આવે છે.

(5) જાપાનની 21 માંગણીઓ : 18 મી જાન્યુઆરી, 1915 ને દિવસે જાપાને ચીનના રાષ્ટ્રપ્રમુખ, યુઆન-શી-કાઈ સમક્ષ પોતાની 21 માંગણીઓ મૂકી. જો ચીને આ માંગણીઓ, અમુક સમયમાં સ્વીકારે નહિતો, જાપાનનું લશ્કર પેકિંગ તરફ જશે એવી ગર્ભિત ચેતવણી પણ આપી હતી. જાપાને એવું પ્રલોભન પણ આપ્યું હતું કે - એવું કહેવાય છે - જો પ્રમુખ તેની 21 માંગણીઓ સ્વીકારી લે તો, જાપાન તેને **સમ્રાટ** બનવા માટે મદદ કરશે. આમ જાપાને ભય અને પ્રલોભનો બંનેનો ઉપયોગ કર્યો હતો. આ એકવીસ માંગણીઓને પાંચ જૂથોમાં વહેંચવામાં આવે છે.

જૂથ-1 : શાંતૂંગ પ્રદેશ અંગે : શાંતૂંગ પ્રદેશની ભવિષ્યમાં, જાપાન જે વ્યવસ્થા કરે તે ચીને માન્ય રાખવી. એ પ્રદેશમાં રેલવે બાંધવાનો અધિકાર માત્ર જાપાનને જ આપવો. અન્ય કોઈ સત્તાને ત્યાં વિશેષ અધિકારો કે પટ્ટાઓ આપવા નહિ.

જૂથ-2 : મંચુરિયા અને આંતર-મોંગોલિયા અંગે : મંચુરિયા અને આંતર મોંગોલિયાને જાપાનના વર્ચસ્વ-વિસ્તાર તરીકે માન્ય રાખવામાં આવે. તે પ્રદેશોમાં જાપાનનાં નાગરિકોને જમીન માલિકીનો, પ્રવાસ કરવાનો, ખાણો-ઉદ્યોગોનાં ધંધામાં, નાણાં રોકવાનો મુક્ત અધિકાર હોવો જોઈએ. તે ઉપરાંત, આ વિસ્તારોમાં રાજકીય, આર્થિક કે લશ્કરી બાબતો માટે, ચીનને વિદેશી સલાહકારોની જરૂર પડે તો માત્ર જાપાનના જ સલાહકારોની મદદ લેવી.

જૂથ-3 : લોખંડ અને કોલસાની ખાણો અંગે : ચીનની લોખંડ અને કોલસાની ખાણોની કંપની (હન-યેહ-પીંગ) ના વહીવટમાં, ચીને જાપાનને પણ સામેલ કરવું અને કંપનીની કોલસા અને લોખંડની ખાણો નજીક અન્ય ખાણો ખોદવાની સત્તા-અધિકાર કોઈ વિદેશી સત્તાને આપવો નહિ.

જૂથ-4 : ચીનના દરિયાકાંઠા વિસ્તાર અંગે : ચીની સરકારે સમુદ્ર કિનારા પરનાં બંદરો, અખાતો કે ટાપુઓ, કોઈ વિદેશી સત્તાને પટ્ટા પર આપવા નહિ તથા ત્યાં કોઈને ખાસ અધિકારો આપવા નહિ.

જૂથ-5 : સૌથી ગંભીર પ્રકારની માંગણીઓ : જૂથ-5 ની માંગણીઓને સૌથી ગંભીર પ્રકારની એટલા માટે કહેવામાં આવે છે કે, **જો તેનો ચીન, સ્વીકાર કરે તો, બધા જ વાસ્તવિક અર્થોમાં, તે જાપાનનું 'રક્ષિત રાજ્ય' Protectorate State** બની **જતું હતું.** તેમાં ચીનના 'સાર્વભૌમત્ત્વ'ને સીધી અસર કરતી કેટલીક માંગણીઓ મૂકવામાં આવી હતી. જેમકે (1) ચીને રાજકીય, આર્થિક તેમજ લશ્કરી બાબતોમાં જાપાની સલાહકારો રાખવા (2) પોલીસ-વ્યવસ્થામાં જાપાનના સલાહકારો રાખવા તથા સરહદી વિસ્તારોમાં અને મહત્ત્વના સ્થળો પરત્ત્વેના, પોલીસ ઝગડાઓમાં જાપાની લવાદી તથા સંયુક્ત વહીવટ સ્વીકારવો (3) ચીને પોતાની શસ્ત્રસામગ્રીની ખરીદીના 50% જાપાન પાસેથી કરવાની હતી. અથવા તો ઘર આંગણે ચીન શસ્ત્રસામગ્રીનું ઉત્પાદન શરૂ કરે તો તેમાં જાપાનનો **સંયુક્ત વહીવટ** અથવા તેનો અંકુશ રાખવો (4) વિદેશો પાસેથી માલ ખરીદવામાં, જાપાનને પ્રથમ પસંદગી આપવી; ખાણો રેલવે કે બંદરોનાં વિકાસમાં મૂડી રોકાણ કરવાનું હોય તો તેમાં પણ જાપાનને પ્રથમ પસંદગી આપવી; અને ચીનમાં જાપાની ધર્મ પ્રચારકોને બધી સગવડતાઓ કરી આપવાની હતી.

ગુપ્તતા અને જાહેરાત : જાપાનની આ 21 માંગણીઓ અંગે, ચીન અને જાપાન- બંને પક્ષોએ ભારે ગુપ્તતા જાળવી હતી. પરંતુ ચીનના પાટનગર પેકિંગમાંથી ધીરેધીરે એક પછી એક માંગણીઓ ફૂટતી ગઈ. ત્યારે પણ બંનેએ એવી જાહેરાત કરી કે એવી માંગણીઓ થઈ જ નથી. પરંતુ એ જુઠાણું લાંબું ચાલ્યું નહિ ત્યારે જાપાનીઝ સરકારે 11 માંગણીની જાહેરાત થઈ અને પછી 21 માંગણીઓ કબુલ કરવામાં આવી. પાંચમાં ગ્રુપની માંગણીઓ માત્ર "વિચારણા માટે જ" હતી, એમ પણ કહેવામાં આવ્યું. યુઆન-શી-કાઈએ પણ, જાપાનને કહ્યું કે પાંચમાં જૂથની માંગણીઓનો સ્વીકારવા જેટલો તે સ્થિર નથી. બાકીની માંગણીઓ સ્વીકારવી પડી. તે અંગે બંને વચ્ચે 25 મે 1915 માં આ મુજબની સંધિ થઈ.

ચીન-જાપાન વચ્ચેની સંધિ : (1) શાન્તુંગની વ્યવસ્થા અને ત્યાં જર્મનીના વિશિષ્ટ અધિકારો વિશે, જાપાન-જર્મની જે સંધિ કરે, તે સ્વીકારવાની ચીને ખાતરી આપી તથા શાન્ટુંગમાં જાપાનનો મૂડીરોકાણના અધિકારો સહિત, બધાજ વિશિષ્ટ અધિકારો હોવાનું ચીને સ્વીકાર્યું. (2) દક્ષિણ મંચુરિયા અને આંતર મોંગોલિયાને પણ જાપાનના વર્ચસ્વ-વિસ્તાર તરીકે માન્ય રાખવામાં આવ્યા; ત્યાં જાપાનના નાગરિકો માટે જે અધિકારો માંગવામાં આવ્યા હતા. તે બધા જ અધિકારો આપવામાં આવ્યા; ખાણો અને રેલવેમાં જે મૂડીનું રોકાણ થશે, તે માત્ર જાપાન પાસેથી જ સ્વીકારવામાં આવશે; એ પ્રદેશોમાં લશ્કરી, પોલીસ કે નાણાકીય બાબતોમાં, વિદેશી સલાહકારો તરીકે માત્ર જાપાનને જ સ્વીકારવા ચીને કબૂલાત આપી (3) તે ઉપરાંત, હેન-યેહ-પિંગની કોલસો અને લોખંડની ખાણ-કંપનીમાં, જાપાનના મૂડીપતિઓનો સહકાર લેવા માટે પણ ચીને કબૂલાત આપી તથા જાપાનની સંમતિ વિના તે કંપનીનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવશે નહિ અને તેની માલ-મિલકત જપ્ત કરવામાં આવશે નહિ.

જાપાનની 21 માંગણીઓનું વિવેચન સમીક્ષા : આ રીતે, જાપાને પ્રથમ-વિશ્વવિગ્રહનો લાભ ઉઠાવ્યો તથા ચીન ઉપર પોતાનો આર્થિક અને રાજકીય પ્રભુત્વ

સ્થાપ્યો. ચીનને હવે ખાતરી થવા માંડી કે, પ્રથમ વિશ્વવિગ્રહમાં 'તટસ્થતા' જાહેર કરીને તેણે બહુ મોટી ભૂલ કરી હતી, કારણ કે પશ્ચિમની સત્તાઓ જાપાન તેમનું મિત્ર હોવાથી, તેને કશું કરવાની તૈયારીમાં નહોતા અને ચીનને માન આપવાની બાબતમાં ધ્યાન આપતા નહિ. જાપાન તેમના દુશ્મન, જર્મનીને ફટકા મારી રહ્યું હતું અને પેસિફિકમાં તેઓ જાપાનને લીધે સલામત હતા, એમતે માનતા હતા. ચીનને આ પરિસ્થિતિની જાણ મોડી થઈ **તેણે પોતાની નીતિમાં, પરિવર્તન લાવીને, પ્રથમ વિશ્વવિગ્રહમાં મિત્રરાજ્યોના પક્ષે ઝંપલાવ્યું.**

જોકે, જાપાનની 21 માંગણીઓની ચીનમાં કંઈક જુદી જ અસર થઈ. જેવું લોકોએ જાપાનની આ માંગણીઓ વિશે જાણ્યું તેમ બધા વિરોધપક્ષો પણ એક થઈ ગયા અને બધાએ નિર્ધાર કર્યો કે જાપાન સાથે છેવટ સુધી લડી લેવું પરંતુ નમતું આપવું નહિ. **ચીનનો વિરાટ હવે જાગ્યો હતો.** લોકોએ 'રાષ્ટ્રીય બચાવ નિધિ' શરૂ કરી અને તેમાં ઉદાર હાથે ફાળો આપ્યો. **આવા રાષ્ટ્ર તરફી ભક્તિજુવાળ અને ઉત્સાહી વલણને લીધે, યુઆન-શી-કાઈને સમ્રાટ બનવાની તમન્ના પ્રજ્વલીત થઈ.** જોકે દક્ષિણમાં તેની સમ્રાટ બનવાની હિલચાલ સામે બળવો થયો અને તેને દબાવવામાં યુઆન નિષ્ફળ ગયો અને તેણે 'સમ્રાટ' બનવાનું છોડી દીધું. તેના અચાનક અવસાનને લીધે બધું શાંત થઈ ગયું.

પરંતુ, એમ પણ કહેવામાં આવે છે કે, જાપાને બળવાખોરોને મદદ કરી હતી. કારણ કે અશાંત ચીન તેને વધુ ફાયદાકારક હતું. જો ચીન મુશ્કેલીમાં હોય તો, તે પોતાની 21 માંગણીઓનો સરળતાથી સ્વીકાર કરાવી શકે ? એ ગમે તેમ હોય, હવે પછી ચીન-જાપાન સંબંધોના ઈતિહાસમાં આ 21 માંગણીઓનું મહત્ત્વ અને ખેંચતાણ ચાલુ રહેવાની હતી (1) જ્યારે તક મળે ત્યારે ચીનની સરકાર આ 21 માંગણીઓમાંથી બધી કે અમુકને રદ કરાવવાની પેરવીમાં રહેશે અને (2) જાપાનને તક મળે ત્યારે, આ 21 માંગણીઓની બધી જ કે પછી તેમાંની થોડીક ચીન કબૂલ કરે તેની પેરવીમાં જાપાન રહેશે. જોકે જાપાની સામ્રાજ્યવાદનો પ્રથમ વિશ્વવિગ્રહ પછી પણ, ચીન જ શિકાર થવાનું હતું એ તો ચોક્કસ.

(6) જાપાનની મિત્રરાજ્યો સાથે ગુપ્ત સંધિઓ :

જાપાની સામ્રાજ્યવાદ સામે, ઈંગ્લેંડ અને ફ્રાંસનું મૌન : જાપાને ઈંગ્લેંડ સાથેની સંધિ, 1902 નો બરાબર લાભ-ગેરલાભ ઉઠાવ્યો અને ચીનને પોતાના સામ્રાજ્યવાદનું શિકાર બનાવ્યું. પહેલા વિશ્વવિગ્રહે તેને તક પૂરી પાડી. ઈંગ્લેંડ અને ફ્રાંસ જાણતા

હતા કે ચીન તરફ જાપાનની આ **જોહુકમી છે છતાં તે કાંઈ કરી શકે તેમ નહોતા.** એક તો શરૂમાં યુરોપમાં તેમનો પરાજય થતો હતો અને જાપાન જર્મની પર ફટકા મારતું હતું. જાપાન મહાયુદ્ધમાં તેમના પક્ષે જ રહે એ તેમની મજબૂરી હતી અને નૈતિક દૃષ્ટિએ રાજકારણમાં વિચારવું તેમને માટે અસ્થાને હતું. શત્રુ મિત્ર હોય તો તેનો જુલમ સહી લેવાય. **જાપાને તેમની આ મજબૂરી બરાબર સમજી હતી અને તેનો ફાયદો ઉઠાવવા તે તૈયાર હતું.**

ઈંગ્લેંડ સાથે સમજૂતી : તેથી, 1916 માં જાપાનના વર્તમાનપત્રોએ જેહાદ ઉપાડી કે, ઈંગ્લેન્ડ સાથે મિત્રત્વ રાખવાને બદલે, જર્મની સાથે જાપાને મૈત્રી રાખી હોત તો વધારે ફાયદો થાત. આ વાત ઈંગ્લેન્ડ સમજી ગયું કે તેમને-જાપાનને 1902 ની સંધિનું પુનરાવલોકન કરવું છે. ઈંગ્લેંડ તેમનો ઈશારો સમજી ગયું. તેણે એવું વચન આપ્યું કે, ઈંગ્લેંડ યુદ્ધ પછીની શાંતિ-પરિષદમાં, શાન્ટુંગ પ્રદેશમાં જાપાને જે અધિકારો જર્મની પાસેથી મેળવ્યા છે તે બધાનો તે સ્વીકાર કરાવશે. ઉપરાંત, વિષુવવૃત્તને ઉત્તરે આવેલા ટાપુઓ, માર્શલ વગેરેનો જાપાને જે કબજો લીધો છે, તેને પણ જાપાનને અપાવવા ઈંગ્લેંડ પ્રયત્ન કરશે. એજ રીતે જાપાને પણ, વિષુવવૃત્તની દક્ષિણે આવેલા ટાપુઓ, ઈંગ્લેંડને મળે એવો પ્રયત્ન કરવાનો રહેશે.

ફ્રાંસ સાથે સમજૂતી : ફ્રાંસે પણ, જાપાન સાથે સંધિ કરીને ઈંગ્લેંડે જે વચનો આપ્યાં હતાં તેનો સ્વીકાર કર્યો. ઈટાલીએ પણ જાપાન સાથે સંધિ કરી હતી. **આ બધી સંધિઓ, 1917માં થઈ હતી અને તેમને ગુપ્ત રાખવાની હતી.** આના બદલામાં, જાપાને એવું વચન આપ્યું કે તે વિશ્વ વિગ્રહમાં ચીન પણ મિત્રરાજ્યોના પક્ષે જોડાય એવા પ્રયત્નો કરશે.

(7) અમેરિકા સાથે-લાંસિંગ-ઈશી કરાર :

આમ મિત્ર રાજ્યો પાસે પોતાનું ધારેલું પાર પાડીને, જાપાને હવે **અમેરિકા** તરફ નજર કરી. એકલા, અમેરિકાએ જ તેની 21 માંગણીઓનો આછો વિરોધ કર્યો હતો. જોકે પેસિફિક મહાસાગરમાં બંનેના હિત સામસામે આવતા હતા. જોકે 1917 માં તેમાં પરિવર્તન આવ્યું. હવે તો અમેરિકા પણ મિત્રરાજ્યોના પક્ષે, પ્રથમ વિશ્વ વિગ્રહમાં જોડાયું, તેથી તે જાપાનનું પણ મિત્રરાજ્ય બન્યું હતું. અમેરિકાની પણ ઈચ્છા એવી હતી કે બંને વચ્ચેના મતભેદો ઓછાં થાય તો સારું. આથી, 1917 માં અમેરિકન પ્રતિનિધિ **લાંસિંગ** અને જાપાનનો પ્રતિનિધિ **ઈશી** વચ્ચે સમજૂતી-કરાર થઈ, તે **લાંસિંગ-ઈશી** કરાર તરીકે જાણીતા છે. તે મુજબ **"અમુક ભૌગોલિક કારણોસર જાપાનનાં ચીનમાં ખાસ હિતો રહેલા છે."** આ હિતો ક્યા હતા અને

કેટલા પ્રમાણમાં હતા તે સ્પષ્ટ થયું નહોતું અને તેનાથી બંને વચ્ચે ગેરસમજૂતી પણ ઊભી થઈ હતી.

પરંતુ એ બધું ગમે તેમ હોય, જાપાને પોતાના સામ્રાજ્યવાદના વિકાસને માટે, પ્રથમ વિશ્વવિગ્રહે જન્માવેલી પરિસ્થિતિનો બરાબર લાભ ઉઠાવ્યો હતો.

પ્ર. 1. (B) પ્રથમ વિશ્વવિગ્રહમાં ચીનના વલણો તપાસો.

- **પ્રથમ વિશ્વવિગ્રહમાં ચીન શરૂઆતમાં તટસ્થ રહ્યું ત્યારે તેને જે નુકસાન થયું તે, તથા તે વિશ્વવિગ્રહમાં જોડાયું ત્યારે તેને થયેલા ફાયદાઓનું વિવેચન કરો.**
- **ચીનને પ્રથમ વિગ્રહથી થયેલા ફાયદાની ચર્ચા કરો.**

[મુખ્ય મુદ્દાઓ : (અ) પ્રાસ્તાવિક (બ) ચીને તટસ્થ રહીને કરેલું નુકસાન (ક) ચીને પ્રથમ વિશ્વવિગ્રહમાં દાખલ થઈને કરેલા ફાયદા (ડ) પેરિસની શાંતિ પરિષદમાં ચીન (ઇ) ચીન "ના" કહેતાં શીખે છે.]

(અ) પ્રાસ્તાવિક

કાળા હાથ (Black Hands) નામની ઉગ્રવાદી સંસ્થાના એક સભ્યે ઑસ્ટ્રિયાના પાટવીકુંવર ફર્ડિનાન્ડ પર ગોળીબાર કર્યો, 28 મી જૂન, 1914 અને યુરોપમાં પ્રથમ વિશ્વવિગ્રહની શરૂઆત થઈ. તેમાં મિત્રપક્ષે, ફ્રાંસ ઇંગ્લેંડ રશિયા અને જાપાન હતાં જ્યારે સામે પક્ષે-ધરિરાજ્યોમાં જર્મની અને ઑસ્ટ્રિયા હતાં. જાપાને 1902 માં ઇંગ્લેંડ સાથે સંધિ કરી હતી. તેની નજર, ચીનમાં સામ્રાજ્યવાદને આગળ વધારવાની હતી. યુદ્ધ શરૂ થતાં જ તેણે જર્મનીના ચીનમાં આવેલા વિશિષ્ટાધિકારોવાળા પ્રદેશો - ખાસ કરીને ક્યિાઓચાઉનો પ્રદેશ કબ્જે કરી લીધો. તેની રેલવેઓ પણ કબ્જે કરી. **પ્રથમ વિશ્વવિગ્રહનો પૂરેપૂરો લાભ જાપાને ઉઠાવ્યો** જ્યારે ચીને એવું નક્કી કર્યું કે તે યુદ્ધમાં ભાગ લઈ શકે નહિ. તેણે પોતાને તટસ્થ જાહેર કર્યું તેનાથી તેને ભારે નુકસાન થયું. તેને શાંટુંગના પ્રદેશના વિશિષ્ટ અધિકારો જે જર્મનીને મળ્યા હતા. ચીને જ આપ્યા હતા. તે ગુમાવ્યા. વધુમાં જાપાને 21 માંગણીઓ તેના પર લાદીને તેને અપમાનિત કર્યું ત્યારે ઇંગ્લેંડ, ફ્રાંસ કે રશિયા કશું કરી શક્યા નહિ-મૌન રહ્યા. તેથી હવે તેણે પ્રથમ વિશ્વવિગ્રહમાં ઝંપલાવ્યું અને તેને ભારે ફાયદા થયા. પેરિસની શાંતિ પરિષદમાં તેને સ્થાન મળ્યું અને સૌથી મોટી સિદ્ધિનો ચીનની એ હતી કે તેણે **હવે** આંતરરાષ્ટ્રીય દબાણમાં આવવાને બદલે, "ના કહેવાની શરૂઆત કરી અને **નૈતિક** હિંમત બતાવી."

(બ) ચીને તટસ્થ રહીને કરેલું નુકસાન

પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે આમતો ચીનની આર્થિક દષ્ટિએ ભારે દુર્દશા હતી. તે યુદ્ધમાં ભાગ લઈ શકે તેટલી તેની ત્રેવડ નહોતી, એ વાત સાચી પણ રાજકીય દષ્ટિએ તટસ્થ રહીને તેને ભારે નુકસાન વેઠવું પડ્યું. જાપાને વિશ્વવિગ્રહનો લાભ લઈને જર્મનીના વિશિષ્ટાધિકારવાળા-ચીનના પ્રદેશો ઉપર જર્મનીના જે અધિકારો હતા તે પચાવી પાડ્યા. મિત્રરાજ્યો ચીનમાંના સામ્રાજ્યવાદને જાણતા હતા છતાં, કશું કરી શકતા નહોતા, કારણ કે જાપાન તેમનું 'મિત્ર' હતું. જાપાને તેનાથી ઉત્સાહિત થઈને, ચીન સામે 21 માંગણીઓ મૂકી તેને એક રક્ષિત રાજ્ય (Protected State) બનાવી દેવાની તૈયારી કરી. **ત્યારે પણ, પશ્ચિમની સત્તાઓ મૌન રહી. તેમને મન મિત્રરાજ્ય જાપાનની મૈત્રી મહત્ત્વની હતી. તટસ્થ ચીન તેમને માટે મહત્ત્વનું નહોતું. હવે ચીનને તેની ભૂલ સમજાઈ.**

(ક) ચીને પ્રથમ વિશ્વવિગ્રહમાં દાખલ થઈને કરેલા ફાયદા

ચીનને ખાતરી થઈ કે પોતે, વિશ્વવિગ્રહમાં નથી-તટસ્થ છે. તેથી તેની તરફ કોઈ-પશ્ચિમી મહાસત્તાઓ ધ્યાન આપતી નથી. તેને આની સમજ પડી ત્યારે તેણે પોતાની નીતિમાં પરિવર્તન આણ્યું અને વિશ્વવિગ્રહમાં ભાગ લેવાનું નક્કી કર્યું. તેણે મિત્રરાજ્યોની તરફેણમાં, યુદ્ધમાં ઝંપલાવ્યું. તેનાથી તેને પ્રત્યક્ષ અને પરોક્ષ ફાયદાઓ થયા.

પહેલાં યુદ્ધ શરૂ થયું ત્યારે - ચીન માટે યુદ્ધમાં જોડાવાની સ્થિતિ સારી નહોતી. આર્થિક દષ્ટિએ તે વધુ ખરાબ દુર્દશામાં હતું અને જર્મની આમ જોઈએ તો તેનું દુશ્મન પણ નહોતું. પરંતુ 1917, માં પરિસ્થિતિ કંઈક જુદી હતી. તે યુગના વડાપ્રધાન **ત્વાન-ચીએ,** પ્રથમ વિશ્વવિગ્રહમાં ચીને જોડાઈ જવું જોઈએ એમ માનવામાં ડહાપણભર્યું ગણ્યું કારણ કે (1) મહાયુદ્ધમાં તટસ્થ રહેવાથી, ચીને મિત્ર રાજ્યોની સહાનુભૂતિ ગુમાવી હતી. જાપાન શાંટુંગમાં અને ખાસ કરીને તેની 21 માંગણીઓમાં ચીન પર દબાણ લાવી શક્યું હતું. (2) જ્યારે, 1917 માં, અમેરિકા પણ વિશ્વવિગ્રહમાં જોડાઈ ગયું ત્યારેથી, અમેરિકન એલચીએ ચીની સરકારને યુદ્ધમાં જોડાઈ જવાનું દબાણ-વિનંતી કરી હતી. તેથી ચીન યુદ્ધમાં જોડાવા લગભગ તૈયાર હતું. (3) તેને કોઈખાસ બહાનાની જરૂર હતી. વડાપ્રધાન **ત્વાન-ચી-જુઈએ** જર્મનીને વિનંતી કરી હતી કે તટસ્થ રાજ્યોનાં વહાણો સામે સબમરીનનો ઉપયોગ કરે નહિ છતાં જર્મનીએ તેની દરકાર કરી નહિ. તેથી રાષ્ટ્રપ્રમુખ લી-યુઆન-હંગની મરજી નહોતી છતાં, વડાપ્રધાને જર્મની સાથેના રાજદ્વારી સંબંધો તોડી નાંખ્યા. હવે યુદ્ધમાં જર્મની વિરુદ્ધ

જોડાઈ જવાનું બાકી હતું, પરંતુ આવું કરતાં પહેલાં, **ત્વાન-ચી-જૂઈ**, મિત્રરાજ્યો પાસેથી થોડાક લાભ લઈ લેવા માંગતો હતો. તેણે મિત્રરાજ્યો પાસે શરતો મૂકી કે (1) બૉક્સર બળવા પછી ચીન પર જે જંગી દંડ નાંખવામાં આવ્યો છે, તેમાંથી જર્મની અને ઑસ્ટ્રિયાની રકમ બાદ કરવી. (2) મિત્ર રાજ્યોએ, ચીનને જે હપતાઓ અને વ્યાજ આપવાનું છે તે મુલતવી રાખવુ. (3) બૉક્સર બળવા પછી, જુદી જુદી સત્તાઓના લશ્કરો ચીનમાં છે. તે પાછાં ખેંચી લેવાં. (4) જકાતના દરો વધારવા ચીનને પરવાનગી આપવી. જો આ શરતો સ્વીકારાય તો ચીન વિગ્રહમાં દાખલ થાય.

સામે પક્ષે, મિત્રરાજ્યો પણ, ચીન યુદ્ધમાં દાખલ થાય તેમ ઈંતેજારીપૂર્વક-અધિરાઈપૂર્વક ઈચ્છતા હતા. તેનાથી તેમને ચીનના મજૂરો મળી રહે જે મિત્રરાજ્યોમાં માણસોને છૂટા કરીને સૈન્યમાં જવા મુક્ત કરી શકે. વળી ચીનમાંથી તેમને મોટા જથ્થામાં કાચો માલ મળી રહે તેમ હતું. અન્નપુરવઠો પણ મોટા પ્રમાણમાં ચીનમાંથી મળી શકે તેમ હતું. આમ ચીન યુદ્ધમાં જોડાય તો, મિત્રરાજ્યોને ભારે ફાયદો થાય એમ હતું. તેમણે આવી શરત મૂકી કે પહેલાં, ચીન યુદ્ધમાં જોડાવાની જાહેરાત કરે ત્યારપછી, તેની શરતો સહાનુભૂતિપૂર્વક વિચારાશે. આથી વડાપ્રધાન મુશ્કેલીમાં આવી પડ્યા. રાષ્ટ્રીય સંસદમાં તેનો ભારે વિરોધ થયો અને ખુદ **કાંગ-યુ-વેઈ** જેવો સુધારક પણ તેનો જબરો વિરોધી હતો. તેથી વડાપ્રધાને આખી બાબતને અભરાઈએ ચડાવી દીધી ! જ્યારે તક મળી ત્યારે તેણે રાષ્ટ્રીય સંસદને બરખાસ્ત કરી, બધી સત્તાઓ પોતાના હાથમાં લીધી અને 14 ઑગસ્ટ 1917 ને દિવસે, વડાપ્રધાન **ત્વાન-ચી-જુઈએ** જર્મની વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું. તેનાથી યુદ્ધ દરમ્યાન ચીનને આ મુજબના ફાયદા થયા.

(1) યુદ્ધમાં ભાગ લેવાની જાહેરાત પછી, મિત્રરાજ્યોએ બંદરી જકાતમાં વધારો કરવા માટેની વાટાઘાટો શરૂ કરી અને 5% નો તેમાં વધારો કરવાનું નક્કી થયું. (2) ચીને યુદ્ધમાં ભાગ લેવાની સાથે તિએનત્સીન બંદર અને અન્ય સ્થાનોએ જર્મનીની જે મિલકતો હતી તે જપ્ત કરી હતી. હવે સમજૂતીઓ પછી, ઑસ્ટ્રિયાની મિલકતો પણ જપ્ત કરી. (3) બૉક્સર બળવામાં જર્મની અને ઑસ્ટ્રિયાનું જે લેણું હતું તે રદ કરવામાં આવ્યું તથા મિત્રરાજ્યોને જે રકમ લેવાની હતી. તે પાંચ વર્ષ માટે મોકૂફ રાખવામાં આવી. (4) ચીનને મહાસત્તાઓએ એવી ખાતરી આપી કે યુદ્ધ પૂરું થયા પછી, જાપાનની જેમ ચીનને પણ દૂરપૂર્વના એક મહત્ત્વના રાષ્ટ્ર તરીકે શાંતિપરિષદમાં સ્થાન આપવામાં આવશે. **આમ, ચીનને તો અનેક લાભ થયા જ, પરંતુ ચીન યુદ્ધમાં જોડાયું. તેમાંથી મિત્ર રાજ્યોને તેનાથી વધારે લાભો થયા.**

(ડ) પેરિસની શાંતિ-પરિષદમાં ચીન

ચીનમાં તે વખતે બે સરકારો હતી : (1) **પેકિંગમાં**, વડાપ્રધાન ત્વાન-ચી-જુઈના નેતૃત્વ હેઠળની સરકાર (2) **કેન્ટોનમાં**, ડૉ. સુન-યાત-સેનના નેતૃત્વ હેઠળની સરકાર-જે ક્રાંતિકારી હતી. છતાં ચીનના સદ્ભાગ્યે અને તેના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું કે બંને સરકારોના પ્રતિનિધિઓએ પેરિસની શાંતિ પરિષદમાં એકી સાથે હાજરી આપી અને બંનેમાં એકતા પ્રવર્તતી હતી, આ ચીન માટે અને તેના ભાવિ ઈતિહાસ માટે એક શુભ નિશાની હતી.

(ઢ) ચીન 'ના' કહેતાં શીખે છે. - સમીક્ષા

"એકતામાં શક્તિ હોય છે." એ હકીકત અહીં પણ સાચી પડી. ચીનના પ્રતિનિધિઓએ જે શરતો ને માંગણીઓ મૂકી હતી તે કબૂલ કરવા માટે મિત્રરાજ્યોને જાપાનનો ભય હતો. તેમણે, શાન્ટુંગનો પ્રદેશ જાપાનને આપ્યો તે ચીનના પ્રતિનિધિઓને અપમાન જનક લાગ્યું અને તેમણે વર્સેલ્સના કરારપત્ર સહી કરવાની ના પાડી દીધી. **ચીનના આ વલણથી, મિત્રરાજ્યો** તો ખરેખર ડઘાઈ ગયા. એક સમયનું દબાયેલું, દેવાદાર અને અવ્યવસ્થિત ચીન, આ પ્રમાણેનો હુંકાર કરશે, એ તેમની કલ્પના બહારનું હતું. પોતાના એક સદીના શરમ ભરેલા ઈતિહાસમાં ચીને પહેલીવાર, મિત્રરાજ્યોની દરખાસ્તોને અવગણીને સણસણતી 'ના' સંભળાવી દીધી ! ચીનની પ્રજા પહેલીજ વાર, રાષ્ટ્રીય અસ્મિતતાથી જાણે કે સભાન બની હતી.

જૂથ-1

પ્રકરણ-2 : વૉશિંગ્ટન પરિષદ (1921 - 1922)

"વૉશિંગ્ટન સંધિઓમાં સૌથી વધારે ફાયદાઓ જાપાને પ્રાપ્ત કર્યા હતા. તેણે અમેરિકા અને ગ્રેટ બ્રિટનના સંભવિત આક્રમણો સામે સલામતી મેળવી હતી."

— એક અવલોકન

❀ ❀ ❀

"પ્રથમ વિશ્વવિગ્રહે, 'દૂર પૂર્વ' માં જે આઘાતો અને પ્રત્યાઘાતો જન્માવ્યા હતા. તેને પરિણામે ચીન-જાપાન અને જાપાન તથા મિત્રરાજ્યો વચ્ચેના સંબંધો વધારે ગૂંચવણભર્યા બન્યા હતા. એજ પ્રમાણે, વિશ્વ રાજકારણમાં પણ અનેક નવી સમસ્યાઓ ઊભી થતી હતી અને તેનો તાત્કાલિક નિકાલ લાવવા માટે જો પ્રયત્ન કરવામાં આવે નહિ તો કદાચ તેનાથી પણ વધારે ગૂંચવણો ઊભી થાય તેમ હતી."

— એક સત્ય

❀ ❀ ❀

"એ સમયનાં આંતર-રાષ્ટ્રીય રાજકારણનાં વહેણો જોતાં તથા જ્યારે રાષ્ટ્રસંઘ (લીગ-ઑફ-નેશન્સ) દ્વારા સમજૂતીઓ સાધવાની પ્રથા હજુ સુધી પડી નહોતી, તે જોતાં લાગે છેકે 'વૉશિંગ્ટન પરિષદે' તેની મર્યાદિત સફળતામાં પણ ઘણું સાધ્યું હતું."

— એક હકીકત

પ્રકરણની રૂપરેખા

1. **વૉશિંગ્ટન પરિષદ (1921-'22)**

(अ) પ્રાસ્તાવિક

(ब) **વૉશિંગ્ટન પરિષદના હેતુઓ અને કામગીરી :**

(અ) નૌકાદળ વિશે પાંચ રાષ્ટ્રોની સંધિ

(બ) પરસ્પર હિત-વિસ્તાર વિશે ચાર રાષ્ટ્રોની સંધિ

(ક) ચીન અંગે નવ રાષ્ટ્રોની ખુલ્લાં દ્વારની નીતિ

(ડ) ચીન અને જાપાન વચ્ચે શાન્ટુંગના પ્રદેશ વિશે બે રાષ્ટ્રોની સંધિ

(ઈ) ચીનમાં વિદેશી સત્તાઓના વિશેષાધિકારો નાબૂદ કરવા અંગેની નવ રાષ્ટ્રોની સંધિ

(क) **ઉપસંહાર - વૉશિંગ્ટન પરિષદની કામગીરીનું મૂલ્યાંકન**

1. વૉશિંગ્ટન પરિષદો

પ્ર. 2. વૉશિંગ્ટન પરિષદના હેતુઓ સમજાવી તેની કામગીરીનું મૂલ્યાંકન કરો.
(સૌ. યુ. 2003, 2004, 2009, 2011)

➤ **વૉશિંગ્ટન પરિષદ દરમિયાન લેવાયેલ નિર્ણયો પર નોંધ લખો.**

➤ **નોંધ લખો :**

(1) વૉશિંગ્ટન પરિષદો

(2) વૉશિંગ્ટન પરિષદની મુખ્ય સંધિઓ

[મુખ્ય મુદ્દાઓ : (अ) પ્રાસ્તાવિક (ब) વૉશિંગ્ટન પરિષદના હેતુઓ અને કામગીરી : (1) વૉશિંગ્ટન પરિષદના હેતુઓ (2) વૉશિંગ્ટન પરિષદની કામગીરી : (અ) નૌકાદળ વિશે પાંચ રાષ્ટ્રની સંધિ (બ) પારસ્પરિક હિત વિસ્તાર વિશે ચાર રાષ્ટ્રોની સંધિ (ક) ચીન અંગે નવ રાષ્ટ્રોની ખુલ્લા દ્વારની નીતિ (ડ) ચીન અને જાપાન વચ્ચે શાન્ટુંગના પ્રદેશ વિશે બે રાષ્ટ્રોની સંધિ (ઈ) ચીનમાં વિદેશી સત્તાઓના વિશેષાધિકારો નાબૂદ કરવા અંગેની નવ રાષ્ટ્રોની સંધિ (ક) ઉપસંહાર.]

(अ) પ્રાસ્તાવિક

પ્રથમ વિશ્વવિગ્રહ પછી, દૂરપૂર્વમાં-પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં જાપાન, એક મહાસત્તા તરીકે આગળ આવ્યું હતું. ઈંગ્લેન્ડ અને અમેરિકા બંને તેની આગેકૂચને શંકાની નજરે જોતા હતા.જાપાનને પણ એની ખાતરી હતી કે તેની વિરુદ્ધમાં અમેરિકા અને ઈંગ્લેંડ જોડાઈ જાય તો તેને મુશ્કેલી પડવાની છે. અમેરિકાએ દૂરપૂર્વમાં ફિલિપાઈન્સ ટાપુઓનો પ્રદેશ મેળવ્યો હતો. 1921માં અમેરિકાએ પોતાની રાજધાની વૉશિંગ્ટનમાં એક પરિષદ બોલાવી. તેમાં ત્રણ મહાસત્તાઓએ સક્રિય ભાગ લીધો. ઈંગ્લેન્ડ, અમેરિકા અને જાપાન. **તેનો મુખ્ય હેતુ દૂરપૂર્વમાં હિત ધરાવતી સત્તાઓ વચ્ચે નિઃશસ્ત્રીકરણ કરવાનો બતાવવામાં આવ્યો હતો.** પરંતુ ત્રણે સત્તાઓને પોતાનો સ્વાર્થી દૃષ્ટિકોણ સાધવો હતો. આ પરિષદમાં ઉપરની ત્રણ સત્તાઓ ઉપરાંત, ફ્રાંસ ઈટાલી, બેલ્જિયમ, પોર્ટુગલ, હોલેન્ડ અને ચીન મળીને કુલ નવ રાજ્યોએ ભાગ લીધો હતો. બીજા રાજ્યો નામ માત્ર હાજર રહ્યાં હતાં. જેથી પોતાની હાજરીથી બને તેટલો લાભ લઈ શકાય. તેનું ઉદ્ઘાટન પ્રમુખ હાર્ડિન્જે કર્યું હતું. તેનો અધ્યક્ષ ચાર્લ્સ હયુજી હતો. તેમાં થયેલી નૌકાદળની સંધિ સૌથી મહત્ત્વની હતી. મહાસત્તાઓની નૌકાશક્તિ વિકસાવવાની હરીફાઈ ઓછી થઈ અને તેના પર નિયંત્રણો મૂકાયા અને મહાસત્તાઓના સંઘર્ષના મુદ્દા નિવારી શકાયા.

(ब) વૉશિંગ્ટન પરિષદના હેતુઓ અને કામગીરી

(1) વૉશિંગ્ટન પરિષદના હેતુઓ :

વૉશિંગ્ટન પરિષદનો મુખ્ય અને એકમાત્ર હેતુ તો એ હતો કે દૂરપૂર્વમાં સ્વાર્થ

ધરાવતા રાષ્ટ્રો જેમ કે ઇંગ્લેન્ડ, અમેરિકા અને જાપાન વચ્ચે નિઃશસ્ત્રીકરણ કરવાનો હતો. જો કે આ પરિષદને યજમાન રાષ્ટ્ર તરીકે અમેરિકા એ બોલાવી હતી. અમેરિકાએ તેના જે હેતુઓ જાહેર કર્યા હતા તે નીચે મુજબના હતા :

(1) વિશ્વ રાજકારણમાં સંઘર્ષ કેન્દ્રોના નિવારણ માટે મહાસત્તાઓ વચ્ચે સમાધાનના મુદ્દાઓ શોધવા.

(2) પેસિફિક મહાસાગરમાં જાપાનની વધતી જતી સત્તાને અંકુશમાં રાખવાના ઉપાયો શોધવા. તેને માટે જાપાન સહિત હિત ધરાવતા રાષ્ટ્રોને સંમત કરવા.

(3) પેસિફિક મહાસાગરમાં, સત્તાઓ વચ્ચે નૌકાદળની હરીફાઈ ચાલે છે તેના પર અંકુશ રાખવો.

વૉશિંગ્ટન પરિષદના અમેરિકાના ઉપરના હેતુઓ સાથે ઇંગ્લેન્ડ સહમત હતું. જાપાનની વધતી જતી સત્તા પર અંકુશ લાવવાની, ઇંગ્લેન્ડ અને અમેરિકા બંનેને જરૂર લાગતી હતી. તેમના આ હેતુથી જાપાન પણ અવગત હતું. પરિચિત હતું. પરંતુ તેને અમેરિકા અને ઇંગ્લેન્ડની સંયુક્ત તાકાતનો ભય લાગતો હતો. તેથી આ પરિષદમાં હાજર રહીને પોતાને વધુ નુકસાન થાય નહિ. તે માટે જાપાને તેમાં હાજરી આપી હતી. તેને-જાપાનને વધુ સલામતીની ખાતરી જોઈતી હતી.

(2) વૉશિંગ્ટન પરિષદની કામગીરી :

વૉશિંગ્ટન પરિષદ 12મી નવેમ્બર, 1921ના દિવસે મળી હતી. તેનું ઉદ્‌ઘાટન અમેરિકાના પ્રમુખ હાર્ડિન્જે કર્યું હતું. તેમાં અમેરિકાના પ્રતિનિધિ મંડળની નેતાગીરી વિદેશમંત્રી **ચાર્લ્સ હ્યુજી**એ સંભાળી હતી. અમેરિકાના પ્રમુખના ઉદ્‌ઘાટન સંબોધન પછી, ચાર્લ્સ હ્યુજીના પ્રમુખપદે વૉશિંગ્ટન પરિષદે કામગીરીની શરૂઆત કરી. ચર્ચા પછી અને લંબાણપૂર્વકની વાટાઘાટો પછી પેસિફિક મહાસાગરમાં સંઘર્ષ નિવારવા માટે **સંધિઓ** કરીને નક્કર પગલાં લેવામાં આવ્યા. વૉશિંગ્ટન પરિષદમાં નીચે **મુજબની પાંચ** સંધિઓ કરવામાં આવી. (અ) નૌકાદળ વિશે પાંચ રાષ્ટ્રોની સંધિ (બ) **પારસ્પરિક હિત** વિસ્તાર વિશે ચાર રાષ્ટ્રોની સંધિ (ક) ચીન અંગે નવ રાષ્ટ્રોની **ખુલ્લા દ્વારની** નીતિ (ડ) **ચીન** અને જાપાન વચ્ચે શાન્ટુંગ પ્રદેશ વિશે બે રાષ્ટ્રોની સંધિ (ઈ) ચીનમાંથી **વિદેશી** સત્તાઓના વિશેષાધિકારો નાબૂદ કરવા અંગેની નવ રાષ્ટ્રોની સંધિ.

(અ) નૌકાદળ વિશે પાંચ રાષ્ટ્રોની સંધિ : આ સંધિ અમેરિકા, ઇંગ્લેન્ડ, જાપાન, ઇટાલી અને ફ્રાંસ વચ્ચે થઈ હતી. દરેકે નૌકાદળમાં ઘટાડો કરવાની કબૂલાત

આપી. આ પાંચ સત્તા હવે પછીના 10 વર્ષ સુધી યુદ્ધ જહાજો બાંધશે નહિ. વળી તેમણે કેટલા યુદ્ધ જહાજો, વિનાશિકાઓ, ક્રુઝરો, સબમરીનો રાખવી તે પણ નક્કી કરવામાં આવ્યું. તે મુજબ ઇંગ્લેન્ડ, અમેરિકા અને જાપાન 5 : 5 : 3ના પ્રમાણમાં તથા ઈટાલી અને ફ્રાંસે 1.75 અને 1 : 75નું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું. વળી, અમેરિકાએ ગુઆમ અને ફિલિપાઇન્સમાં ઇંગ્લેન્ડે હોંગકોંગમાં અને જાપાને ક્યુરાઈલ, બોનીન અને ફોર્મોસા તથા પેસ્કાદોરાસમાં કિલ્લાબંધી નહિ કરવાનું પણ સ્વીકાર્યું. **આ પ્રમાણે, આ સંધિથી પેસિફિક મહાસાગરમાં, મહાસત્તાઓ વચ્ચે, નૌકાદળ વધારવાની જે હરીફાઈ હતી તેનો અંત આવ્યો.** એ પ્રમાણે થયું ન હોત તો બધા વચ્ચે ભારે શસ્ત્ર હરીફાઈ થઈ હોત. પેસિફિક મહાસાગરમાં સંઘર્ષના પ્રસંગો ઓછા કરવાનો એક હેતુ અહિંયા પૂરો થયો હતો.

(બ) પારસ્પરિક હિત વિસ્તાર વિશે ચાર રાષ્ટ્રોની સંધિ : આ સંધિ ચાર રાષ્ટ્રો-ઇંગ્લેન્ડ, અમેરિકા, જાપાન અને ફ્રાંસ વચ્ચે થઈ હતી. એ મુજબ, પેસિફિક વિસ્તારમાં જે સત્તા પાસે જે પ્રભાવક્ષેત્ર હોય તે પ્રત્યેકે માન્ય રાખવો. તેમાં મતભેદ થાય તો ચારે સત્તાઓની પરિષદ બોલાવી તેનો નિકાલ લાવવો. આનાથી ઇંગ્લેન્ડ અને જાપાન વચ્ચેની સંધિનો અંત આવ્યો અને જાપાનના આક્રમણનો ભય અમેરિકા ઉપરથી ગયો. આમ, આ સંધિથી પરિષદનો બીજો હેતુ પણ સિદ્ધ થયો.

(ક) ચીન અંગે નવ રાષ્ટ્રોની ખુલ્લા દ્વારની નીતિનો સ્વીકાર : આ સંધિ દ્વારા નવ રાષ્ટ્રોએ સ્વીકાર્યું કે ચીન સ્વતંત્ર રાષ્ટ્ર છે, તેની પ્રાદેશિક અખંડિતતાને માન આપવું. ચીનમાં ખાસ અધિકારો મેળવવા કોઈએ પ્રયત્નો કરવા નહિ અને ચીનમાં બધા રાષ્ટ્રોને વેપારની સમાન તક આપવી. પેસિફિક મહાસાગરના વિસ્તારમાં કોઈ યુદ્ધ થાય અને તેમાં ચીનને તટસ્થ રહેવું હોય તો તેને સ્વતંત્રતા આપવી. **આ સંધિ અમેરિકાની મુત્સદ્દીગીરીનો વિજય હતો અને તેનાથી અમેરિકાની ખુલ્લા દ્વારની નીતિને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ મળી હતી.**

(ડ) ચીન અને જાપાન વચ્ચે શાન્ટુંગ પ્રદેશ વિશે બે રાષ્ટ્રોની સંધિ : પહેલા વિશ્વયુદ્ધ વખતે જાપાને ચીનનો શાન્ટુંગ પ્રદેશ કબજે કરી લીધો હતો. **આ સંધિ** દ્વારા, જાપાને શાંટુંગનો પ્રદેશ ચીનને પાછો આપવાનું નક્કી કર્યું. આથી, **વર્સેલ્સ**ની સંધિમાં ચીન જે મેળવી શક્યું નહોતું તે વૉશિંગ્ટન પરિષદમાં મેળવી લીધું. **આ પણ, અમેરિકન મુત્સદ્દીગીરીનો જ વિજય હતો.**

(ઈ) ચીનમાં વિદેશી સત્તાઓના વિશેષાધિકારો નાબૂદ કરવા અંગે નવ રાષ્ટ્રોની સંધિ : આ સંધિ મુજબ એમ નક્કી થયું કે ચીનમાં વસતા વિદેશીઓના જાન

મિલકતની સલામતીની, ચીનની સરકાર બાંહેધરી આપે ત્યારથી ચીનમાંથી વિદેશી લશ્કરો ક્રમશઃ હટાવી લેવા અને વિદેશી સત્તાઓએ ચીનમાં જે વિશેષાધિકારો હતા તેનો તેમણે ત્યાગ કરવો. ચીન પોતાનું ન્યાયતંત્ર સુધારે-આધુનિકરણ કરે ત્યારે વિદેશી નાગરિકોને પણ ચીનની અદાલતોમાં કાર્યક્ષેત્ર હેઠળ મૂકવામાં આવે.

(ક) ઉપસંહાર - વૉશિંગ્ટન પરિષદનું મૂલ્યાંકન

વૉશિંગ્ટન પરિષદ, પેસિફિક વિસ્તારમાં શાંતિ અને સલામતીની સ્થાપનામાં એક જ્વલંત વિજય હતો. તત્કાલીનં રાજકારણના પ્રવાહો તરફ નજર કરતાં, આંતરરાષ્ટ્રીય રાજકારણમાં જ્યારે લીગ-ઓફ-નેશન્સે પણ આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ સાધવાની પ્રથા પાડી નહોતી. એવા સમયે નવ રાષ્ટ્રો વચ્ચે આંતરરાષ્ટ્રીય સમજૂતી સાધવાનું કાર્ય, વૉશિંગ્ટન પરિષદે કરી બતાવ્યું હતું. **આ તેની મહાન સફળતા ગણાવી શકાય. વોલ્ટર લીપમેન** પણ કબૂલ કરે છે કે, "વૉશિંગ્ટન પરિષદ, એ શાંતિપૂર્ણ મંત્રણાઓ અને નિઃશસ્ત્રીકરણની દિશામાં મહાન સિદ્ધિ હતી." ટૂંકાણમાં કહી શકાય કે વૉશિંગ્ટન પરિષદ પોતાના જાહેર કરેલા બધા હેતુઓ પાર પાડવામાં સંપૂર્ણપણે સફળ તો નહોતી નીવડી, પરંતુ તેની મર્યાદિત સફળતામાં પણ તેની મહાન સિદ્ધિ સમાયેલી હતી.

વૉશિંગ્ટન પરિષદ જ્યારે બોલાવવામાં આવી હતી ત્યારે પણ તેમાં કોઈ આશ્ચર્યજનક પરિણામો આવશે. અથવા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં તેનાથી કોઈ મોટો ફેરફારો થશે તેમ કોઈ માનતું નહોતું. આથી તે પરિષદની ફલશ્રુતિ સ્વરૂપે જે સંધિઓ થઈ તેનાથી કોઈને ખાસ ઉત્સાહ કે દુઃખ જેવું પણ થયું નહિ. **માત્ર મર્યાદિત અર્થમાં તે સફળ થઈ કહેવાય.** છતાં તેમાં જમા પાસાં તો ચોક્કસ હતાં જ. તેનું વિવરણ નીચે મુજબ કરી શકાય.

(1) વૉશિંગ્ટન પરિષદોથી નૌકાદળમાં સંપૂર્ણ કાપ મૂકી શકાયો નહિ. જોકે તેનો એવો હેતુ પણ નહોતો. આમ છતાં, પ્રશાંત મહાસાગરમાં - પેસિફિકમાં મહાસત્તાઓએ કેટલું નૌકાદળ રાખવું, તે અંગે સમજૂતી સાધવામાં આવી. તેનાથી પેસિફિક મહાસાગરમાં, મહાસત્તાઓ વચ્ચેના સંઘર્ષના મુદ્દાઓ નિવારી શકવાનો સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો.

(2) ચીન અંગેની, અમેરિકાની નીતિ તથા વલણોને હવે, એક રીતે "આંતરરાષ્ટ્રીય કાનૂન"નું સ્વરૂપ મળી ગયું. પ્રારંભથીજ અમેરિકા ચીનમાં 'ખુલ્લાં દ્વાર'ની નીતિનું હિમાયત કરતું હતું. આ વૉશિંગ્ટન પરિષદમાં, મહાસત્તાઓએ તે નીતિને મંજૂરીની મહોર મારી દીધી હતી.

(3) જાપાનની વધતી જતી, સામ્રાજ્યવાદી મહત્ત્વકાંક્ષા સામે ચીનને પ્રથમવાર મહાસત્તાઓ તરફથી રક્ષણની બાંયધરી મળી. તેનાથી આ સમય પૂર્વે, ચીનમાં મહાસત્તાઓને જે વિશિષ્ટાધિકારો મળ્યા હતા તે નાબૂદ તો થયા નહિ, છતાં તેમાં સાર્વભૌમત્વ પર હવે વધુ તરાપ મારવામાં નહીં આવે તેની ખાતરી પ્રાપ્ત થઈ, **તે એ વખતે ચીનમાં જે અવ્યવસ્થા હતી. તે જોતાં ઘણો મોટો લાભ કહેવાય.**

(4) ચીન અને જાપાન વચ્ચે, બે રાષ્ટ્રોની જે સંધિ થઈ તેનાથી જાપાને શાંટુંગનો પ્રદેશ ચીનને પાછો આપવાનું નક્કી કર્યું. **આથી વર્સેલ્સની સંધિમાં, ચીને જે મેળવ્યું નહોતું. તે વૉશિંગ્ટન પરિષદમાં મેળવી લીધું એમ કહેવાય.**

(5) અલબત્ત, વૉશિંગ્ટન પરિષદમાં સૌથી વધારે ફાયદાઓ જાપાનને થયા. તેને પેસિફિકમાં રાખવાના નૌકાદળનું પ્રમાણ, બ્રિટન અને અમેરિકાથી ઓછું હતું તથા પેસિફિકમાં તેના ટાપુઓમાં તેને કિલ્લેબંધી કરવાની મનાઈ હતી છતાં તેના બદલામાં તેણે **એકતો,** અમેરિકા અને બ્રિટન તરફના સંભવિત આક્રમણ સામે સલામતી મેળવી અને **બીજું,** ચીનમાં મંચુરિયાને પોતાના વર્ચસ્વવિસ્તાર તરીકે તેણે અમેરિકા અને બીજી સત્તાઓને સ્વીકારવાની ફરજ પાડી હતી. આથી ત્યાં, ભવિષ્યમાં, જાપાન જે પગલાં ભરે, તેનો સ્વીકાર થશે તેવી તેણે જાણેકે બાંયેધરી મેળવી લીધી હતી. **આમ, એ દૃષ્ટિએ વૉશિંગ્ટન પરિષદમાં** અમેરિકા, બ્રિટન, ફ્રાંસ તથા ચીનની તુલનામાં, જાપાનને વધારે ફાયદા થયા હતા. તેમ કહી શકાય.

પ્રકરણ-3 : ડૉ. સુન-યાત-સેન, કારકિર્દી અને સિદ્ધિઓ (ડૉ. સેનનો કુઓ-મિન-તાંગ પક્ષ)

"ચીનનું એક રાષ્ટ્ર તરીકેનું સર્જન અને વિશ્વના રાજકારણમાં તેની તે પ્રકારની સ્વીકૃતિ, મહદ્અંશે ડૉ. સુન-યાત-સેન તથા 'કુવો-મિન-તાંગ' પક્ષની સિદ્ધિ હતી."

– એક હકીકત

❀ ❀ ❀

"ડૉ. સુન-યાત-સેન ચીનની રાષ્ટ્રીય ચળવળમાં રહેલા સમગ્ર આદર્શવાદના અને નવનિર્મિત "કુવો-મિન-તાંગ" નાં બધા જ ક્રાંતિકારી તત્ત્વોના પ્રતિક બની ગયા હતા. જે પ્રમાણે **કોન્ફ્યુશિયસ**, પ્રાચીન ચીનના પથદર્શક મહાત્મા હતા. તેજ રીતે હવે 20 મી સદીમાં તેમનું સ્થાન, ડૉ.સુન-યાત-સેન લેવાના હતા."

– પોલ. એચ. કલાઈડ

❀ ❀ ❀

"ડૉ. સુન-યાત-સેનના અવસાનથી (1925) ચીનની જનતાએ, જ્યારે તેમને ખરેખર જરૂર હતી ત્યારે જ એક મહાન નેતા ગુમાવ્યો. ચીનના રાષ્ટ્રીય ઈતિહાસમાં ડૉ. સુન-યાત-સેનનું નામ ઈટાલીના મેઝીની અને ગેરીબાલ્ડી, હંગેરીના કોસૂથ, ભારતના મહાત્મા ગાંધીજી અને રશિયાના લેનિનની જેમ, એક 'રાષ્ટ્રપિતા' તરીકે પ્રકાશે છે."

– એક ઐતિહાસિક સત્ય

પ્રકરણની રૂપરેખા

1. **ડૉ. સુન-યાત-સેન (1866 થી 1925)**
   - (અ) પ્રાસ્તાવિક
   - (બ) શરૂઆતની કારકિર્દી
   - (ક) ક્રાંતિ દળની રચના
   - (ડ) 1911ની ચીનની ક્રાંતિ, ડૉ. સુનની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ-કુવોમિનતાંગ પક્ષનો જન્મ
   - (ઇ) કુવોમિગતાંગ પક્ષની નવેસરથી રચના-સામ્યવાદી પક્ષના ધોરણો પર
   - (ફ) કુઓમંગતાંગ પક્ષના પાયાના સિદ્ધાંતો (1) રાષ્ટ્રવાદ (2) લોકશાહી (3) જનતાની આર્થિક ઉન્નતિ
   - (જ) ડૉ. સુન-યાત-સેનનું અવસાન તથા મૂલ્યાંકન

1. ડૉ. સુન-યાત-સેન (1866-1925)

પ્ર. 3. ડૉ. સુન-યાત-સેનની કારકિર્દી જણાવો અને ચીનમાં રાષ્ટ્રવાદના વિકાસમાં તેમનો ફાળો ચર્ચો. (સૌ.યુ. 2002, 2004)

➤ ડૉ. સુન-યાત-સેનની કારકિર્દી બતાવો.

➤ ડૉ. સુન-યાત-સેનનાં કાર્યોનું મૂલ્યાંકન કરો. (સૌ.યુ '06, '09, '11)

➤ ડૉ. સુન-યાત-સેનની કારકિર્દીનું અવલોકન કરી, તેમની સિદ્ધિઓનું વર્ણન કરો.

➤ કુઓ-મિન-તાંગ પક્ષની રચના, ધ્યેયો અને કાર્યક્રમનો ખ્યાલ આપો. આ ધ્યેયો પૂર્ણ કરવામાં તે કેટલે અંશે સફળ થયો ?

➤ 'આધુનિક ચીનના રાષ્ટ્રપિતા' તરીકે, ડૉ. સુન-યાત-સેનનું મૂલ્યાંકન કરવાનું કયાં સુધી યોગ્ય છે ?

➤ નોંધ લખો : (1) ડૉ. સુન-યાત-સેન (2) કુઓ-મિંગ-તાંગ પક્ષ.

[મુખ્ય મુદ્દાઓ : (અ) પ્રાસ્તાવિક (બ) ડૉ. સુન-યાત-સેનની કારકિર્દી અને સિદ્ધિઓ : તથા કુઓ-મિંગ-તાંગ પક્ષ : (1) શરૂઆતની કારકિર્દી (2) ક્રાંતિદળની રચના (3) 1911 ની ચીનની ક્રાંતિ અને ડૉ. સુનની પ્રવૃત્તિઓ (4) કુવો-મિંગ-તાંગ પક્ષની નવેસરથી રચના - સામ્યવાદી ધોરણો પર (5) કુઓ-મિંગ-તાંગ પક્ષના પાયાના સિદ્ધાંતો - રાષ્ટ્રવાદ, લોકશાહી, જનતાની આર્થિક ઉન્નતિ (ક) ડૉ. સુન-યાત-સેનનું મૂલ્યાંકન]

(અ) પ્રાસ્તાવિક

પોલ એચ. કલાઈડ લખે છે કે, "**ડૉ. સુન-યાત-સેન** ચીનની રાષ્ટ્રીય ચળવળમાં રહેલા, સમગ્ર આદર્શવાદનાં તથા નવનિર્મિત 'કુઓ-મિંગ-તાંગ' પક્ષનાં બધા જ ક્રાંતિકારી તત્ત્વોના મૂર્તિમંત પ્રતિક બની ગયા હતા. જે પ્રમાણે, **કોનફ્યુશિયસ** પ્રાચીન ચીનના પથદર્શક હતા, તેજ રીતે હવે, 20મી સદીમાં તેમનું સ્થાન ડૉ. સુન-યાત-સેન લેવાના હતા." **1911માં ચીનમાં જે ક્રાંતિ થઈ, તેમાં બલિદાન આપીને પણ, ડૉ. સુન-યાત-સેને મંચુ રાજાશાહીનો** અંત આણ્યો, પરંતુ એ યુગમાં પણ, ચીનની આમજનતામાં, રાષ્ટ્રીય જાગૃતિ કે રાષ્ટ્રભિમાનની ભાવના આવી ન હોતી. અલબત, ચીનના બુદ્ધિશાળી વર્ગમાં, રાજકીય નેતાઓમાં તથા રાજદ્વારી વ્યક્તિઓમાં, રાષ્ટ્રવાદી ભાવનાની અસર તીવ્રપણે હતી જ તથા 1919ની પેરિસની શાંતિ પરિષદમાં અને ત્યાર પછી, 1922માં - વૉશિંગ્ટન પરિષદમાં, ચીનના પ્રતિનિધિઓએ બતાવેલી, રાષ્ટ્રીય જાગૃતિ જરૂર જોવા મળી છે, પરંતુ સામાન્ય જનસમૂહ તો હજુ પણ પુરાણી પ્રણાલિકાઓ અને કોનફ્યુશિયસના આદર્શોને વળગી રહયો હતો. સમગ્ર રાષ્ટ્રમાં ઠેરઠેર ઝઘડાઓ, સત્તાની ખેંચતાણો, અવ્યવસ્થા, આર્થિક દુર્દશા અને અંધાધૂંધી વ્યાપેલી હતી. તેમાંથી એક બળવાન, સાર્વભૌમ અને અંખડ રાષ્ટ્ર તરીકેનું ચિત્ર ઉપસ્થિત થવાનું ઘણું મુશ્કેલ લાગતું હતું. પરંતુ, આ લગભગ અશક્ય લાગતું કાર્ય, એક વ્યક્તિની અદમ્ય દેશ ભક્તિ, અપ્રતિમ, સ્વાર્થ ત્યાગ તથા સતત ક્રિયાશીલ રહેવું અને ધ્યેય પાછળ મંડ્યા રહેવાની તિતિક્ષાએ પાર પાડ્યું. તે વ્યક્તિ હતી ડૉ. સુન-યાત-સેન. તેમનું સ્વપ્ન હતું,

એક 'બળવાન રાષ્ટ્રનું' - તે ચીન બને. તે સ્વપ્ન, તેમણે સ્થાપેલા, 'કુવો-મિંગ-તાંગ' પક્ષે સિદ્ધ કરી બતાવ્યું. કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ વિના કહી શકાય કે, ચીનનું એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકેનું સર્જન તથા વિશ્વના રાજકારણમાં, **તેની એ પ્રકારની સ્વીકૃતિ, મહદ્અંશે-ખરી રીતે સંપૂર્ણપણે-ડૉ. સુન-યાત-સેન અને તેમનાં કુઓ-મિંગ-તાંગ' પક્ષની જ હતી.**

અહીં એ નોંધવું જોઈએ કે ડૉ. સુનની કારકિર્દી અને 'કુઓ-મિંગ-તાંગ' પક્ષની કાર્યવાહી બંને એકબીજામાં ઓતપ્રોત હતી, તેથી તેમની કારકિર્દી અને 'કુઓ-મિંગ-તાંગ' પક્ષની કાર્યવાહીનું વર્ણન સાથેસાથે કરતા રહીશું.

(બ) ડૉ. સુન-યાત-સેનની કારકિર્દી અને સિદ્ધિઓ તથા 'કુઓ-મિંગ-તાંગ' પક્ષ

1. ડૉ. સુનની શરૂઆતની કારકિર્દી :

ડૉ. સુનનો જન્મ, 1866માં, ચીનના કેન્ટોન પ્રાંતમાં એક શિક્ષકને ત્યાં થયો હતો. આ પ્રદેશ હંમેશાં પ્રગતિશીલ અને ક્રાંતિકારી રહ્યો હતો. અહીં પશ્ચિમની પ્રજાઓ પણ આવીને વસી હતી, આથી આ પ્રાંતના લોકો અન્ય રૂઢિચુસ્ત લોકોની તુલનામાં વધુ પ્રગતિશીલ અને ક્રાંતિકારી હતા. એવા મુક્ત વાતાવરણની અસર ડૉ. સુન ઉપર થયેલી. વળી તેમના પિતા શિક્ષક હતા. તેમની વિચારધારાની અસર પણ થયેલી. હવાઈ ટાપુઓમાં તેમણે અંગ્રેજીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હોવાથી તેની અસર પણ થઈ. અહીં તેમણે ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો હતો. એ પછી, તેઓ હોંગકોંગ ગયા અને ત્યાં વૈદકશાસ્ત્રનો અભ્યાસ કરીને, ડૉક્ટરની ઉપાધી-પદવી મેળવી હતી. અહીં, વૈદકશાસ્ત્રના અભ્યાસ સાથે, તેમને એ બાબતની પ્રતીતિ થઈ કે, પશ્ચિમના લોકો કેળવણી મેળવીને બળવાન બન્યા છે અને તેમનો દેશ-ચીન પુરાણી તથા રૂઢિચુસ્ત બાબતોમાં સબડતો આવ્યો છે તેથી પોતાના રાષ્ટ્રનો ઉદ્ધાર કરવાની તમન્ના અહીં તેમને થઈ હતી અને પોતાની બધી જ શક્તિઓ પોતાના રાષ્ટ્ર માટે ન્યોછાવર કરવાનું તેમને વ્રત લીધું હતું.

2. ક્રાંતિકારી દળની રચના :

ચીનનો ઉદ્ધાર કરવા માટે તેમણે,પોતાની જેમ વિચારધારા ધરાવતા યુવાનોનું એક જૂથ ઊભું કર્યું અને આંદોલનની શરૂઆત કરી તેમણે મવાળમાર્ગ ત્યજીને **ત્રાસવાદી પ્રવૃત્તિ શરૂ કરી.** 1894-'95માં તેમણે એક **ક્રાંતિકારી દળ**-સિંગ-ચુંગ-હુઈ-ની રચના કરી. તેનો મુખ્ય આશય મંચુ-રાજ્યવંશને ઉથલાવીને, પ્રજાસત્તાક અને સ્વતંત્ર તથા પ્રગતિશીલ ચીનની સ્થાપના કરવાનો હતો. આથી મંચુ સરકારે તેમની સામે જલદ પગલાં લીધાં. તેઓ જાપાન તરફ નાસી ગયા.

એ સમયે પણ, ચીનના કેટલાક યુવાનો પાશ્ચાત્ય કેળવણીનું મહત્ત્વ સમજતા હતા, તેથી તેઓ જાપાનમાં વધારે ખર્ચ થાય નહિ તેથી ત્યાં જતા હતા. ડૉ. યુઆને એવા યુવાનોમાં પોતાના રાષ્ટ્રના ભાવિ ઉદ્ધારનો માર્ગ જોયો અને તેમની સાથે સંપર્ક વધારીને તેમણે 1905માં, **'તુંગ-મેંગ-હુઈ'** (સામાન્ય મૈત્રી સંઘ) નામે નવા પક્ષની સ્થાપના કરી. આ સંઘનો હેતુ પણ, ચીનમાંથી ક્રાંતિ કરીને રાજાશાહીને નાબૂદ કરવાની હતી. પ્રજાસત્તાકની સ્થાપના કરવાની હતી. **ટોકિયોમાંથી,** તેમણે પક્ષનું જાહેરનામું બહાર પાડ્યું હતું અને પક્ષનો ક્રાંતિકારી કાર્યક્રમ બહાર પાડ્યો હતો કે (1) જમીનની પુનઃવહેંચણી કરવી. (2) ત્રણ તબક્કે ક્રાંતિ લાવવી. (અ) લશ્કરી બળ વડે સરકારને ઉથલાવી દેવી. (બ) ત્યારપછી લશ્કરી શાસન દરમ્યાન, પ્રજાને લોકશાહી માટે તૈયાર કરવી અને (ક) છેવટે રાષ્ટ્રમાં 'સંસદીય પ્રકાર'ની લોકશાહી સ્થાપવી. આ પક્ષ, ચીનમાં વધારે લોકપ્રિય બન્યો નહિ. તેની સભ્યસંખ્યા બહુ જ ઓછી હતી. તેમાં વિદેશોમાંથી કેળવણી પ્રાપ્ત કરેલા, વિદ્યાર્થીઓ જોડાયા હતા. તે રાષ્ટ્રીય પક્ષ બની શક્તો નહોતો. તેનું કાર્યક્ષેત્ર કેન્ટોનથી આગળ વધી શક્યું નહિ. છતાં, 1911 ની ચીનની પ્રખ્યાત ક્રાંતિમાં, આ પક્ષે પણ મહત્ત્વની કામગીરી બજાવી હતી. આ પક્ષના સ્થાપક ડૉ. સુન-યાત-સેન હવે સમગ્ર ચીનમાં જાણીતા બન્યા હતા: ક્રાંતિકારી પ્રજાસત્તાકના પ્રમુખ તરીકે તેમની ચૂંટણી થઈ હતી. પરંતુ તેમણે, મંચુ રાજાશાહીનો અંત લાવવા યુઆન-શી-કાઈની તરફેણમાં પોતાના હોદ્દાનું બલિદાન આપ્યું હતું. **આમ કરીને, ડૉ. સુન-યાત-સેને, દેશભક્તિનું સુંદર** ઉદાહરણ, **ઈટાલીના ગેરીબાલ્ડી જેમ પૂરું પાડ્યું હતું.**

3. 1911 ની ક્રાંતિ પછી, ડૉ. સુનની પ્રવૃત્તિઓ :

ચીનમાં, 1911 માં મહાન ક્રાંતિ થઈ હતી અને મંચુ રાજાશાહીના અંત માટે, ડૉ. સુને પોતાના હોદ્દાનું બલિદાન આપ્યું હતું. તેમનો ક્રાંતિકારી પક્ષ સારી રીતે આગળ આવ્યો હતો. ડૉ. સુને હવે તેને રાષ્ટ્રવ્યાપી બનાવવા માટે નવું સ્વરૂપ આપ્યું. **તેને હવે કુઓ-મિંગ-તાંગ નામ મળ્યું. 1912. તેનો અર્થ થાય 'રાષ્ટ્રીય પક્ષ'.** 1911ની ક્રાંતિથી તેમનો એક ધ્યેય 'મંચુ-રાજાશાહીનો અંત' પૂરો થયો હતો, તેથી કુઓ-મિંગ-તાંગનું ધ્યેય હવે (અ) બંધારણીય શાસનની સ્થાપના અને (બ) પ્રજાસત્તાકની ઉન્નતિ, કરવાનો હતો. પરંતુ, જ્યાં સુધી, યુઆન-શી-કાઈ સત્તાસ્થાને હતો, ત્યાં સુધી તેનો ધ્યેય પરીપૂર્ણ થાય તેમ નહોતું. કારણ કે યુઆન-શી-કાઈને સર્વસત્તાધીશ બનવું હતું. આમ છતાં, 1914માં, નાનકિંગ-સંમેલને ઘડેલા બંધારણ મુજબ, ધારાસભાની ચૂંટણીઓ થઈ. તેમાં કુઓ-મિંગ-તાંગના ઉમેદવારો મોટી સંખ્યામાં ચૂંટાઈ આવ્યા પરંતુ સરકારની રચના કરી શકે તેટલા નહિ. અમુક સભ્યો તો યુઆનને પહેલેથીજ ટેકો આપતા હતા. ઘણાને યુઆને લાંચ-રુશ્વત અને બીજા ઉપાયો દ્વારા પોતાના

પક્ષમાં કરી લીધા. તેથી **યુઆન-શી-કાઈને** પ્રમુખ તરીકે ધારાસભાએ મંજૂર કર્યો. યુઆને કુવો-મિંગ-તાંગ પક્ષને ગેરકાયદે જાહેર કરીને, તેના નેતાઓની ધરપકડ શરૂ કરી. ડૉ. સુન-યાત સેન વિદેશમાં નાસી ગયા અને તેથી બચી ગયા.

આ પછી થોડાક સમય માટે, યુઆને સરમુખત્યારશાહી ચલાવી અને પોતાની રાજાશાહીની પુનઃસ્થાપના માટે પ્રયત્ન કર્યો, પરંતુ તે નિષ્ફળ ગયો. તેની સામેજે બળવો થયો હતો. તેમાં પુનર્જિવિત થયેલા 'કુવો-મિંગ-તાંગે' અગત્યનો ભાગ ભજવ્યો હતો. જૂન, 1916 માં યુઆનનું અચાનક અવસાન થયું. આ પછી ચીનમાં ભારે અંધાધૂધી અને સાઠમારી-સત્તાની ચાલી. કુવો મિંગ-તાંગ પક્ષ પણ ઘણો અવ્યવસ્થિત થઈ ગયો હતો. **ચેન-ચિયુંગ** નામનો સુબો સફળ થયો અને તેની સાથે 'કુવો-મિંગ-તાંગ' ભળી જતાં, પક્ષને શક્તિ મળી. કેન્ટોનમાં સાચી સરકાર બનાવવામાં આવી. પરંતુ ડૉ. સુન અને ચેન વચ્ચે મતભેદ થતાં ડૉ. સુન શાંધાઈ નાશી ગયા. ચેનનું તરત જ પતન થયું, ત્યારે ડૉ. સુન પાછા ચીન આવ્યા હતા.

4. કુવો-મિંગ-તાંગ પક્ષની સામ્યવાદી ધોરણો પર નવી રચના :

આ દરમ્યાન, રશિયામાં, પ્રખ્યાત બોલ્શેવિક ક્રાંતિ થઈ હતી; 1917. તેનાથી ચીનનો બુદ્ધિશાળી વર્ગ અને વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં આકર્ષાયા હતા. ડૉ. સુન પણ, સામ્યવાદની સિદ્ધિઓથી પ્રભાવિત થયા હતા. પરંતુ **ચીનના ઉત્કર્ષ માટે તો લોકશાહી પદ્ધતિ જ તેમને સ્વીકાર્ય હતી.** 1921માં **એડોલ્ફ જોસેફ**ને રશિયાએ સામ્યવાદી કાર્યક્રમમાં, કુવો-મિંગ-તાંગ પક્ષને રસ લેતો કરવા મોકલ્યો હતો. તેની સાથેની સમજૂતીમાં પણ, ડૉ. સુને જણાવ્યું હતું કે ચીનમાં 'લોકશાહી' ચાલે 'સામ્યવાદ' નહિ. **એડોલ્ફ જોસેફ** પણ ડૉ. સુન સાથે સહમત હતો. 'રાષ્ટ્રીય એકતા' અને 'પૂર્ણ સ્વતંત્રતા'ની સ્થાપના કરવામાં, રશિયાની સામ્યવાદી સરકાર 'કુવો-મિંગ-તાંગ'ને સંપૂર્ણ સહકાર આપશે એવી ખાતરી આપવામાં આવી. **સામ્યવાદ તો નહિ, પરંતુ સામ્યવાદ પક્ષની કાર્યવાહીથી, ડૉ. સુન ઘણા પ્રભાવિત થયા હતા. માઈકલ બોરોડીન નામના સામ્યવાદી બિરાદરને રશિયાએ, ડૉ. સુન પાસે મોકલ્યો અને તેની દોરવણી હેઠળ ડૉ. સુને 'કુવો-મિંગ-તાંગ' પક્ષની નવેસરથી રચના કરી.** તેમાં નીચેની બાબતોનો સમાવેશ થતો હતો.

(1) સમગ્ર રાષ્ટ્રભરમાં 'કુવો-મિંગ-તાંગ'ની શાખાઓ ખોલવામાં આવી, સભ્યો બનાવવામાં આવ્યા અને તેના હેતુઓનો પ્રચાર કરવામાં આવ્યો. પ્રત્યેક

સભ્યે પક્ષના નિશ્ચિત પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવાની હતી. મહિનામાં સમિતિની બેઠક બેવાર બોલાવવાની હતી. **સમિતિ પક્ષનો કાર્યક્ષમ નક્કી કરે, પ્રચારની પદ્ધતિ નક્કી કરે અને નાણાકીય વહીવટ ચલાવશે.**

(2) આ સ્થાનિક સમિતિઓ પર તે વિસ્તારના, મુખ્ય 'મથકની સમિતિ' તાલુકા સમિતિ અંકુશ રાખવાની હતી. એજ પ્રમાણે તાલુકા સમિતિ પર જિલ્લા તથા જિલ્લા સમિતિ પર પ્રાંતિય સમિતિ અંકુશ રાખે અને માર્ગદર્શન આપશે. **આમ, આવી સમિતિઓ દ્વારા સ્થાનિક કક્ષાએથી છેક પ્રાંતિક કક્ષા સુધી બધા સંપર્કમાં અને અંકુશમાં રહેવાનાં હતાં.**

(3) પ્રાંતિય સમિતિમાંથી, મધ્યસ્થ અખિલ ચીન "કુવો-મિંગ-તાંગ" પક્ષની રચના કરવાની હતી અને સભ્યોની ચૂંટણી પ્રાંતિય સમિતિઓના સભ્યો કરવાના હતા. **આ મધ્યસ્થ સમિતિ, રશિયન સામ્યવાદી પક્ષની "પોલિટ-બ્યુરો" જેવી હતી.** આવી રચનાથી, પક્ષનો પ્રચાર રાષ્ટ્રના ખૂણેખૂણે થવાનો હતો અને તેનો પ્રસાર પણ પક્ષની તાકાત વધવાની હતી. **પક્ષનું સંગઠન મજબૂત બનવાનું હતું, તે રાષ્ટ્રવ્યાપી બનવાનું હતું અને તેનાથી શક્તિશાળી રાષ્ટ્રીય સરકારની સ્થાપનાનો માર્ગ સરળ બનવાનો હતો.**

(4) એમ નક્કી કરવામાં આવ્યું કે, પક્ષનું વાર્ષિક અધિવેશન ભરવામાં આવે. દર વર્ષે જે વાર્ષિક અધિવેશન ભરાય તેમાં, રાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાંથી પ્રતિનિધિઓ આવે તથા પક્ષના કાર્યક્રમ અંગે ચર્ચાઓ કરે. 1924માં આવું રાષ્ટ્રજોગ અધિવેશન ભરવામાં આવેલું, તેમાં ડૉ. સુનને પક્ષની મહાસમિતિના પ્રમુખ ચૂંટવામાં આવ્યા, અને એવો નિર્ણય કરવામાં આવ્યો કે તેમને આજીવન પ્રમુખ બનાવવામાં આવે છે. તથા મહાસમિતિએ પસાર કરેલા પ્રસ્તાવને પણ ડૉ. સુન નામંજૂર કરી શકે છે. એ બતાવે છે કે તેમનું સ્થાન કેટલું ઊંચું હતું અને લોકોને તેમને માટે કેટલો ભક્તિભાવ હતો.

(5) પક્ષની પુનર્રચના માટે આ વિચારોની સાથે, પક્ષને મજબૂત કરવા તેની પાસે 'મજબૂત લશ્કર' પણ હોવું જોઈએ, એવી સામ્યવાદી વિચારસરણીને અનુસરીને સામ્યવાદી લશ્કરના સંગઠનનો અભ્યાસ કરવા માટે ડૉ. સુને પોતાના એક વફાદાર યુવાન સાથીદાર, ચ્યાંગ-કાઈ-રોકને રશિયા મોકલ્યો હતો. તેણે ત્યાં ત્રણ મહિના તાલીમ લીધી હતી, તેણે **વ્હોમ્પોઆમાં** લશ્કરી તાલીમશાળા સ્થાપી હતી. ત્યાં પક્ષના સભ્યો અને તેમાં આદર્શોમાં માનતા યુવાનોને લશ્કરી તાલીમ આપવા માંડી. **આથી પણ, 'કુઓ-મિંગ-તાંગ' પક્ષની લશ્કરી તાકાતમાં વધારો થયો હતો.**

5. કુઓ-મિંગ-તાંગ પક્ષના પાયાના સિદ્ધાંતો :

આમ, ડૉ. સુન-યાત-સેને પોતાના કુઓ-મિંગ-તાંગ પક્ષની પુનર્રચના સામ્યવાદી ધોરણે કરી હતી, પરંતુ તેમણે સ્પષ્ટપણે સામ્યવાદી-માર્કસવાદી વિચારસરણીનો ઈન્કાર કર્યો હતો. તેમના મતે એ ચીનને માફક આવે તેમ નહોતી. તેમની પુનર્રચનાનો આત્મા તો પ્રાચીન ચીનની સંસ્કૃતિ તથા આધુનિક પાશ્ચાત્ય સંસ્કૃતિના સુભગ સંમિશ્રણવાળી વિચારસરણીનો હતો. આનો સંપૂર્ણ વ્યવસ્થિત સ્વરૂપ, તેમણે, "કુઓ-મિંગ-તાંગ" પક્ષના પહેલા અધિવેશનમાં રજૂ કર્યો, 1924 આ સિદ્ધાંતોને તેમણે **"સાન-મિન-યૂ-આઈ - જનતાના** ત્રણ સિદ્ધાંતો" એવું નામ આપ્યું હતું. ટૂંકમાં તે નીચે મુજબ છે.

(1) જનતાનું રાષ્ટ્રપણું (મીન-ત્સુ) અથવા રાષ્ટ્રવાદ : પ્રારંભમાં, ડૉ. સુનનો રાષ્ટ્રવાદનો ખ્યાલ મંચુરાજવંશને ઉથલાવીને, ચીનમાં પ્રજાસત્તાકતંત્રની સ્થાપના કરવાનો હતો. 1912માં પ્રજાસત્તાક રાજયની સ્થાપના થઈ ત્યારે તેમનો આ ખ્યાલ **વિસ્તૃત** બન્યો. હવે તેમની નજર વિદેશી સત્તાઓના **સામ્રાજ્યવાદ** તરફ પણ ગઈ. તેમણે જોયું કે તેમનો દેશ, વિદેશી સામ્રાજયવાદ-એક નવા પ્રકારનો-ની નાગચૂડમાં ફસાયો છે અને અષ્ટપગા દરિયાઈ રાક્ષસી કરોળિયાની જેમ તેને **જુદી જુદી સત્તાઓએ સામ્રાજયવાદી** નાગચૂડની **ભીંસમાં** લીધો છે, અને ચીનનું **અત્યંત હિન પ્રકારે** શોષણ થઈ રહ્યું છે. તેથી ડૉ. સુને ચીનને-રાષ્ટ્રને તેમાંથી મુક્ત કરવા નીચે મુજબનો **રાષ્ટ્રવાદ** વિશેનો ખ્યાલ 'કુવો-મિંગ-તાંગ' પક્ષને આપ્યો. (અ) વિદેશી સામ્રાજયવાદની નાગચૂડમાંથી રાષ્ટ્રને મુક્ત કરવું. (બ) જનતાને આ પ્રકારના સામ્રાજયવાદનું ભયંકર સ્વરૂપ સમજાવવું અને તેના વિરોધનું ઉગ્રવાતાવરણનું સર્જન કરવું. (ક) આવું થશે તો લોકોને રાષ્ટ્ર પ્રત્યે ભક્તિભાવ અને પ્રેમ ઉત્પન્ન થશે તથા રાષ્ટ્ર માટે મરીફીટવાની તમન્ના જાગૃત થશે. (ડ) આમ કરવું બહુ જરૂરી છે, કારણ કે પ્રાચીન સમયથી ચીનમાં પચરંગી પ્રજાઓ-ચીની, મંચુ, મોંગલ, તિબેટી વગેરે-વસેલી છે. તેથી તેમની વચ્ચે ધર્મ, ભાષા કે સંસ્કૃતિની એકતાની ભાવના વધુ પ્રબળ નથી. તેથી જો વિદેશી પ્રજાનો એકી અવાજે **વિરોધ** થાય તો, માતૃભૂમિ માટેની ભક્તિ અને પ્રેમ જાગૃત થાય, આ જરૂરનું છે. **આમ ડૉ. સુન માનતા** કે ચીનની પ્રજા **એક થાય અને પ્રજાની એકતામાં જ** "રાષ્ટ્રવાદની ભાવના" આવશે અને 'રાષ્ટ્રવાદ' જાગશે **તો** બધું **બરાબર થશે જ.** વિદેશીઓને હાંકીને દેશની અને રાષ્ટ્રની ઉન્નતિ થશે.

(2) જનતાની સત્તા (મીન-યુઆન) અથવા લોકશાહી : ડૉ. **સુનનો બીજો સિદ્ધાંત હતો.** - જનતાની **સર્વોપરી સત્તા.** અથવા આધુનિક **પરિભાષામાં** તેને લોકશાહી કહેવાય. પોલ ક્લાઈડ માને છે કે તેમના આ ખ્યાલમાં, પાશ્ચાત્ય પ્રજા-

સત્તાકવાદ, સ્વિઝર્લેન્ડની પ્રત્યક્ષ લોકશાહી, સોવિયેટ રશિયાની કેન્દ્રિય લોકશાહી તથા પ્રાચીન ચીનની પરીક્ષા પદ્ધતિ અને અંકુશના વિચારો પડેલા હતા. તેમના અભિપ્રાય મુજબ, ચીનમાં લોકશાહી નીચે મુજબના તબક્કા પ્રમાણે આવવી જોઈએ, એકદમ નહીં જ.

(અ) **સૌથી પ્રથમ, ચીનમાં** બળવાન-**શક્તિશાળી રાષ્ટ્રીય** સરકાર હોવી જોઈએ. તે સરકાર જનતાનો **વિશ્વાસ** સંપાદન કરે તે આવશ્યક છે. તેની પાસે વિશાળ સત્તાઓ હોય અને **શક્તિશાળી લશ્કરી બળથી,** પ્રાંતોના સૂબાઓનો પરાજય કરીને, **સમગ્ર રાષ્ટ્રમાં શાંતિ, સલામતી અને સુવ્યવસ્થાની સ્થાપના કરવી જોઈએ અને સાથેસાથે પ્રજાને 'લોકશાહી'ની તાલીમ પણ આપતા જવાની હતી.**

(બ) ચીનમાં **કેન્દ્રિય કક્ષાએ, શક્તિશાળી સરકારની સ્થાપના** પછી, તાલુકા, જિલ્લા અને પ્રાંતિક **કક્ષાએ સ્વશાસન** તથા લોકશાહીની સંસ્થાઓની સ્થાપના કરીને, જનતાની **શ્રદ્ધા લોકશાહીમાં દઢ થાય** તેવા પ્રયત્નો કરવા જોઈએ પ્રજાને **લોકશાહીની પ્રણાલિકા મુજબ શાસન ચલાવવાની તાલીમ** મળવી જોઈએ. પ્રાંતિય **સંસ્થાઓમાં** કુવો-મિંગ-તાંગના **સભ્યો બહુમતી** ધરાવતા હોવાથી, જેમ જેમ પ્રાંતિય **સૂબાઓની સત્તાનો અંત** આવે તેમતેમ કેન્દ્રિય સત્તાની સ્થાપના કરવી અને ત્યાંના વહીવટીતંત્રનો તાત્કાલિક અને વ્યવસ્થિત કબજો લેવા માટે કુવો-મિંગ-તાંગના કાર્યકરો તૈયાર હોય.

(ક) આમ, પ્રાંતોમાં લોકશાહીતંત્ર દઢ થયા પછી, સમગ્ર રાષ્ટ્રમાં લોકશાહી સંસ્થાઓનું સંગઠન કરી, કેન્દ્ર સરકારનું આયોજન લોકશાહી ધોરણો પર સરળતાથી કરી શકાશે. **આ પ્રમાણે, ત્રણ તબક્કામાં દાખલ કરવામાં આવેલી, લોકશાહી પ્રણાલી, ચીનમાં સફળ થશે,** એ વિશે **ડૉ. સુનને શંકા નહોતી.**

(3) જનતાનું પોષણ (મીન-શેન્ગ) અથવા આર્થિક ઉન્નતિ : ડૉ. **સુનનો ત્રીજો સિદ્ધાંત હતો, પ્રજાની આર્થિક ઉન્નતિ.** તેમાં તેમણે, સામ્યવાદની જેમ, **જમીનની પુનઃવહેંચણીનો કાર્યક્રમ 'અગ્રપદે'** સ્થાપ્યો હતો. આ સિદ્ધાંત ચીન તથા પક્ષને માટે અત્યંત મહત્ત્વનો હતો. ચીનની મોટા ભાગની વસ્તી, ગ્રામ્ય વિસ્તારોમાં રહેતી હતી. અને તેમનો મુખ્ય ધંધો ખેતીનો હતો, પરંતુ મોટા ભાગના ચિનાઓ, જમીનદારોની એડી નીચે કચરાતા કંગાળ જીવન જીવતા હતા. ડૉ. **સુને જમીનદારો પાસેથી જમીનો પ્રાપ્ત કરીને, ભૂમિહીનો વચ્ચે વહેંચી દેવાનો કાર્યક્રમ** બનાવ્યો **હતો.** એતો કબૂલ કરવું જોઈએ. કે 'રાષ્ટ્રવાદ' અને 'લોશાહી' ના તેમના સિદ્ધાંતને મુકાબલે, આ સિદ્ધાંતે - જનતાનું પોષણ કે આર્થિક ઉન્નતિના સિદ્ધાંતે - ડૉ. સુન અને તેમના પક્ષ, કુવા-મિંગ-તાંગને વધુ લોકપ્રિય બનાવ્યો હતો. ડૉ. સુનના આ

કાર્યક્રમ, ઉપરાંત, ચાવીરૂપ અને મહત્ત્વના ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ પણ કરવાનો હતો. આ સિદ્ધાંતમાં, રશિયાની સામ્યવાદી વિચારસરણીનો પ્રભાવ ચોક્કસ જોવા મળે છે.

ડૉ. સુન-યાન-સેને, ચીનની પ્રજાને, રાષ્ટ્રવાદ, લોકશાહી અને પ્રજાની આર્થિક ઉન્નતિના સિદ્ધાંતો આપીને તથા જીવનભર ચીનની પ્રજાની ઉન્નતિ માટે પ્રયત્નો કરીને ચીનના રાષ્ટ્રપિતાનું બિરુદ યથાર્થ રીતે પ્રાપ્ત કર્યું છે.

(ફ) ડૉ. સુન-યાત-સેનનું અવસાન તથા મૂલ્યાંકન

અત્રે, એ યાદ રાખવા જેવું છે કે, ડૉ. સુન-યાત-સેનની ક્રાંતિકારી સરકાર કેન્ટોનમાં સરકાર ચલાવતી હતી. પોતાના પક્ષને મજબૂત બનાવવામાં અને રાષ્ટ્રીય સરકાર બનાવવાની યોજનામાં, પ્રજાને લોકશાહી માટે તૈયાર કરવામાં ડૉ. સુન પ્રયત્નશીલ હતા ત્યારે પેકિંગમાં-ઉત્તરચીનમાં-સત્તાની સાઠમારી ચાલતી હતી. આ સમયે, પેકિંગમાં સેનાપતિ **ત્યાઓ-કુનને** હાંકી કાઢીને, **ત્વાન-ચી-જુઈએ** ફરીવાર સત્તા હાથ ધરી હતી. તેને મંચુરિયાના સૂબા **ચાંગ-ત્સો-લીનનો** ટેકો હતો. આ બંનેને ડૉ. સુનના ટેકાની પણ આવશ્યકતા હતી. ડૉ. સુનને તો લશ્કરી બળનો આશરો લીધા વિના જો પેકિંગ અને કેન્ટોન સરકારો મળીને, રાષ્ટ્રીય સરકાર બનતી હોય તો, આ બાબત ગમે જ. તેથી તેઓ વાટાઘાટો કરવા તથા સમાધાનકારી માર્ગ શોધવા જાતે પેકિંગ ગયા. પરંતુ તેમને ત્યાં નિરાશા મળી. બીજો કોઈ માર્ગ શોધે તેની પૂર્વે, કેન્સરને લીધે માર્ચ, 1925 માં 59 વર્ષની વયે તેમનું અવસાન થયું. તેમનું અવસાન એવા સમયે થયું જ્યારે ચીનને તેમની ખાસ જરૂર હતી. ચીને તેમના અવસાનમાં એક મહાન નેતા ગુમાવ્યો **ચીનના રાષ્ટ્રીય ઈતિહાસમાં, ડૉ. સુન-યાત-સેનનું નામ,** ઈટાલીના મેઝીની તથા ગેરિબાલ્ડી, હંગેરીના **કોસૂથ, ભારતના મહાત્મા ગાંધીજી તથા રશિયાના લેનિનની જેમ, એક "રાષ્ટ્રપિતા" તરીકે પ્રખ્યાત છે.**

જૂથ-2

પ્રકરણ-4 : ચ્યાંગ - કાઈ - શેક

"ચ્યાંગ-કાઈ-શેકની, કારકિર્દીનું વિવિધ દૃષ્ટિકોણથી, વિરોધાભાષી મૂલ્યાંકન થયું છે, જેમ કે કેટલાક તેમને **'ચીનનો મુક્તિદાતા'** તથા **'મહાન દેશનો મહાનપુત્ર'** કહે છે, તો કેટલાક તેને 'રાષ્ટ્રીય એકતાનું પ્રતિક' ગણે છે. જ્યારે બીજી તરફ, ચાંગ-કાઈ-શેકને, 'ગણતંત્રનો કટ્ટર વિરોધી' અને પ્રતિક્રિયાવાદી ગણે છે. જનરલ **સ્ટીલવેલ** તેને જીદ્દી, પક્ષપાતી અને સ્વેચ્છાચારી શાસક ગણે છે, તો જનરલ **ચેનાલ્ટ** તેને 'ચીનનો એક મહાપુરૂષ ગણે છે. એ હકીકત તો છેકે ચ્યાંગ-કાઈ-શેકના ચારિત્રમાં વિરોધાભાષી ગુણોનો સમન્વય થયો હતો." **— એક હકીકત**

❁ ❁ ❁

"જનતાના લાખો ગરીબ લોકોના જીવનનિર્વાહ માટે તેના સુધારાઓમાં કોઈ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું નહોતું. તેથી કુવો-મિંગ-તાંગ સરકારની એમ કહીને ટીકા થવા લાગી કે તેને ડૉ. સુનના ત્રીજા સિદ્ધાંતમાં કોઈ રસ નથી. મેડમ સુન-યાત-સેને 1927, 1929 અને ફરીથી 1931માં, આ બાબતમાં સ્પષ્ટ વિરોધ

પ્રકરણની રૂપરેખા

1. ચ્યાંગ-કાઈ-શેક :
   - (અ) પ્રાસ્તાવિક
   - (બ) પ્રારંભિક કારકિર્દી
   - (ક) એક સફળ સેનાપતિ તરીકે
   - (ડ) ચ્યાંગ-કાઈ-શેકની રાષ્ટ્રવાદી સરકાર
   - (ઇ) ચ્યાંગ-કાઈ-શેકની ગૃહ નીતિ : (1) આર્થિક ક્ષેત્રે (2) મુદ્રા પદ્ધતિમાં સુધારા (3) વાહન વ્યવહારના ક્ષેત્રે (4) શૈક્ષણિક ક્ષેત્રે (5) સામાજિક ક્ષેત્રે (6) સાંસ્કૃતિક ક્ષેત્રે (7) કાનૂન અને ન્યાયના ક્ષેત્રે (8) અન્ય તથા સમીક્ષા
   - (ફ) ચ્યાંગ-કાઈ-શેકની વિદેશ નીતિ : (1) પ્રાસ્તાવિક (2) જકાત અંગે (3) અતિ-પ્રાદેશિક વિશેષાધિકાર અંગે (4) વિદેશી પ્રભાવક્ષેત્રો અંગે (5) સમીક્ષા
   - (જ) ચ્યાંગ-કાઈ-શેક અને સામ્યવાદીઓ

ચ્યાંગ-કાઈ-શેક (1887 થી 1949)

પ્ર. 4. ચ્યાંગ-કાઈ-શેકની કારકિર્દી અને સિદ્ધિઓનું મૂલ્યાંકન કરો.

➤ **ચ્યાંગ-કાઈ-શેકે, ચીનના ઈતિહાસમાં ભજવેલા ભાગનું વિવેચન કરો.** (સૌ. યુ. '05, '10)

➤ **ચ્યાંગ-કાઈ-શેકની ગૃહનીતિ અને વિદેશનીતિની સમીક્ષા કરો.** (સૌ. યુ. 2008)

નોંધાવ્યો હતો. તેમની દૃષ્ટિએ રાષ્ટ્રીય સરકારની ઉપરોક્ત, રાષ્ટ્રીય સહકારની યોજના, સુધારાવાદી હતી, ક્રાંતિકારી નહિ. — હેરોલ્ડ વિનાકે

"No one can ruin us, unless, we first ruin ourselvers ."

– Chiang kai - Shaik

➤ **1937 સુધી, ચ્યાંગ-કાઈ-શેકની આંતરિક અને વિદેશ નીતિ તપાસો. (સૌ.યુ. 2001, 2003)**

[મુખ્ય મુદ્દાઓ : (अ) પ્રાસ્તાવિક (ब) ચ્યાંગ-કાઈ-શેકની પ્રારંભિક કારકિર્દી (क) ચ્યાંગ-કાઈ-શેકની ગૃહનીતિ-સુધારા : (1) આર્થિક ક્ષેત્રે સુધાર (2) મુદ્રા પદ્ધતિમાં સુધારા (3) વાહનવ્યવહારના ક્ષેત્રે (4) શૈક્ષણિક ક્ષેત્રે (5) સામાજિક ક્ષેત્રે (6) સાંસ્કૃતિક ક્ષેત્રે (7) કાનૂન અને ન્યાયના ક્ષેત્રે (8) અન્ય ક્ષેત્રે અને સમીક્ષા **(ड) ચ્યાંગ-કાઈ-શેકની વિદેશ નીતિ :** (1) પ્રાસ્તાવિક (2) જકાત અંગે (3) અતિપ્રાદેશિક વિશેષાધિકાર અંગે (4) વિદેશી પ્રભાવક્ષેત્રો અંગે (5) ઉપસંહાર]

(अ) પ્રાસ્તાવિક

ચ્યાંગ-કાઈ-શેકનું જીવન-કારકિર્દી અને કાર્ય, ચીનના રાજકીય પુરુષોમાં ભારે વિરોધાભાષી રહ્યું છે. તેમનું સંપૂર્ણ જીવન સૈનિક કારકિર્દીથી જ પૂર્ણ રહ્યું છે. તેમની કારકિર્દીનું મૂલ્યાંકન વિવિધ દૃષ્ટિકોણથી કરવામાં આવ્યું છે અને તે ભારે વિરોધાભાષી છે અને તે યથાર્થપણ છે જ. જેમ કે; કેટલાક તેમને **"ચીનના મુક્તિદાતા"** અને **"મહાન દેશનો મહાનપુત્ર"** તથા **"રાષ્ટ્રીય એકતાનો પ્રતિક"** ગણાવીને બિરદાવે છે; તો કેટલાક તેને **"ગણતંત્રનો કટ્ટર શત્રુ"** તથા **"પ્રતિક્રિયાવાદી"** ગણાવે છે. દા. ત., જનરલ **સ્ટીલવેલ** તેમને જીદ્દી, પક્ષપાતી અને સ્વેચ્છાચારી શાસક કહે છે તો જનરલ **ચેનાલ્ટ** તેમને **"ચીનનો એક મહાપુરુષ"** ગણાવે છે. એ હકીકત છે કે તેમના ચારિત્ર્યમાં **"વિરોધાભાષી ગુણોનો" સમન્વય થયો હતો.** જેમ કે તે કુશળ સેનાપતિ હોવા ઉપરાંત મુત્સદ્દી રાજપુરુષ પણ હતો. એક તરફ તે ક્રાંતિકારી હતા તો બીજી તરફ તે જૂની રૂઢિઓમાં સમર્થક પણ હતા. તેમણે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો અને તેમણે કોનફ્યુશિયસના સિદ્ધાંતોને પુનર્જીવિત કર્યા હતા. **ચાંગ-કાઈ-શેક, સામ્યવાદના વિરોધી હતા પરંતુ 'લેનિન'ના ભારે પ્રશંસક હતા.**

(ब) ચ્યાંગ-કાઈ-શેકની પ્રારંભિક કારકિર્દી

ચ્યાંગ-કાઈ-શેક એટલે સૂર્યદેવનો તલવારધારી બાહુ, તેમનો જન્મ, 31 મી ઑક્ટોબર, 1887 માં **ચેકિયાંગ** પ્રાંતમાં, ફેંધુઆ જિલ્લાના **ચિકાઉ** ગામમાં થયો

હતો. 1896 માં તેમના પિતાનું અવસાન થયું, પરંતુ તેમની માતા અસાધારણ સ્ત્રી હતી. તેણે ચ્યાંગના શિક્ષણ તરફ ખાસ ધ્યાન આપ્યું. તેમણે, શિક્ષણ પૂરું કરીને, 1906 માં યુઆન-શી-કાઈની, ઉત્તર ચીનમાં આવેલી 'પાઓટિંગ રુ' મિલિટરી સ્કૂલમાં લશ્કરી કારકિર્દીની શરૂઆત કરી. હોંશિયાર વિદ્યાર્થી હોવાથી, 1907માં વધારાની તાલીમ માટે, જાપાન મોકલવામાં આવ્યા. 1911 સુધી તેમણે લશ્કરી શિક્ષણ મેળવ્યું. 1900 થી 1911 સુધી તેમણે લશ્કરમાં નોકરી પણ કરી હતી. તેમણે ડૉ. સુનના પરિચય બાદ, તેઓ રાષ્ટ્રીય ભક્તિના રંગમાં બરાબર રંગાયા અને ડૉ. સુનની ક્રાંતિકારી સંસ્થાનો સભ્ય બન્યા. **આમ ચ્યાંગ ક્રાંતિકારી અને પ્રજાસત્તાકવાદી બન્યા.**

1911માં ચીનની મહાનક્રાંતિ થઈ ત્યારે ચ્યાંગ જાપાનથી ચીનમાં આવ્યા. તેમની ટુકડીએ એકવાર ડૉ. સુનનું રક્ષણ કર્યું હતું. 1913 માં ડૉ. સુન સાથે તેમને પણ ભાગી જવું પડ્યું. 1916માં સંપત્તિ ભેગી કરવા ચ્યાંગ, રાજકારણમાંથી નિવૃત્ત થઈને વેપારી બન્યા. શાંઘાઈમાં 'લીલીટોળી' નામે ઓળખાતી વેપારી ટોળીમાં જોડાયા અને પુષ્કળ ધન એકઠું કર્યું. આ દરમ્યાન તેઓ, પાશ્ચાત્ય રાજનીતિના સંપર્કમાં આવ્યા. 1921માં ડૉ. સુનને સત્તા મળતાં તે પાછા રાજકારણમાં આવ્યા. ડૉ. સુને 1923માં તેમને રશિયા મોકલ્યા. રશિયાથી પાછા ફર્યા પછી, કેન્ટન પાસે **વ્હેમ્પોઆમાં,** સોવિયેત રશિયાની ઢબે એક લશ્કરી એકેડેમી સ્થાપવામાં આવી. ચ્યાંગ-કાઈ-શેકને તેમાં અધ્યક્ષ બનાવવામાં આવ્યા. **તેમના અધ્યક્ષપણા હેઠળ, આ એકેડેમી, ચીનના આધુનિક લશ્કરની રચના અને તાલીમની કામગીરી કુશળતાપૂર્વક બજાવતી હતી.** 1925માં ડૉ. સુનનું અવસાન થયું ત્યારે, ચ્યાંગ-કાઈ-શેકને "ચીનની સૌથી શક્તિશાળી વ્યક્તિ" ગણવામાં આવતી હતી. 1927માં તેમણે સુંગ પરિવારની **મેઈલિંગ** સાથે લગ્ન કર્યું હતું. તેની અસરથી તેમણે ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો હતો. સુંગ પરિવારે, ચીનના ઈતિહાસમાં મહત્ત્વનાં કાર્યો કર્યાં હતાં. **મેઈલિંગનો ભાઈ ટી.વી. સુંગ, ચીનનો પ્રસિદ્ધ અને પ્રગતિશીલ "નાણામંત્રી" હતો.**

એક સફળ સેનાપતિ તરીકે ચ્યાંગ-કાઈ-શેક : જ્યારે 1926માં કુઓ-મંગ-તાંગ' પક્ષે ઉત્તર ચીનમાં લશ્કરીકૂચ કરવાનો નિર્ણય કર્યો ત્યારે તેની જવાબદારી ચ્યાંગને સોંપવામાં આવી. આ કૂચના લશ્કરનો સર્વોચ્ચ સેનાપતિ ચ્યાંગ હતા. જમીનદારોને નિરાશ કરતા હોવાથી તેમને પ્રજાનો સાથ મળ્યો. પ્રજાને રાષ્ટ્રીય એકતા માટે માનસિક રીતે તૈયાર કરતા હતા અને સામ્યવાદનો પણ પ્રચાર કરતા

હતા. તેમણે 1927માં નાનકિંગ અને શાંઘાઈ પણ કબજે કર્યા અને રાષ્ટ્રવાદ સરકારની સ્થાપના કરી **આ ઉત્તરની લશ્કરી કૂચ દરમ્યાન કુઓ-મિંગ-તાંગ દળ બે વિભાગ પડી ગયા. ડાબેરી દળ અને જમણેરી દળ.** ડાબેરીદળ, સામ્રાજ્યવાદનો વિરોધી અને સમાજવાદનો સમર્થક હતો. ચ્યાંગને સામ્યવાદીઓથી ધૃણા-નફરત હતી અને તેમના સફાયા માટે ચ્યાંગે પ્રયત્નો કર્યા. **અહીંથી, સામ્યવાદ સાથેના ચ્યાંગના યુદ્ધની શરૂઆત થઈ.** ચ્યાંગ-કાઈ-શેકે ઉત્તર તરફ આગળ વધીને, પેકિંગ પણ કબ્જે કર્યું. ચીનની રાજધાની નાનકિંગ લાવવામાં આવી. **ડૉ. સુનનું સંયુક્ત ચીનનું સ્વપ્ન ચ્યાંગ-કાઈ-શેકે આમ પૂરું કર્યું હતું.** આમ, ચીનની પ્રથમ રાષ્ટ્રીય સરકારના નેતા તરીકે (1928 થી 1949) ચ્યાંગ-કાઈ-શેકે નીચે મુજબના નોંધપાત્ર સુધારા પણ કર્યા હતા.

(क) ચ્યાંગ-કાઈ-શેકની ગૃહનીતિ-સુધારા

(1) આર્થિકક્ષેત્રે સુધારા : ચ્યાંગ-કાઈ-શેક પણ ભારતના શેરશાહની જેમ, લડાઈઓમાં સતત પ્રવૃત્ત રહ્યાં હોવા છતાં, તેણે મહત્ત્વના સુધારા કર્યા હતા. પોતાના સાળા, ટી.વી. સુંગની મદદથી, ચ્યાંગે, રાષ્ટ્રનું નવઘડતર કરવા અગત્યના સુધારા કર્યા હતા. ટી.વી. સુંગ, જે નાણાંપ્રધાન હતો, તેના નેતૃત્વ હેઠળ રાજ્યની આવક વધારવા અને સરકારી ખર્ચ ઓછું કરવાને માટે, ચીનના નાણાં તંત્રને પાશ્ચાત્ય ઢબે વ્યવસ્થિત કર્યું. ચીનનો સૌથી વિકટ પ્રશ્ન આર્થિક હતો. વિદેશીઓનું દેવું ભરવાનું હતું. રાષ્ટ્રની આવકના મહત્ત્વનાં સાધનો પર વિદેશીઓનું નિયંત્રણ હતું. અને શાસનતંત્રમાં લાંચરુશ્વતનો દોર હતો. સુંગ લાંચરુશ્વતનો કટ્ટર શત્રુ હતો. તે મહાન અર્થશાસ્ત્રી હતો. તથા કોલંબિયા યુનિવર્સિટીનો પી.એચ.ડી. પણ હતો. તેણે સૌ પ્રથમ, **બજેટ યોજનાની** શરૂઆત કરી. મોટા સામંતો પાસેથી પણ તેણે કર વસુલ કર્યો હતો. તેણે **કેન્દ્રિય બેંકની** સ્થાપના કરી હતી. તે સૈન્યમાં વધુ ખર્ચ કરવાનો વિરોધી હોઈ, ચ્યાંગ સાથે મતભેદ થયો અને 1933 માં તેણે રાજીનામું આપ્યું હતું. **છતાં ચીનની આર્થિક સ્થિતિ, સુંગના પ્રયત્નોથી સુધરી હતી, એમ ચોક્કસ કહી શકાય.**

1931 સુધીમાં ચીને 69 બંદરો વેપાર માટે ખુલ્લાં મૂક્યાં હતાં અને 1930 સુધીમાં, ચીનની આયાત 133 કરોડ ટેલ અને નિકાસ 90 કરોડ ટેલ હતી. આયાત થતી ચીજ-વસ્તુઓમાં 6% યંત્રસામગ્રી હતી. જેનાથી ચીનનો ઔદ્યોગિક વિકાસ જોઈ શકાય છે. યંત્રસામગ્રી, મોટરકાર, ફોટોગ્રાફીનો સામાન, નવી પ્રકારની પ્રિન્ટિંગ પ્રેસ, ટેલિફોન તથા તારનો સમાન આયાત થતો. જ્યારે ચા, કપાસ,

રેશમ, ગાલીચા, તેલિબિયાં, કલાત્મક વસ્તુઓની નિકાસ થતી. 1833 માં, 4 કરોડની કિંમતનું રાસાયણિક ખાતર વિદેશોમાંથી મંગાવવામાં આવ્યું અને ખેતીના વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું. કૃષિશાળાઓ અને કૉલેજોની સ્થાપના કરવામાં આવી. **1929માં "ટ્રેડ યુનિયન એક્ટ"** દ્વારા કામદારસંઘ બનાવવાનો **અધિકાર આપવામાં આવ્યો.**

(2) મુદ્રા પદ્ધતિમાં સુધારા : 1894 માં, ચીને અમેરિકાના ડૉલર જેવો 'યુઆન' નામનો સિક્કો બહાર પાડ્યો હતો. ચીનમાં કાગદી નાણું પણ ચલણમાં હતું. બેંકો ઉપરાંત, પ્રાંતિય સરકારો પણ કાગદી ચલણ છાપતી હતી. **તેથી ચીનની મુદ્રા પદ્ધતિમાં, અવ્યવસ્થા અને** ગોટાળા હતા. **તેમાં સુધારા કરવા માટે એક પંચની નિમણૂક કરવામાં આવી તથા તેમાં વિદેશીઓની મદદ પણ લેવામાં આવી હતી.**

(3) વાહનવ્યવહારના ક્ષેત્રે : વાહનવ્યવહારના વિકાસ માટે ખાસ પ્રયત્ન કરવામાં આવ્યો. રેલવેની વ્યવસ્થા માટે એક જુદો વિભાગ શરૂ કરવામાં આવ્યો. કેન્દ્રીય તથા પ્રાંતિક રેલ્વેઓને એ વિભાગ નીચે મૂકવામાં આવી. નવી રેલવેઓનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. રસ્તાઓનું બાંધકામ પણ શરૂ કરવામાં આવ્યું. **આમ, વાહનવ્યવહારનો, પણ, સારો વિકાસ થયો હતો.**

(4) શૈક્ષણિક ક્ષેત્રે : ચીનમાં પ્રાચીન પરીક્ષા પદ્ધતિનો ત્યાગ કરવામાં આવ્યો અને 1911ની ચીનની ક્રાંતિ પછી પાશ્ચાત્ય જ્ઞાન-વિજ્ઞાન તરફ ચીનના લોકો વળ્યા. ચીનના વિદ્યાર્થીઓ વિદેશોમાં ગયા અને જ્ઞાન પ્રાપ્ત કર્યું. ચીનમાં પણ મિશનરી સ્કૂલો સારા પ્રમાણમાં હતી. જો કે યોગ્ય શિક્ષણ આપનાર, શિક્ષકોની ખોટ હતી. **1931 માં ચીનમાં એક લાખ એકત્રીસ હજાર શિક્ષણ સંસ્થાઓ હતી અને તેમાં તેંતાલીશ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.** સમાચારપત્રોનું પ્રકાશન વધ્યું હતું અને દરેક મોટા શહેરમાં એકાદ સમાચારપત્ર તો હતું જ. આ ઉપરાંત સાપ્તાહિક, માસિક તથા ત્રિમાસિક પણ શરૂ થયાં હતાં અને ચીનીભાષામાં આ સમાચાર પત્રોએ, ચીની જીવનમાં, નવજીવન તથા જાગૃતિનો સંચાર અને પ્રસાર કર્યો હતો.

(5) સામાજિક ક્ષેત્રે : મંચુ રાજ્યવંશની સ્થાપનાથી, ચીની લોકોમાં, પુરૂષોએ માથે ચોટલી રાખવાની પ્રથા હતી. તેમનું મંચુઓનું એમ કહેવું હતું કે માથે ચોટલી હોય તો લોકો તેમનું આધિપત્ય સ્વીકારે છે, એમ થાય. 1911 ની ક્રાંતિથી, ચીનાઓએ મંચુઓની સત્તાનો અંત આવ્યો, તેથી ચોટલીની પ્રથા પણ નાબૂદ થઈ. ચીનાઓએ

પાશ્ચાત્ય પોષક પહેરવાનું શરૂ કર્યું. સ્ત્રીઓએ પોતાનો જીવન-સાથી પસંદ કરવા માંડ્યો અને સ્ત્રીઓ પણ હવે ચિકિત્સક, શિક્ષિકા, પત્રકાર વગેરે કામો કરવા લાગી.

(6) સાંસ્કૃતિક ક્ષેત્રે : મનોરંજનનાં સાધનોમાં પરિવર્તન આવ્યું. લોકો નાટકોને બદલે ચલચિત્રો તરફ વળ્યા. પહેલાં મોટી વસ્તીવાળા નગરોમાં અને ત્યારપછી મોટાં શહેરોમાં સિનેમાગૃહો બાંધવામાં આવ્યાં. પહેલાં, વિદેશી ચિત્રો અને પછી ચીની ચલચિત્રોનું પ્રદર્શન થયું. લોકોને મનોરંજનનું સસ્તુ સાધન મળવાથી, નાટકોની લોકપ્રિયતા ઘટી જવા પામી. નિશાળોમાં પણ રમતગમત પર વધુ ભાર મૂકાયો. કસરત, ડ્રિલ, જિમ્નાસ્ટિક, ટેનિસ વગેરેનું મહત્ત્વ વધ્યું.

(7) કાનૂન અને ન્યાયના ક્ષેત્રે : ચીનના કાનૂન-કાયદા પરંપરા અને રૂઢિ પર આધારિત હતા. તેમને વ્યવસ્થિત રૂપ આપવામાં આવ્યું. પાશ્ચાત્ય ઢબે કાનૂનોનું આધુનિકરણ થયું. તેના દ્વારા ચીન, પશ્ચિમનાં રાષ્ટ્રોને કહેવા માંગતું હતું કે તેમના કાનૂનો હવે સુધરી ગયા છે, તેથી તેમણે અતિપ્રાદેશિક અધિકારો છોડી દેવા જોઈએ. ન્યાયાલયોનું પણ પુનઃસંગઠન કરવામાં આવ્યું અને જેલોમાં સુધારા થયા.

(8) અન્ય તથા સમીક્ષા : આ ઉપરાંત, તંદુરસ્તી-સ્વાસ્થ્ય, અફીણના સેવનનો વિરોધ, મજૂરોનું હિત તથા કલ્યાણ વગેરેનો પણ પ્રયત્ન થયો, પરંતુ ચ્યાંગની રાષ્ટ્રવાદી સરકારે, સામાન્ય લોકોની આર્થિક મુશ્કેલીનો અંત આણવા મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો નહિ અને તેથી સામાન્ય લોકોમાં અસંતોષ ફેલાયો. વિનાકે લખે છે કે, "જનતાના લાખો ગરીબ લોકોના જીવનનિર્વાહ માટે, કોઈ ખાસ ધ્યાન અપાયું નહોતું. તેથી 'કુઓ-મિંગ-તાંગની રાષ્ટ્રીય સરકારની એમ કહીને ટીકા થવા લાગી કે તેને ડૉ. **સુનના ત્રીજા સિદ્ધાતમાં રસ નથી. મેડમ સુન-યાત-સેને પણ** 1927, 1929 અને પુનઃ 1931 માં, પોતાનો સ્પષ્ટ વિરોધ નોંધાવીને કહેલું કે તેમની દષ્ટિએ, રાષ્ટ્રીય સરકારની નીતિ - રાષ્ટ્ર નિર્માણની નીતિ - સુધારાવાદી હતી. ક્રાંતિકારી નહિ. 2

(ફ) ચ્યાંગ-કાઈ-શેકની વિદેશ નીતિ

(1) પ્રાસ્તાવિક : ચ્યાંગ-કાઈ-શેકની આગેવાની હેઠળની, કુવો-મિંગ-તાંગ પક્ષની રાષ્ટ્રીય સરકારે, વિદેશી રાજ્યોના પ્રભાવ તથા પ્રભુત્વમાંથી મહદ્ અંશે, મુક્તિ મેળવી હતી અને ગૃહનીતિ દ્વારા નોંધપાત્ર સુધારા પણ કર્યા હતા. પરંતુ ઘર આંગણે સામ્યવાદીઓ સાથેના આંતરવિગ્રહમાં તથા વિદેશનીતિમાં જાપાન

સાથેના ઝગડાઓમાં, ચ્યાંગ-કાઈ-શેકને સફળતા મળી શકી નહિ તથા એવા પરિબળો સાથે સંઘર્ષમાં હોવા છતાં, **ચ્યાંગના નેતૃત્વ હેઠળ, રાષ્ટ્રવાદી સરકારે જે સફળતા મેળવી હતી તે 'ગૌરવપ્રદ' છે.**

(2) જકાત અંગે : રાષ્ટ્રવાદી સરકારે પોતાની સ્થિતિ નાનકિંગમાં બરાબર વ્યવસ્થિત કરીને પેકિંગને પોતાના કબજામાં કરી લીધું. હવે રાષ્ટ્રીય સરકારે, વિદેશી પ્રભુત્વ અને પ્રભાવમાંથી, ચીનને મુક્ત કરવાને માટે કમર કસી. 25 જુલાઈ, 1928 **માં અમેરિકાએ** ચીન સાથે સંધિ કરી, તે અનુસાર **ચીનને જકાત-નિર્ધારણ બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા** આપવામાં આવી હતી. ઈંગ્લેન્ડના સામાનનો બહિષ્કાર પછી તેણે પણ ચીન તરફ ઉદારનીતિ અપનાવવાની ફરજ પડી. ઈંગ્લેંડે પણ ચીનને જકાતની બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપી. **હવે 1928માં, અમેરિકાને પગલે ઈંગ્લેંડ, ફ્રાંસ, બેલ્જિયમ, સ્પેન, ઈટાલી, જર્મની અને જાપાન જેવાં 10 રાષ્ટ્રોએ, ચીનને જકાત અંગે 'સ્વતંત્રતા' આપી. આમ, રાષ્ટ્રીય જકાતદર સ્થાપિત કરવામાં ચીનને ઘણા સમય પછી, સફળતા મળી.**

(3) અતિ પ્રાદેશિક વિશેષાધિકાર અંગે : જકાતની સ્વતંત્રતા પછી, રાષ્ટ્રીય સરકારે, અતિપ્રાદેશિક વિશેષાધિકારો તરફ નજર કરી. આવા અધિકારોને લીધે, વિદેશીઓ, ચીનના રાજકારણ, વેપાર તથા આંતરિક બાબતોમાં દરમિયાનગીરી કરતા હતા. ચીન સ્વાભાવિક રીતે જ તેને પોતાની સાર્વભૌમસત્તાની ખંડન સમાન ગણતું હતું. 1919 માં જર્મનીએ ચીન સાથે જે સંધિ કરી તેનાથી જર્મનીએ પોતાના વિશેષાધિકારોને જતા કર્યા હતા. 1917 માં રશિયાએ, બોલ્શેવિક ક્રાંતિ પછી, એવા અધિકારો જતા કર્યા. આનાથી, પ્રોત્સાહિત થઈને, ચીન એમ માનતું કે હવે બધી વિદેશી સત્તાઓ તેમને મળેલા, વિશેષાધિકારો રદ કરવા જતા કરવામાં આગળ આવવું જોઈએ. જોકે ચીને આ પછી, ફિનલેન્ડ, પોલેંડ અને ઑસ્ટ્રિયા સાથે જે નવી સંધિઓ કરી તેમાં વિશેષાધિકારની કલમો નહોતી. 10 વર્ષ પછી, વિદેશીઓ સાથેની સંધિઓનું પુનરાવલોકન કરવાનું હતું. ત્યારે નવી સંધિઓમાં તેને દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. જો રાષ્ટ્રીય સરકાર, આંતરવિગ્રહમાં સામ્યવાદીઓ સામે સંડોવાયેલી નહોતતો, આવા વિશેષાધિકારોનો અંત ક્યારનોય આવી ગયો હોત. **વળી, જાપાને પણ, 1931 માં મંચુરિયા પર આક્રમણ કર્યું હતું, તેથી નક્કી કર્યા મુજબ, 1 લી જાન્યુ., 1932 માં, આ અધિકારોની નાબૂદી અમલમાં આવી શકી નહિ.**

(4) **વિદેશી પ્રભાવક્ષેત્રો અંગે :** જકાત અંગે મુક્તિ પ્રાપ્ત કરી. અતિ પ્રાદેશિ વિશેષાધિકારોનો અંત પણ લાવવામાં ચીનને સફળતા મળી. તેથી હવે તે, વિદેશ પ્રભાવક્ષેત્રોની નાબૂદી તરફ વળી. 'પ્રભાવ ક્ષેત્રોની હરીફાઈ' (Battle o Concessions) દરમિયાન, વિદેશી સત્તાઓએ, ચીની તડબૂચના કડકા કાપી લેવાન પ્રયત્નો કરીને 25 થી 99 વર્ષના પટ્ટા મેળવ્યા હતા. આવા પટ્ટાઓવાળા પ્રદેશોમ વિદેશી સત્તાઓ, તેમને પોતાના પ્રભાવ હેઠળ નહિ બલ્કે પોતાના પ્રભુત્વ હેઠ માનતા હતા. ચ્યાંગ-કાંઈ-શેકની રાષ્ટ્રીય સરકારે આની સામે ઝુંબેશ ઉપાડી 192 માં, ચિકિંયાંગ અને એમોયમાંથી, બ્રિટિશ પ્રભાવક્ષેત્રનો અંત આણવામાં આવ્ય અને 1930 માં વેઈ-હાઈ-વેઈ પણ અંગ્રેજોએ ચીનને સોંપ્યું. શાંઘાઈની વસાહ સૌથી મોટી હતી. ત્યાં પણ ચીને પોતાના અધિકારોની રજુઆત ભારપૂર્વક કરવ માંડી છેવટે ચીને ધારેલું કાર્ય થયું હતું.

આમ, **સત્યકેતુ વિદ્યાલંકાર** માને છે કે, "આમ કુઓ-મિંગ-તાંગની સરકારે પ્રયત્નો કરીને ચીનને વિદેશી રાજ્યોના પ્રભાવ અને પ્રભુત્વમાંથી મુક્તિ મેળવવામ સફળતા મેળવી. ઘરઆંગણે, સામ્યવાદીઓ સાથે સંઘર્ષ હતો અને બાહ્યદષ્ટિએ જાપાનના આક્રમણનો ભય હોવા છતાં, ચ્યાંગની નેતાગીરી હેઠળ, કુઓ-મિંગ-તાંગની રાષ્ટ્રીય સરકારે મહત્ત્વની સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. **ચ્યાંગ-કાઈ-શેકની આવી સિદ્ધિઓ જોતા, એમ લાગે છે કે ડૉ. સુન-યાત-સેન પછી, ચીનના ઈતિહાસમાં તેમને મહત્ત્વનું સ્થાન મળે છે.**

જૂથ-2

પ્રકરણ-5 : જાપાનનું મંચુરિયા ઉપરનું આક્રમણ (1931) (મંચુરિયન કટોકટી)

"જાપાનની વિસ્તારવાદી નીતિને લીધે જાપાન, ભિન્ન ભિન્ન પ્રદેશોમાં પોતાનો પગદંડો જમાવતું જતું હતું. જાપાનને માટે, સામ્રાજ્યવિસ્તાર માટેનું મોટામાં મોટું તથા નજીકમાં નજીકનું સ્થાન, **મંચુરિયા** હતું. ઈ.સ. 1931 માં, જાપાને મંચુરિયામાં પોતાનું આધિપત્ય જમાવવાની શરૂઆત કરી."

— એક ઐતિહાસિક ઘટના

❀ ❀ ❀

"ઈ.સ. 1932ની, 18 મી ફેબ્રુઆરીએ, મંચુરિયામાં, એક અલગ રાજ્યની સ્થાપના થઈ. આ નવા રાજ્યનું નામ **"મંચુકુઓ"** રાખવામાં આવ્યું."

— એક હકીકત

❀ ❀ ❀

"લીગ-ઑફ-નેશન્સે (રાષ્ટ્રસંઘે) **લૉર્ડ લિટન**ના પ્રમુખપદે મંચુરિયાની તપાસ માટે એક કમિશનની નિમણૂંક કરી તે દરમિયાન જાપાને 1932માં 'ચિન્ચો' નામના પ્રદેશ પર આક્રમણ કરીને તેનો કબ્જો લીધો. આના અર્થ એ થયો કે, રાષ્ટ્રસંઘના (લીગ-ઑફ-નેશન્સના) નિર્ણયો જાપાનની

પ્રકરણની રૂપરેખા

1. જાપાનનું મંચુરિયા ઉપરનું આક્રમણ (1931) (મંચુરિયન કટોકટી) :

(1) પ્રાસ્તાવિક
(2) મંચુકુઓની સ્થાપના
(3) મંચુકુઓનો પ્રશ્ન રાષ્ટ્રસંઘમાં
(4) લૉર્ડ લિટનનો રિપોર્ટ
(5) રિપોર્ટની રજુઆત
(6) જાપાનનો ઈન્કાર
(7) મંચુકુવો જાપાનના પ્રભુત્ત્વ હેઠળ

પ્ર. 5. જાપાનના મંચુરિયા પરના, 1931ના આક્રમણની રૂપરેખા આપો.

➤ જાપાનના મંચુરિયા પરના આક્રમણનાં કારણો અને પરિણામોની ચર્ચા કરો.

(સૌ. યુ. '03, '04, '08, '09, '10, '11)

➤ નોંધ લખો :

(1) જાપાનનું મંચુરિયા પરનું આક્રમણ
(2) મંચુકુઓની સ્થાપના
(3) જાપાન અને રાષ્ટ્રસંઘ

[**મુખ્ય મુદ્દાઓ : (अ) પ્રાસ્તાવિક (ब) જાપાનનું મંચુરિયા ઉપરનું આક્રમણ :** (1) મંચુકુઓની સ્થાપના (2) મંચુકુઓનો પ્રશ્ન રાષ્ટ્રસંઘમાં (3) લૉર્ડ લિટનનો રિપોર્ટ (4) જાપાન, રાષ્ટ્રસંઘની અવગણના કરે છે. **(क) મંચુકુઓ જાપાનના પ્રભુત્વ હેઠળ.**]

> દૃષ્ટિએ મહત્ત્વના ન હતા, એટલે જ જાપાને, રાષ્ટ્રસંઘની અવગણના કરીને, સામ્રાજ્ય વિસ્તાર કર્યો હતો."
>
> – એક અવલોકન

(अ) પ્રાસ્તાવિક

જાપાને પશ્ચિમનાં રાષ્ટ્રોની જેમ, પોતાનું ઔદ્યોગીકરણ અને આધુનિકરણ કરીને, એજ પશ્ચિમી સત્તાઓની જેમ સામ્રાજયવાદને વિકસાવવાની નીતિ અપનાવી રહ્યું હતું. તેણે ચીન સાથે 1894–'95 માં યુદ્ધ કર્યું હતું અને 1904–'05 માં રશિયા જેવી યુરોપિયન સત્તાનો પણ પરાજય કર્યો હતો. છતાં તેની ભૂમિભૂખ શાંત થઈ નહોતી. બલ્કે તે વધુ પ્રજ્વલિત થયેલી. જાપાને તેની વિસ્તારવાદી નીતિને લીધે જુદા જુદા પ્રદેશોમાં પગદંડો જમાવ્યો હતો. જાપાનને માટે, સામ્રાજ્ય વિસ્તારનું મોટામાં મોટું તથા સૌથી નજીકનું ક્ષેત્ર **મંચુરિયા**નું હતું. ત્યાં તેણે 1931 માં પોતાનું આધિપત્ય જમાવવાની શરૂઆત કરી.

મંચુરિયા ચીનનું એક અંગ હતું. અહીના રાજનીતિજ્ઞો, મંચુરિયાને પોતાના તાબા નીચેનો પ્રદેશ ગણતા નહિ. પરંતુ પોતાના રાષ્ટ્રનું એક અવિભાજ્ય અંગ ગણતા હતા. **વળી, ચીનની 'કુઓ-મિંગ-તાંગ સરકાર મંચુરિયાને, ચીની પ્રજાસત્તાકનો એક ભાગ સમજતી હતી.** મંચુરિયાના સૂબા હુસુઈ-લિઆંગે, ચીન સાથે એવી સમજૂતી કરી હતી કે વિદેશી બાબતોનું સંચાલન,નાનકિંગની સરકાર કરે તથા આંતરિક બાબતમાં, મંચુરિયા મુક્ત રહે. **જાપાન આ બાબતનો 'વિરોધી' હતું.** તેથી જાપાને મંચુરિયાના સુબાને જણાવ્યું કે, નાનકિંગની રાષ્ટ્રીય અને કેન્દ્રિય સરકાર સાથે તેણે કોઈપણ પ્રકારની સમજૂતી કરવી નહીં.

પહેલાં, મંચુરિયાના ઉત્તરભાગમાં રશિયાનું પ્રભુત્વ હતું અને દક્ષિણમાં જાપાનનું ચીનની મંચુ સરકાર નિર્બળ હતી, ત્યારે જાપાન અને રશિયાએ ચીનની સાથે સંધિઓ કરીને, મંચુરિયામાં અનેક વિશેષાધિકારો મેળવીને પોતપોતાની સ્થિતિ મજબૂત બનાવી હતી. હવે, ચ્યાંગ-કાઈ-શેક અને કુઓ-મિંગ-તાંગ પક્ષે, રાષ્ટ્રીય સરકાર બનાવીને, વિદેશીઓના પ્રભાવક્ષેત્રો સામે ઝુંબેશ ચલાવી હતી. પરંતુ સામ્યવાદીઓ સાથેના આંતરવિગ્રહને લીધે તેમાં પ્રગતિ થતી નહોતી. ચ્યાંગ-કાઈ-શેક અને સામ્યવાદી વચ્ચેનો આંતરવિગ્રહ, જાપાન માટે ફાયદાકારક પુરવાર થયો. સામ્યવાદીઓ જાપાન સામે લડવાનું કહેતા હતા. જ્યારે ચ્યાંગ-કાઈ-શેક પહેલાં સામ્યવાદીઓને ખતમ કરવાનું કહેતો હતો. બંનેએ ભેગા મળીને, જાપાનનો સામનો કર્યો હોત તો, જાપાનનો માર્ગ આટલો સરળ અને નિષ્કંટક બન્યો ન હોત.

રશિયાએ પહેલાં ચીનના મિત્ર બનીને, લિઆઓતુંગ દ્વિપકલ્પમાં પોતાનું પ્રભાવક્ષેત્ર બનાવ્યું હતું, પરંતુ પોર્ટસ્માઉથી સંધિ પછી, એ અધિકારો જાપાનને

મળ્યા હતા. ચીનની નિર્બળતાનો લાભ-ગેરલાભ ઉઠાવીને, 1915માં એ અધિકારો, જાપાને 25 વર્ષને સ્થાને 55 વર્ષ માટે મેળવ્યા હતા. 1923માં ચીને સ્પષ્ટ કહી દીધું કે, જૂના કરાર (25 વર્ષના) ઈ.સ. 1923માં પૂરા થયા છે અને 55 વર્ષના કરાર તેને માન્ય નથી. જ્યારે જાપાન કહેતું હતું કે 1915ના કરાર 55 વર્ષના ન્યાયી અને બરાબર છે. આ બાબત દક્ષિણ-મંચુરિયન રેલવેના સંબંધમાં હતી. **આમ, ચીન અને જાપાન વચ્ચે, સંઘર્ષ ચાલતો હતો.** આ ઉપરાંત, **મંચુરિયામાં, જાપાનીઓ રહેતા હતા** અને તેમને કેટલાક વિશેષાધિકારો પણ હતા. જાપાનીઓ ત્યાં, જમીનો અને મકાનો પણ ખરીદી શકતા હતા. **તેનાથી પણ, ચીન અને જાપાન વચ્ચે અનેક સમસ્યાઓ, પ્રશ્નો અને વિવાદો જન્મ્યા હતા.** 1921-'22ની વૉશિંગ્ટન પરિષદમાં, ચીન અને જાપાન વચ્ચે જે સંધિ થઈ હતી તે અનુસાર, બંને રાષ્ટ્રોએ, એકબીજાની આંતરિક બાબતમાં દખલ કરવી નહીં, પરંતુ મંચુરિયા ચીનનું એક અંગ છે. તે માનવાને જાપાન તૈયાર નહોતું. વળી, મંચુરિયાની વિદેશનીતિનું સંચાલન, નાનકિંગ કરે તે પણ જાપાનને માન્ય નહોતું. જૂન, **1931માં, 'નાકામુરા' નામના એક** જાપાની ઑફિસરનું, મંચુરિયામાં ખૂન થયું. જાપાને તે અંગે, તપાસ વિના જ, ચીનને દોષિત ઠરાવી દીધું. આમ, **મંચુરિયાના ક્ષેત્રમાં, ચીન અને જાપાન વચ્ચેના સંબંધો બગડતા જતા હતા. અને તેને માટે - ઉકેલ માટે - યુદ્ધ અનિવાર્ય બન્યું હતું.**

(ब) જાપાનનું મંચુરિયા પરનું આક્રમણ

(1) મંચુકુઓની સ્થાપના : ઈ.સ. 1931માં, 18મી સપ્ટેમ્બરે, દક્ષિણ મંચુરિયન રેલવે પર બોંબ ફેંકવામાં આવ્યો, જાપાનને આથી ઘણો ક્રોધ ચઢ્યો અને ચીની સૈનિકોનું તે કામ છે એમ કહીને, મંચુરિયાની રાજધાની **મુકદમનો** કબ્જો લીધો. ચીને ના પાડી તેનો કોઈ અર્થ સર્યો નહિ. 1931ના અંત સુધીમાં તો જાપાને મંચુરિયાનો ઘણો પ્રદેશ કબ્જે કર્યો. ચીની સુબો ચાંગ-હુસુઈહ-લિઆંગ નાસી છૂટ્યો અને ચીની લશ્કર પણ જાપાનને અટકાવી શક્યું નહિ. **1932માં, 'મંચુકુઓ'**ની સ્થાપના થઈ. તેમાં, મંચુરિયાના ત્રણ પૂર્વ પ્રાંતો તથા જહોલના પ્રદેશનો સમાવેશ કરવામાં આવ્યો. જાપાને આ પ્રદેશ જીતેલો હોવાથી તે ચીનનું અંગ નથી અને તે સ્વતંત્ર છે, એમ ગણાવીને જાપાને ત્યાં, ચીનના માજી સમ્રાટ પૂયીની નિમણૂક કરી. તેને માટે બંધારણ ઘડવામાં આવ્યું. તેમાં પ્રજાને મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા. રાજ્ય વ્યવસ્થા તથા ન્યાયાલયની પણ યોજના કરવામાં આવી. જાપાનનું આ પગલું ચીને માન્ય રાખ્યું નહિ. પરંતુ, આનાથી વિશેષ કાંઈ કર્યું નહિ. રશિયા પણ મંચુકુઓની સ્થાપના વિરુદ્ધ હતું. છતાં તે પણ જાપાન વિરુદ્ધ કશું કરવાની સ્થિતિમાં નહતું. આમ **મંચુકુઓની કહેવાતી, સ્વતંત્ર સરકાર, જાપાનના નિરીક્ષણ હેઠળ, શાસન ચલાવતી હતી.** ચીન જાપાનનો મુકાબલો રણમેદાનમાં કરી શકતું નહતું. તેથી તેણે જાપાનમાં

માલનો બહિષ્કાર શરૂ કર્યો. તેને માટે સમિતિઓ બનાવવામાં આવી. શાંઘાઈ તેનું મુખ્ય કેન્દ્ર હતું. જાપાનનો માલ વેચાતો બંધ થયો. જાપાને એવી સમિતિઓને વિખેરી નાખવા, શાંઘાઈની મ્યુનિસિપાલિટીને આદેશ આપ્યો. તેણે એવી સમિતિઓને વિખેરી નાખી છતાં જાપાનને સંતોષ થયો નહિ અને તેણે, 1932 માં શાંઘાઈ પર આક્રમણ કર્યું અને તેનો ઘણો ભાગ કબ્જે કર્યો. ચીને મદદ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તે નિષ્ફળ ગયો. **આ રીતે, એક યા બીજી રીતે, ચીન અને જાપાન વચ્ચે સંઘર્ષ વધતો જ જતો હતો. યુદ્ધ અનિવાર્ય બન્યું હતું.**

(2) મંચુકુઓનો પ્રશ્ન રાષ્ટ્રસંઘમાં : પ્રથમ વિશ્વવિગ્રહ પછી, અમેરિકાના પ્રમુખ વુડ્રો **વિલ્સન**ના 14 મુદ્દાઓનો તો પૂરેપૂરો સ્વીકાર થયો નહિ પરંતુ એ મુદ્દાઓને આધારે, વિશ્વમાં, શાંતિ અને સલામતીની જાળવણી માટે રાષ્ટ્રસંઘ (લીગ-ઑફ-નેશન્સ)ની સ્થાપના, **વર્સલ્સની સંધિથી** થઈ હતી. જાપાન અને ચીન બંને તેના સભ્યો હતા. જાપાને પણ વચન લીધું હતું કે તે કોઈપણ, રાષ્ટ્રની સ્વતંત્રતામાં દખલ કરશે નહિ તથા આંતરરાષ્ટ્રીય ઝઘડાઓના નિકાલ માટે તે બળનો ઉપયોગ કરશે નહિ. જાપાને મંચુરિયા પર આક્રમણ **કર્યું ત્યારે ચીને તેની વિરુદ્ધ રાષ્ટ્રસંઘમાં અપીલ કરી.** રાષ્ટ્ર સંઘે જાપાનને આદેશ આપ્યો કે તેણે લશ્કર હટાવી લેવું જોઈએ. **પરંતુ ચોર-લૂંટારાઓનું બહાનું બતાવીને જાપાને લશ્કર હટાવવાની ના પાડી.**

(3) લૉર્ડ લિટનના પ્રમુખપદે કમિશન અને તેનો રિપોર્ટ : 10 મી ડિસેમ્બરના દિવસે, 1931 માં, રાષ્ટ્રસંઘે સમગ્ર પ્રશ્નનો રીપોર્ટ કરવા, **લૉર્ડ બ્રિટનના** પ્રમુખપદે એક કમિશનની નિમણૂંક કરી અને તેની પાસે રિપોર્ટ માંગ્યો. રિપોર્ટ, જાપાનની વિરુદ્ધમાં આવ્યો. અહેવાલ મુજબ મંચુરિયામાં ચીન, જાપાન તથા રશિયાના વિશેષ અધિકારોના રક્ષણની વ્યવસ્થા કરવી. જાપાને લશ્કર પાછું બોલાવવું અને શાંતિથી ઝગડાનો નિકાલ વાટાઘાટો દ્વારા લાવવો. **મંચુકુવો અલગ કે સ્વતંત્ર રાજ્ય નથી અને** તેને કોઈએ સ્વીકૃતિ આપવી નહિ. **જાપાન પોતાનું પ્રભુત્ત્વ છોડવા તૈયાર નહોતું અને તે 1933માં રાષ્ટ્રસંઘમાંથી નીકળી ગયું.**

(4) જાપાન, રાષ્ટ્રસંઘની અવગણના કરે છે : રાષ્ટ્રસંઘે, તેના રિપોર્ટમાં જાપાનને લશ્કર પાછું ખસેડવાનો આદેશ આપ્યો અને મંચુકુઓ એક અલગ રાજ્ય છે. તે મંજૂર કર્યું નહિ. તેથી જાપાને, રાષ્ટ્રસંઘમાંથી નીકળી જવાનું પસંદ કર્યું અને મંચુકુઓને પોતે સ્વીકૃતિ આપી. વધુમાં તેણે, મંચુરિયાથી આગળ વધીને ચીન પર હુમલાઓ કરવાની, જાપાને શરૂઆત કરી. જાપાને મંચુકુઓને સ્વીકૃતિ આપી એટલે જ નહિ, પરંતુ મંચુકુઓ અને જાપાને એકબીજાને રક્ષણ અને સહકાર આપવાની સંધિ પણ કરી.

(क) મંચુકુઓ જાપાનના પ્રભુત્વ હેઠળ

15 મી ડિસેમ્બરના દિવસે, 1932 માં, જાપાનમાં ક્વાંતુંગ લશ્કરે, મંચુરિયા કબ્જે કરીને, ત્યાં 'મંચુકુઓ' રાજ્યની સ્થાપના કરી હતી. જાપાન પ્રમાણે, તે એક સ્વતંત્ર રાજ્ય હતું અને તેનું રક્ષિત રાજ્ય. તેમાં જાપાનનાં વિશેષાધિકરો હતા. અને ચ્યાંગ-કાઈ-શેકની રાષ્ટ્રીય ચીની સરકાર આવા વિશેષાધિકારોને નાબૂદ કરવા પ્રયત્નો કરતી હતી. જાપાને મંચુકુઓમાં શાંતિ અને સહીસલામતીની વ્યવસ્થા કરી હતી. તથા વિદેશીઓના આક્રમણથી તેને સુરક્ષિત પણ રાખ્યું હતું. જાપાને મંચુકુઓના વિકાસમાં - ખાસ કરીને વ્યાપારી વિકાસમાં - ભારે મૂડીરોકાણ કર્યું હતું. ચીન તથા રશિયા જાપાનનો પ્રભાવ અટકાવવા પ્રયત્નશીલ હતાં. જાપાને મંચુકુઓમાં પોલીસ વ્યવસ્થા કરીને ચોર-લૂંટારાઓનો ભય દૂર કર્યો હતો. ખેડૂતો અને વ્યાપારીઓને સુરક્ષિત કર્યા. જાપાને કિલ્લાઓ બાંધ્યા અને રેલવે લાઈનો નાંખી. રાજ્યમાં શિક્ષણ - સંસ્થાઓની સ્થાપના કરી જાપાને પોતાની સભ્યતા અને સંસ્કૃતિનો ત્યાં ફેલાવો કર્યો. **વિશ્વવિદ્યાલયોમાં, જાપાન તરફથી જ પ્રવેશ આપવામાં આવતો. આમ, મંચુકુઓ એક વિકસિત રાજ્ય બન્યું, પરંતુ જાપાનના અંકુશ નીચે. જાપાને, તેના સામ્રાજ્યવાદના વિકાસને માટે, રાષ્ટ્રસંઘની અવગણના કરી ઉત્તર-પૂર્વ ચીન તથા મંગોલિયામાં સામ્રાજ્ય સ્થાપવામાં, જાપાને પોતાની શકિતઓ કેન્દ્રિત કરી અને ભવિષ્યનાં કરૂણ અંજામ તરફ આગળ વધ્યું.**

જૂથ-2

પ્રકરણ-6 : ચીન-જાપાન વિગ્રહ (1937 થી 1941)

"જાપાનને એવી ખાતરી થઈ હતી કે જ્યાં સુધી ચીનમાં, જાપાન તરફી સરકાર કે સરકારો આવશે નહિ, ત્યાં સુધી સંઘર્ષો અને વિગ્રહો ચાલુ રહેવાનાં જ." — કેથૅન લાટુરેટ

❀ ❀ ❀

"7મી જુલાઈ, 1937 ના દિવસે, પેકિંગથી 10 માઈલ દૂર આવેલા, **'માર્કો' 'પોલો'** પુલ (Marcopolo Bridge) ની પાસે, **લુકોઉચિયાઓ** ગામમાં, ચીનના તથા જાપાનના લશ્કર વચ્ચે સામસામા ગોળીબાર થયા...... આ બનાવે ગંભીર સ્વરૂપ લીધું, વાટાઘાટો નિષ્ફળ ગઈ અને મોર્કોપોલો પુલના બનાવે, ચીન-જાપાન વિગ્રહ (1937-'41) માટે 'ચિનગારી'નું કામ કર્યું." — એક બનાવ

❀ ❀ ❀

"પૂર્વ એશિયામાં, ચીન અને જાપાન બે મુખ્ય રાજ્યો છે. અને જો બંને વચ્ચે પરસ્પર વિરોધાભાસ થશે તો, એશિયાના ઉત્કર્ષ માટે તે નુકસાનકારક બનશે, માટે કાયમી શાંતિ માટેનો માર્ગ, જાપાન સાથે મૈત્રીભર્યા સંબંધો રાખવામાં છે. વળી, જાપાને એ પણ સ્પષ્ટ કર્યું કે તેનો હેતુ, ચીનમાં પોતાની સત્તા જમાવવાનો નથી." — જાપાનની એક લોભામણી જાહેરાત.

પ્રકરણની રૂપરેખા

1. **ચીન-જાપાન વિગ્રહ : (1937 – 1941) :**

(અ) વિગ્રહ તરફ દોરી જતાં કારણો - પરિબળો : (1) જાપાનની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિ ચાલુ જ રહી (2) જાપાન અને ચીન સામસામે (3) હેન્કો, સ્વેતો અને ફેંગતાઈના બનાવો. (4) માર્કોપોલો પુલનો બનાવ-તાત્કાલિક કારણ.

(બ) ચીન-જાપાન વિગ્રહનાં પરિણામો - અસરો : (1) પેકિંગ, ચહર તથા સુઈયુઆનનો વિજય (2) શાન્સીપ્રાંત પર આક્રમણ અને સામ્યવાદીઓ (3) જિતાયેલા પ્રદેશોની જાપાન દ્વારા વ્યવસ્થા (4) શાંઘાઈ પર હુમલો (5) નાનકિંગ પર હુમલો (6) હેન્કો પર હુમલો (7) જાપાનની લોભામણી જાહેરાત

1. ચીન-જાપાન વિગ્રહ-1937 થી 1941 :

પ્ર. 6. ચીન-જાપાન (1937-1941) વિગ્રહનો ટૂંકમાં વૃત્તાંત આપો.

➤ **1931 થી 1941, દરમિયાન, જાપાનના સામ્રાજ્યવાદનો વિકાસ આલેખો.**

➤ **નોંધ : (1) ચીન-જાપાન વિગ્રહ (1937 થી 1941)**

[**મુખ્ય મુદ્દાઓ : (અ) પ્રાસ્તાવિક (બ) ચીન-જાપાન વિગ્રહનાં કારણો - પરિબળો :** (1) જાપાનની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિ ચાલુ જ (2) જાપાન-ચીન સામસામે (3) હેન્કો, સ્વેતો અને ફેંગતાઓના બનાવો. (4) માર્કોપોલો પુલનો બનાવ **(ક) ચીન-જાપાન વિગ્રહનાં પરિણામો-અસરો; જાપાનનો આગળ સામ્રાજ્ય વિકાસ** (1) પેકિંગ, ચહર તથા સુઈ-યુઆનનો વિજય (2) શાન્સી પ્રાંત પર આક્રમણ અને સામ્યવાદીઓ (3) જીતાયેલા પ્રદેશોની જાપાન દ્વારા વ્યવસ્થા (4) શાંઘાઈ પરનો હુમલો (5) નાનકિંગ પરનો હુમલો (6) હેન્કો પરનો હુમલો (7) જાપાનની લોભામણી જાહેરાત.]

(અ) પ્રાસ્તાવિક

જાપાને, ટૂંક મુદતમાં જ, (1853માં તો તેણે પોતાનાં દ્વાર ખુલ્લાં મૂક્યાં હતાં.) પોતાનું આધુનિકરણ કર્યું, ઔદ્યોગિકરણ કર્યું અને સામ્રાજ્યવાદને અપનાવ્યું. જાપાન શિખવામાં ઉસ્તાદ હતું એની ના પાડી શકાય નહિ. પરંતું તેણે એમાં જે સંયમ જોઈએ. પૂર્વનો જે આત્મા હોય, ઉદારતા હોય, પરોપકારીપણું હોય તેને નેવે મૂકી દીધાં અને નર્યો સ્વાર્થ સાધવાનો પ્રયત્ન કર્યો. રાષ્ટ્રવાદ તો સારી ભાવના છે, પરંતુ ઉગ્રરાષ્ટ્રવાદ બીજાને નુકસાનકારક છે. અને પછી પોતાને પણ; એ જાપાન સમજી શક્યું નહિ. 1931માં, તેણે મંચુકુઓની સ્થાપના કરી ત્યારે, રાષ્ટ્રસંઘે વાંધો લીધો હતો, જાપાન તેની પરવા કર્યા વિના તેમાંથી નીકળી ગયું. **"જે હથિયારો સર્જે છે, તેમનો હથિયાર દ્વારા જ નાશ થાય છે."** એ ઉક્તિને જાપાને સાચી ઠેરવી.

(બ) ચીન-જાપાન વિગ્રહનાં કારણો-પરિબળો

(1) જાપાનની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિઓ ચાલુ જ : જાપાને ઝડપથી પોતાનું, ઔદ્યોગીકરણ કર્યું અને પોતાના પાશ્ચાત્યગુરૂઓની જેમ સ્વાર્થી તથા ચૂસણ સંસ્થાનવાદી અને સામ્રાજ્યવાદી નીતિનો અમલ શરૂ કર્યો. જાપાને પશ્ચિમનાં રાષ્ટ્રો પાસેથી કમનસીબે શક્તિશાળી બનવાનું શીખ્યું, પરંતુ તેમના જે અમુક મહાન આદર્શો હતા. જેમકે સહિષ્ણુતા, ઉદારતા, આંતરરાષ્ટ્રીય સહકાર, ઝઘડાઓની પતાવટમાં લવાદ વગેરે અપનાવવાનું છોડી દીધું હતું. એમ લાગે છે. છેવટે તો **વિનાકે** કહે છે તેમ તેનું પતન-ગ્રીક ટ્રેજેડીની જેમ-તો થવાનું જ હતું, પરંતુ તેણે એતો પુરવાર કરી આપ્યું કે પૂર્વનાં રાજ્યો ઉતરતા નથી જ.

અત્યારે, તો જાપાન સામ્રાજયવાદમાં મુસ્તાક-પ્રવૃત્ત હતું. 1931 માં મંચુરિયા પર આક્રમણ કરીને ત્યાં 'મંચુકુવો' જેવા પોતાના રક્ષિત રાજયની સ્થાપના પણ રાષ્ટ્રસંઘે તેને જવાબદાર ગણાવતાં, તે રાષ્ટ્રસંઘમાંથી પણ નીકળી ગયું. **આ જાપાને એક આંતરરાષ્ટ્રીય સંઘને પહેલો મરણતોલ ફટકો** લગાવ્યો હતો. તેની સામ્રાજયવાદી પ્રવૃત્તિ, 1894 થી 1991 સુધી 'વણથંભી ચાલુ રહી. તેને જાપાન વેગવંતી બનાવવા માંગતું હતું. **કેનેથ લાટુરેટ યોગ્ય રીતે જ લખે છે કે, "જાપાનને એવી ખાતરી થઈ ગઈ હતી કે જ્યાં સુધી જાપાન તરફી સરકાર કે સરકારો, ચીનમાં આવશે નહિ, ત્યાં સુધી આવા સંઘર્ષો અને વિગ્રહો ચાલુ રહેવાનાં." જાપાન તો યુદ્ધ માટે થનગની રહ્યું હતું.**

(2) જાપાન અને ચીન સામસામે : એક તરફ, જાપાન ચીનના વધુ પ્રદેશો પોતાના પ્રભાવ હેઠળ લાવવાના પ્રયત્નો કરતું હતું અને બીજી તરફ, 1937 માં કુઓ-મિંગ-તાંગ પક્ષ અને સામ્યવાદી પક્ષ સંયુક્ત મોરચો માંડીને, ચીનમાંથી જાપાનને હાંકી કાઢવા તૈયાર થયા હતા. **આમ બંને વચ્ચેનું યુદ્ધ અનિવાર્ય બન્યું હતું.**

(3) હેન્કો, સ્વેતો તથા ફેંગતાઈના બનાવો : આ પ્રમાણેનું સંઘર્ષ ચાલતું હતું, તેવામાં, **હેન્કો**માં જાપાનના પોલીસની હત્યા થઈ. **સ્વેતો** નામના શહેરમાં, જાપાનની એક રેસ્ટોરંટમાં ચીની બોંબ મળી આવ્યો. પેકિંગથી થોડે દૂર, **ફેંગતાઈ**માં એક જાપાની ઓફિસર પર હુમલો થયો. **આવા, બનાવોને લીધે, ચીન અને જાપાનના સંબંધો વધારે કટુ બન્યા.**

(4) માર્કોપોલો પુલનો બનાવ-તાત્કાલિક કારણ : 7મી જુલાઈ, 1937 ના રોજ, પેકિંગથી 10 માઈલ દૂર આવેલા, **માર્કોપોલો પુલ** (Marcopolo Bridge) નજીક, **લુકોઉચિયાઓ**, ગામમાં ચીનના અને જાપાનના લશ્કર વચ્ચે ગોળીબાર થયો. તેણે ગંભીર સ્વરૂપ પકડ્યું. ત્રણ અઠવાડિયાના દીર્ઘ સમય સુધી વાટાઘાટો ચાલી પરંતુ નિષ્ફળ ગઈ. પરિણામે યુદ્ધની શરૂઆત થઈ, 1937. **આમ, માર્કોપોલોના અથવા લુકોઉચિવાઓના** બનાવે તાત્કાલિક કારણ **પૂરું પાડ્યું. તેણે ચિનગારીનું કામ કર્યું.**

(ક) ચીન-જાપાન વિગ્રહનાં પરિણામો-અસરો

(1) પેકિંગ, ચહર તથા સુઈયુઆનનો વિજય : ચીન સાથે યુદ્ધ શરૂ થતાં

જાપાને 27 જુલાઈ, 1937 માં પેકિંગ કબ્જે કર્યું. જાપાને પછી, સમગ્ર **હોપેઈ** પ્રાંતનો કબ્જો કર્યો. ત્યાર પછી જાપાને **ચહર** અને **સુઈ યુઆનનો** પણ કબ્જો લીધો. **આમ જાપાનની વિજયકૂચ આગળ ચાલી.**

(2) શાંન્સી પ્રાંત પર હુમલો પરંતુ સામ્યવાદીઓનો સામનો : જાપાને, આગળ વધીને, શાંન્સી પ્રાંત પર આક્રમણ કર્યું. પરંતુ ત્યાં સામ્યવાદીઓએ તેનો સખત સામનો કર્યો. તેથી જાપાને ફક્ત પૂર્વી શાંન્સીપ્રાંત પર પોતાનો કબ્જો કર્યો.

(3) જીતાયેલા પ્રદેશોની, જાપાન દ્વારા વ્યવસ્થા : જાપાને, ચીનના જે પ્રદેશો જીત્યા હતા ત્યાં પોતાનું આધિપત્ય સ્થાપ્યું તથા ત્યાંની વ્યવસ્થા માટે બે નવી સરકારોની સ્થાપના કરી. મોંગોલિયાની સ્વતંત્ર સરકાર અને સુઈ યુઆન પ્રાંતની સરકાર તથા પેકિંગ સરકારના પ્રધાન તરીકે, **વાંગ-કેહમેન** નિમણૂક કરવામાં આવી. નવા જીતાયેલા પ્રદેશોમાં ચીની કર્મચારીઓને લેવામાં આવ્યા, પરંતુ તેમણે જાપાની સલાહકારોના માર્ગદર્શનમાં કામ કરવાનું હતું.

(4) શાંઘાઈ પર હુમલો : 1937 ના નવેમ્બરમાં, જાપાને ચીનના શાંઘાઈ પર હુમલો કર્યો. અહીં ચ્યાંગ-કાઈ-શેકના લશ્કરોએ, જાપાનનો સામનો કર્યો, પરંતુ જાપાનના લશ્કરની આગેકૂચને તે રોકી શક્યો નહિ. છેવટે તેમણે શાંઘાઈ ખાલી કરી દીધું.

(5) નાનકિંગ પર હુમલો : નાનકિંગ કુવોમિંગતાંગ પક્ષની સરકારની રાજધાની હતું. 15 મી ડિસેમ્બરના દિવસે, 1937 માં જાપાને, તેના પર આક્રમણ કરીને તેનો કબ્જો લીધો. આથી ચ્યાંગ-કાઈ-શેકને પોતાની રાજધાની ખસેડી લેવી પડી. તેમણે હેન્કોમાં પોતાની નવી રાજધાની બનાવી. નાનકિંગની પ્રજા પર જાપાને ભારે જુલમ અને અત્યાચાર કર્યો. નાનકિંગમાં વિદેશીઓ પણ સારી સંખ્યામાં હતા. પશ્ચિમનાં રાષ્ટ્રોમાં, આ જુલમ અને અત્યાચારનો પ્રત્યાઘાત પડ્યો અને બધાં જાપાનની વિરુદ્ધ થયાં.

(6) હેન્કો પર હુમલો : ચ્યાંગ-કાઈ-શેક પોતાની રાજધાની હેન્કો લઈ ગયા હતા. જાપાને હેન્કો પર પણ આક્રમણ કર્યું અને 1938 માં તેને કબ્જે કર્યું. આ હકીકત પુરવાર કરે છે કે જાપાનનું લશ્કર કેટલું મજબૂત હતું અને ચીનનું કેટલું નિર્બળ. હેન્કો પણ, રાષ્ટ્રીય સરકારને છોડવું પડ્યું અને તે ચુંગકિંગ ગઈ.

(7) **જાપાનની લોભામણી જાહેરાત :** હવે, ચીનના અનેક નેતાઓને ખાતરી થઈ હતી કે, જાપાન સાથે યુદ્ધ ચાલુ રાખવાનું વ્યર્થ છે. ચીન દરેક સ્થળે તેનાથી હારે છે. જોકે, આવા વિચાર સામે ચ્યાંગ-કાઈ-શેકનો અને અન્યનેતાઓનો વિરોધ હતો. જાપાન સાથે સુલેહ કરીને, શાંતિ કરવાની તરફેણમાં માનતા નેતાઓમાં, તેમનો આગેવાન વાંગ-ચિંગ-વેઈ હતો. તે તથા તેના અનુયાયીઓ કુઓમિંગતાંગથી જુદા પડ્યા. તેમને ચ્યાંગ-કાઈ-શેકે, દેશદ્રોહી જાહેર કર્યા.

જોકે જાપાને ચતુરાઈ વાપરીને, એવી જાહેરાત કરીકે, કુવોમિંગતાંગ પક્ષની સરકારની ગુલામીમાંથી જે પ્રદેશોને, **જાપાન મુક્ત કરશે,** તેમની ઉન્નતિ માટે તે **પ્રયત્ન કરશે. પૂર્વ એશિયામાં, ચીન અને જાપાન બે મુખ્ય રાજ્યો છે. જો તેમની વચ્ચે વિરોધાભાસ હોય તો એશિયાના ઉત્કર્ષ માટે તે હાનિકારક પુરવાર થશે. તેથી કાયમી શાંતિનો માર્ગ એ છે કે ચીને જાપાન સાથે મૈત્રીભર્યા સંબંધો રાખવા જોઈએ. જાપાને એ પણ સ્પષ્ટ કર્યું કે જાપાનનો હેતુ, ચીનમાં પોતાની સત્તા જમાવવાનો નથી. જાપાન ચીનનો સંબંધી અને મિત્ર બનવા માંગે છે.**

જાપાનની આવી, લોભામણી જાહેરાતથી, વાંગ-ચિંગ-વેઈ જેવા નેતાઓ ખુશ થઈ ગયા. જોકે તે દરમિયાન, 1939માં, બીજો વિશ્વવિગ્રહ શરૂ થવાથી, જાપાનનું ધ્યાન અગ્નિએશિયા તરફ કેન્દ્રિત થયું.

❖ ❖ ❖

જૂથ-3

પ્રકરણ-7 : જાપાનના બીજા વિશ્વવિગ્રહમાં પ્રારંભે વીજળીક વિજયો અને તેનાં કારણો

"1939 પહેલાં, વિશ્વ બે જૂથમાં વહેંચાઈ ગયું હતું. એક સામાન્ય આદર્શો અને હિતોના આધારે તેની રચના થઈ હતી. જર્મની અને ઈટાલી ફાસીવાદના અનુયાયીઓ હતા. જાપાન પ્રખર સામ્રાજ્યવાદી હતું. એટલે જર્મની તથા જાપાન જેવું જ. ફ્રાંસ અને રશિયાને જર્મની આગળ વધે તેનો ડર હતો. ફ્રાંસ, રશિયા, પોલેન્ડ રૂમાનિયા, ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લોવિયા વગેરે સંઘમાં પોતાની સલામતી માટે જોડાયા. ઈંગ્લેન્ડ અને અમેરિકા પણ, એ સંઘમાં ભળ્યાં. સપ્ટેમ્બર 1939 માં પોલેંડના પ્રશ્ને, બીજા વિશ્વવિગ્રહની શરૂઆત થઈ. જાપાને તત્કાલીન પરિસ્થિતિનો લાભ-ગેરલાભ લઈને, ઑક્ટો. 1938 માં કેન્ટન, ફેબ્રુ. 1939 માં હૈનાન અને માર્ચ, 1939 માં સ્પ્રેટલી ટાપુઓ કબજે કર્યા હતા."

— એક અવલોકન

❀ ❀ ❀

"અમેરિકા લશ્કરી તૈયારીઓ પૂરી કરી શકે અને બીજા વિશ્વવિગ્રહમાં સક્રિયપણે જોડાઈ જાય, તેની પૂર્વેજ, 7 મી

પ્રકરણની રૂપરેખા

1. **જાપાનના, બીજા વિશ્વવિગ્રહમાં પ્રારંભે વીજળીક વિજયો :**
   (1) ચીનમાં, જાપાનના વિજયો
   (2) જર્મનીના યુરોપમાં વિજયો
   (3) જાપાનનું હિંદી ચીન પર આક્રમણ
   (4) અમેરિકા પ્રવૃત્તિશીલ બને છે.
   (5) પર્લહાર્બર પર આક્રમણ
   (6) અગ્નિએશિયામાં, જાપાનના વિજયો
   (7) બર્માનું પતન
   (8) છ મહિનામાં, જાપાનનું વીજળીક આક્રમણ અને વિજયો
   (9) મિત્ર-રાજ્યોનો વિશ્વાસ
2. **જાપાનના વિજયનાં કારણો :**
   (1) એશિયા, એશિયાવાસીઓ માટે
   (2) ધાર્મિક દૃષ્ટિએ
   (3) સૈન્યો મોકલી શક્યું નહિ.
   (4) ભ્રમ તોડવો હતો.
   (5) જાપાનનો ઉગ્રરાષ્ટ્રવાદ
   (6) જાપાનની યુદ્ધ તૈયારીઓ પણ હતી – વૈજ્ઞાનિક હતી અને ઓચિંતું આક્રમણ

1. જાપાન બીજા વિશ્વવિગ્રહમાં, પ્રારંભે તેના વીજળીક વિજયો અને તેનાં કારણો :

પ્ર. 7. બીજા વિશ્વવિગ્રહમાં જાપાનના વિજયોની રૂપરેખા આપી, તેના વીજળીક વિજયોનાં કારણો આપો. (સૌ.યુ. 2006)

ડિસેમ્બર, 1941 માં, અમેરિકાના પેસિફિક સમુદ્રમાં આવેલા હવાઈ ટાપુઓમાંના **પર્લહાર્બર** નૌકામથક ઉપર જાપાને ઓચિંતો હુમલો કર્યો અને તેમાં અમેરિકાના 2,117 અધિકારીઓ મર્યા; 376 ઘાયલ થયા તથા 960 ગુમ થયા. 14 મોટાં વહાણો ડૂબ્યાં અને 217 વિમાનો નાશ પામ્યા. આમ, જાપાને અમેરિકાને ઊંઘતું ઝડપ્યું. અમેરિકા જે વિશ્વવિગ્રહથી અલિપ્ત હતું તેણે બીજે દિવસે, જાપાન વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી. હવે એશિયામાં પણ બીજો વિશ્વવિગ્રહ આવ્યો."

– એક હકીકત

➤ **બીજા વિશ્વવિગ્રહમાં જાપાનની વિજયકૂચની રૂપરેખા આપો અને તેની સમીક્ષા કરો.**

➤ **નોંધ લખો : (1) જાપાનના બીજા વિશ્વવિગ્રહમાં વિજયો (2) જાપાનના વીજળીક વિજયનાં કારણો**

[**મુખ્ય મુદ્દાઓ :** (अ) જાપાનના બીજા વિશ્વવિગ્રહના વીજળીક વિજયો (ब) જાપાનના વિજયનાં કારણો]

(अ) જાપાનના બીજા વિશ્વવિગ્રહના વીજળીક વિજયો

(1) ચીનમાં જાપાનના વિજયો : ઈ.સ. 1939 માં પોલેન્ડના પ્રશ્ને, બીજા વિશ્વવિગ્રહની શરૂઆત થઈ. હિટલરનો ઉદય ખાસ કરીને, વર્સેલ્સની અન્યાયી સંધિને આભારી હતો અને એજ રીતે એજ સંધિએ, મુસોલિના ઉદયમાં પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. હિટલર, મુસોલિનિ અને પછી જાપાન જેવા ઉગ્રવાદી તથા સામ્રાજ્યવાદી રાષ્ટ્રો - બર્લિન, રોમ અને ટોકિયો ધરી-ભેગાં મળતાં, યુદ્ધ શરૂ થયું, જાપાને કરાર કરીને (1940) ધરી રાષ્ટ્રોને પોતાના પક્ષે કરી લીધાં અને પછી, 1941માં રશિયા સાથે બિનઆક્રમણનો કરાર કર્યો. પોતાની રાજકીય અને વ્યૂહાત્મક સ્થિતિ દૃઢ કરી લીધી. હવે **તેણે લશ્કરવાદને છૂટો દોર આપ્યો. 1938-'39 માં તેણે** કેન્ટન, **હૈનાન તથા સ્પ્રેટલી ટાપુઓ કબ્જે કર્યા.** 1940 માં જાપાને થાઈલેન્ડ સાથે મૈત્રી કરાર કર્યો હતો.

(2) જર્મનીના યુરોપમાં વિજયો : જર્મનીએ, યુરોપમાં ઝડપથી આગેકૂચ કરી. યુદ્ધના પ્રારંભના થોડાક જ માસમાં, જર્મનીએ વિજળીક વેગે, નોર્વે, ડેન્માર્ક, હોલેન્ડ, બેલ્જિયમ અને ફ્રાંસનો કબ્જો લીધો. જર્મનીના દબાણ હેઠળ, ફ્રાંસની **વિચી સરકારે**, હિંદી ચીનના બંદરો, શહેરો અને હવાઈ મથકોનો, જાપાન લશ્કરી હેરફેર માટે ઉપયોગ કરે તેની મંજૂરી આપી. જાપાને ત્યાંથી ચીનને જે યુદ્ધ-સામગ્રી મોકલવામાં આવતી હતી. તેના ઉપર પ્રતિબંધ મૂક્યો. બર્મારોડ તરફથી જે સાધનસામગ્રી મોકલવામાં આવતી હતી. તેના પર પણ બોંબમારો કરવાની સુવિધા થઈ.

(3) જાપાનનું હિંદી-ચીન પરનું આક્રમણ : જુલાઈ, 1941 માં જાપાને હિંદી ચીન ઉપર વ્યવસ્થિત આક્રમણ કરવાની શરૂઆત કરી. અમેરિકાએ હવે નરમ પગલાં લેવાની શરૂઆત કરી. જાપાન સાથે તેણે 'વેપારી સંબંધો' તોડી નાંખ્યા.

(4) અમેરિકા પ્રવૃત્તિશીલ બન્યું : તેને યુદ્ધસામગ્રી, પેટ્રોલ, લોખંડ વગેરે જરૂરી ચીજવસ્તુઓ વેચવાનું બંધ કર્યું. અમેરિકામાં, જાપાનની જે સંપત્તિ હતી, તેને પણ જપ્ત કરી. આ બાબત, જાપાન માટે ભારે ગંભીર હતી. આ અવરોધ દૂર કરવાની જાપાન માટે ખાસ જરૂરિયાત હતી. તેથી તેણે-જાપાને અમેરિકા સાથે વાટાઘાટોનો દોર ચાલુ રાખ્યો.

(5) પર્લહાર્બર પર આક્રમણ : જાપાને, એક તરફ, અમેરિકા સાથે વાતચીત ચાલું રાખી અને બીજી તરફ, અમેરિકાના પેસિફિક મહાસાગરમાં આવેલા, હવાઈ ટાપુઓના 'પર્લહાર્બર' ના નૌકામથક પર હુમલો કર્યો, 7મી ડિસેમ્બર, 1941. તેનાથી અમેરિકાના 2,117 અમલદારો મર્યા, 376 ઘાયલ થયા તથા 960 ગુમ થયા. તેના 14 મોટાં વહાણો ડૂબ્યાં તથા 217 વિમાનો નાશ પામ્યાં. આમ, જાપાને અમેરિકાને ઊંઘતું ઝડપી લીધું. બીજે દિવસે અમેરિકાએ પણ, બીજા વિશ્વવિગ્રહમાં ઝંપલાવ્યું અને યુદ્ધનો રંગ બદલાઈ ગયો.

(6) અગ્નિએશિયામાં જાપાનના વિજયો : પર્લહાર્બરની સફળતા પછી, જાપાને અગ્નિ, એશિયામાં વીજળીક ગતિએ સફળતાઓની પરંપરા સર્જી. 10મી ડિસેમ્બરને દિવસે 1941, જાપાને, ઈંગ્લેન્ડના **બે યુદ્ધ જહાજો** ડુબાડી દીધાં. 25 મી ડિસેમ્બરે, જાપાને **હોંગકોંગ** તથા સારા વાક કબ્જે કર્યા. જાન્યુઆરી, 1942 માં, **ફિલિપાઈન્સમાં મૅકસાર્થર**નો પરાજય કર્યો. જાપાનનું લશ્કર **હિંદીચીનમાં** અને **થાઈલેન્ડ** થઈને **મલાયામાં** દાખલ થયું. 15 મી ફેબ્રુઆરી, 1942 માં, ઈંગ્લેન્ડના અજેય અને અભેધ ગણાતા **સિંગાપુર**નું પતન થયું. જાપાને ઈન્ડોનેશિયાના **સુમાત્રા, જાવા, બાલી, બોર્નિયો, એમ્બોયના, તિમોર,** સેલીબીસ વગેરેનું પતન કર્યું. માર્ચમાં, બટાવિયાનું પતન કર્યું. તથા વેસ્ટ ઈન્ડિઝનો વિજય જાપાને પુરો કર્યો. એજ માર્ચમાં, ઑસ્ટ્રેલિયાની ઉત્તરે 400 માઈલે આવેલા **ન્યૂઝીની** પણ જાપાને કબજો લીધો. 7 મી માર્ચે (1942) બર્માની રાજધાની રંગૂનનું જાપાનના હાથેં પતન થયું. **ખરેખર, જાપાને વીજળીક ગતિએ, આ બધા વિજયો કર્યા હતા.** એપ્રિલ, 1942માં જાપાનનું નૌકાદળ બંગાળાના ઉપસાગરમાં કાર્યશીલ હતું અને જાપાનના વિમાનો સિલોન ઉપર બોંબવર્ષા કરી રહ્યા હતા. મે 1942 માં જાપાને સમગ્ર **બર્મા** કબજે કરી લીધું. ચીનને બર્મારોડ મારફતે મળતો પુરવઠો જાપાને બંધ કર્યો.

(7) **છ મહિનામાં જાપાનના વિજયો :** આમ, ડિસેમ્બર, 1941 થી મે 1942 સુધીના છ મહિનામાં એટલા ટૂંકા ગાળામાં - જાપાને વીજળીક વેગે, યુરોપની ત્રણ મહાસત્તાઓ ઈંગ્લેન્ડ, ફ્રાંસ અને હોલેન્ડ-નાં અગ્નિ એશિયાના સામ્રાજ્યોને તોડી પાડીને, વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું.

(8) **છતાં મિત્રરાજ્યોનો વિશ્વાસ :** જાપાનના આવા જ્વલંત વિજયો છતાં મિત્રરાજ્યોએ ભારે વિશ્વાસ અને હિંમત રાખીને, જાપાનનો સામનો કર્યો અને અંતે તેમનો વિજય થયો.

2. જાપાનનાં વિજયનાં કારણો

(1) **એશિયા, એશિયાવાસીઓ માટે :** અગ્નિએશિયામાં, જાપાનના ઝડપથી વિજયો થયા. તેનું કારણ એ પણ છે કે, આ પ્રદેશોમાં વિદેશી સરકારો હતી. દા.ત. હિન્દીચીનમાં ફ્રાંસની, બર્મા અને મલાયામાં ઈંગ્લેન્ડની, ઈન્ડોનેશિયામાં હોલેન્ડની તથા ફિલિપાઈન્સમાં અમેરિકાની. આ બધાંજ રાષ્ટ્રો, પશ્ચિમી સત્તાઓમાં ગુલામ રાજ્યો હતાં અને તેમને ત્યાંની પ્રજાને આ વિદેશી શાસકો સ્વાભાવિક રીતે જ ગમતા નહોતા-તેમની સાથે સહાનુભૂતિ નહોતી. વળી, જાપાને એવી લોભામણી જાહેરાત કરેલી કે, **"એશિયા, એશિયાવાસીઓ માટે"** એટલે કે આ બધા પ્રદેશોને મુક્ત કરીને જાપાન તેમની પ્રજાને સ્વતંત્ર કરીને સોંપી દેશે. "એશિયાના આ સામ્રાજ્યવાદની એડી નીચે કચડાતાં રાષ્ટ્રોને જાપાન મુક્તિ અપાવશે. જાપાન તેમનું 'મુક્તિદાતા' બનશે. **આથી સ્થાનિક પ્રજાએ, જાપાનને સહકાર આપ્યો.**

(2) **ધાર્મિક દૃષ્ટિએ :** અગ્નિ એશિયાનાં રાષ્ટ્રો, ધાર્મિક દૃષ્ટિએ, પાશ્ચાત્ય રાષ્ટ્રોથી જુદા હતાં. **તેમને ખ્રિસ્તીઓની** વટાળવૃત્તિ **સામે** ક્રોધ હતો. દા. ત., બર્મા, હિંદી ચીન **તથા થાઈલેન્ડમાં બૌદ્ધધર્મ હતો.** જાપાન પણ **બૌદ્ધધર્મીનો હતો** જ. ઈન્ડોનેશિયામાં **"ઈસ્લામ" હતું.** જાપાનના **સૈનિકો "કુરાને-શરીફ" ને પવિત્ર** ગણતા **અને** તેને **માન આપતા. મસ્જિદોને પણ જાપાનીઓ માન-આદરની નજરે** જોતા. **આથી, જાપાનને વિવિધ ધર્મો પાળતી અગ્નિએશિયાની પ્રજાનો સાથ-સહકાર મળી રહ્યો.**

(3) **સૈન્યો મોકલી શક્યાં નહિ :** અગ્નિ એશિયાના, પોતાના સામ્રાજ્યમાં, વિદેશી સત્તાઓએ, પ્રાદેશિક બળવા અથવા ક્રાંતિને રોકવા માટે લશ્કરો **રાખ્યા હતા.** જાપાનના આધુનિક શસ્ત્ર-સાધનોથી સજ્જ લશ્કરનો સામનો કરવા માટે, એવા લશ્કરો સક્ષમ નહોતા. વધુમાં ઘર-આંગણે જાપાનના મિત્રો, જર્મની તથા ઈટાલી સાથે આ સત્તાઓ લડવામાં પ્રવૃત્ત હોવાથી, પોતાના સામ્રાજ્યના રક્ષણને

માટે લશ્કર મોકલી શકે એવી પરિસ્થિતિ નહોતી, આથી આ પ્રદેશોમાં જાપાનના લશ્કરને વધુ **વિશ્વનો સામનો કરવો પડ્યો નહોતો.**

(4) **ભ્રમ તોડવો હતો :** પશ્ચિમના લોકોમાં એક એવો ભ્રમ કે ભ્રામક ખ્યાલ હતો કે ગોરીપ્રજા સર્વોપરી છે. અને રાજ્ય કરવાનો તેને દૈવી અધિકાર મળેલો છે. આ ભ્રમને-પશ્ચિમની સર્વોપરિતાનો - સૌ પ્રથમ જાપાને તોડ્યો હતો અને પૂર્વની શક્તિનો પરચો બતાવ્યો હતો. ઈંગ્લેન્ડ જેવી પશ્ચિમી સત્તા પણ 1902 માં જાપાન જેવા પૂર્વના રાષ્ટ્રની મૈત્રી કબૂલ કરવા તૈયાર થયું હતું. હવે, અગ્નિ-એશિયાનાં રાષ્ટ્રો પણ પશ્ચિમની પ્રજાનો ભ્રમ તોડવા માંગતા હતા.

(5) **જાપાનનો ઉગ્રરાષ્ટ્રવાદ :** કેટલાંક કારણોસર પરિબળોને લીધે જાપાનમાં ઉગ્રરાષ્ટ્રવાદ તથા લશ્કરવાદનું જોર ભારે વધેલું હતું. વળી 1875 થી 1937 સુધી, જાપાનને એકધારી સફળતા મળી હતી, તેનાથી તે વધુ સામ્રાજ્યવાદી અને ઉગ્ર બન્યું હતું. તેને એશિયાની એક મહાન તથા એકમાત્ર સત્તા બનવું હતું. **તેની પર નૈતિકતાનું સંયમ** જેવું કશું નહોતું.

(6) **જાપાનની યુદ્ધ તૈયારીઓ પૂર્ણ અને વૈજ્ઞાનિક :** એ વાત પણ સાચી છે અને હકીકત પણ કે જાપાનની લશ્કરી તૈયાર સંપૂર્ણ હતી તથા વૈજ્ઞાનિક પણ. તેનાં શસ્ત્ર-સાધનો પણ અત્યાધુનિક હતાં અને લોકોમાં લડાયક જુસ્સો હતો. 'મ્યૂનિચ સમજૂતી' વખતે (1938) માં ઈંગ્લેન્ડની લશ્કરી તૈયારી સંપૂર્ણ હતી. વળી, જાપાનનું આક્રમણ. **ઓચિંતું** અને **વિદ્યુતવેગી** હતું. દા. ત., પર્લહાર્બર પર જાપાને જે આક્રમણ કર્યું ત્યારે અમેરિકા ઊંઘતું ઝડપાઈ ગયું હતું.

જૂથ-3

પ્રકરણ-8 : ચીનમાં સામ્યવાદનો ઉદય તથા વિકાસ સામ્યવાદીઓનું મહાપ્રસ્થાન (Long March) માઓ-ત્સે-તુંગ તથા ચાઉ-એમ-લાઈ

"આજે ચીન, રાક્ષસી તાકાત અને ગણનાપાત્ર ઔદ્યોગિક વિકાસ તથા આધુનીકરણ કરીને, વિસ્તારવાદી અને મહત્ત્વકાંક્ષી નીતિથી અગ્નિ-એશિયાનાં રાષ્ટ્રોને, ભારત જેવા મિત્ર રાષ્ટ્રને તથા રશિયા જેવા વૈચારિક સામ્ય ધરાવતા બાંધવરાષ્ટ્રને પડકાર આપી રહ્યું છે. તેનો હવે પછીનો ઈતિહાસ, જાપાનના ઈતિહાસનું પુનરાવર્તન કરે એવું સ્પષ્ટ લાગે છે. કોઈ સમજુ નેતા તેને પૂર્વની નીતિમત્તા શિખવાડે એ બહુ આવશ્યક લાગે છે."

— એક પદાર્થપાઠ

❀ ❀ ❀

"ચીનમાં, 1921માં, સામ્યવાદી પક્ષનું પ્રથમ સંમેલન મળ્યું. ત્યાંથી શરૂ કરીને છેક 1949માં, ચીનમાં "સામ્યવાદી ગણતંત્ર" સ્થપાયું ત્યાં સુધીના, સામ્યવાદના વિકાસમાં સૌથી મહત્ત્વનો ભાગ ભજવનાર નેતાઓ હતા : **પ્રો. ચેન-તુ-હૂસિયુ** (પેકિંગ યુનિવર્સિટીના, સાહિત્ય વિદ્યાશાખાના ડીન), **ચાઉ-એન-લાઈ** (ચીનના અમલદાર કુટુંબનો સભ્ય, જેણે પેરિસમાં, અભ્યાસ દરમિયાન પણ, સામ્યવાદી પક્ષની આગેવાની લીધી હતી.) **ચુ-તેહ** (જેણે જમીનદાર અને લશ્કરી નેતા હોવા છતાં, પક્ષની સામ્યવાદી બર્લિન શાખાનું સંગઠન કર્યું હતું), તથા **માઓ-ત્સે-તુંગ** (ખેડૂતપુત્ર ચીનના ખેડૂતોનું સંગઠન કરી તેમના હિત માટે કાર્ય કરનાર). આ બધામાં, માઓ-ત્સે-તુંગનું જીવન, ચીનની સામ્યવાદી ક્રાંતિ સાથે એવું ઓતપ્રોત થયું છે - વણાઈ ગયું છે. ડૉ. સુનની જેમ કે ચીનનાં સામ્યવાદી પક્ષનો ઈતિહાસ. એટલે માઓના જીવનનો ઈતિહાસ, એમ કહી શકાય. તે ચીનનો 'લેનિન' હતો.

— એક હકીકત

પ્રકરણની રૂપરેખા

1. **ચીનમાં સામ્યવાદી પક્ષનો ઉદય અને વિકાસ :** (1) સામ્યવાદી પક્ષની સ્થાપના (2) સામ્યવાદી પક્ષના ધ્યેયો (3) રાષ્ટ્રવાદીઓ સાથે સહકારનો તબક્કો (1922 થી 1927) (4) રાષ્ટ્રવાદીઓ સાથે સંઘર્ષનો તબક્કો (1927 થી 1937) (5) સામ્યવાદીઓ સાથે પુનઃ સહકાર તથા પુનઃસંઘર્ષનો તબક્કો (6) બીજો વિશ્વવિગ્રહ (7) આંતરવિગ્રહ અને સામ્યવાદીઓ વિજય (8) 1949માં ચીન "સામ્યવાદી ગણતંત્ર"
2. **ચીનમાં આંતરવિગ્રહ તથા તેમાં સામ્યવાદીઓનો વિજય :** (1) પૂર્વભૂમિકા (2) ચ્યાંગ-કાઈ-શેકની રાષ્ટ્રવાદી સરકાર તથા માઓ-ત્સે-તુંગની સામ્યવાદી સરકાર (3) પશ્ચિમી સત્તાઓની મદદ (4) અમેરિકા અને પશ્ચિમ સત્તાઓની મદદ (5) રાષ્ટ્રવાદીઓમાં સ્વાર્થ-ચુંગકિંગની સરકાર (6) છેવટે, સામ્યવાદીઓનો વિજય
3. **સામ્યવાદીઓનું મહાપ્રસ્થાન (The Long March)**
4. **માઓ-ત્સે-તુંગની કારકિર્દી તથા કાર્ય**
5. **ચાઉ-એન-લાઈ**
6. **સામ્યવાદી શાસનની સિદ્ધિઓ**

1. ચીનમાં સામ્યવાદી પક્ષનો ઉદય અને વિકાસ (ઈ.સ. 1919 થી 1949)

પ્ર.8. (A) ચીનમાં સામ્યવાદના ઉદય અને વિકાસની રૂપરેખા આપી, માઓ-ત્સે-તુંગે તેમાં આપેલા ફાળાની સમીક્ષા કરો.

(સૌ. યુનિ. '03, '06, '08, '10)

- **ચીનમાં સામ્યવાદનો ઉદય આલેખી, તેના વિકાસની ચર્ચા કરો. (સૌ. યુ. 2002)**
- **ચીનમાં સામ્યવાદનો વિકાસ આલેખો અને તેની સફળતાનાં કારણોની ચર્ચા કરો. (સૌ. યુનિ. '04, '09, 2011)**
- **ચીનમાં સામ્યવાદનો ઉદય, વિકાસ તથા તેની સફળતાની સમીક્ષા કરો.**

[મુખ્ય મુદ્દાઓ : (अ) પ્રાસ્તાવિક

(ब) ચીનમાં સામ્યવાદનો ઉદય અને વિકાસ :

(1) ચીનમાં સામ્યવાદી પક્ષની સ્થાપના
(2) સામ્યવાદી પક્ષના ધ્યેયો
(3) રાષ્ટ્રવાદીઓ સાથે સહકારનો તબક્કો (1922 થી 1927)
(4) રાષ્ટ્રવાદીઓ સાથે સંઘર્ષનો તબક્કો
(5) રાષ્ટ્રવાદીઓ સાથે પુનઃસહકાર તથા પુનઃસંઘર્ષનો તબક્કો
(6) બીજો વિશ્વવિગ્રહ
(7) આંતરવિગ્રહ અને સામ્યવાદીઓનો વિજય
(8) 1949માં, ચીન "સામ્યવાદી ગણતંત્ર" બને છે.

(क) ઉપસંહાર : સામ્યવાદની સફળતાનાં કારણો]

(1) ચીનમાં, સામ્યવાદની સ્થાપના, ઉદય અને વિકાસ (1919 થી 1949)

(अ) પ્રાસ્તાવિક

ચીનમાં, સામ્યવાદી પક્ષનાં મૂળ, ઇ.સ. 1919ના મેની 4થીના દિવસે, પેકિંગમાં, જે વિદ્યાર્થી-આંદોલન થયું હતું તેમાં રહેલા માનવામાં આવે છે. તે દિવસે, મિત્રરાજ્યોએ જે **વર્સેલ્સની સંધિ** કરી હતી, તેમાં, ચીનને અન્યાય કરીને – ચીનના હિતોના ભોગે, જાપાનને લાભો કરી આપ્યા હતા. તેની વિરુદ્ધ થયેલા આંદોલનમાં જોવા મળે છે. ચીનમાં, 1921માં સામ્યવાદી પક્ષનું પ્રથમ સંમેલન મળ્યું, ત્યાંથી શરૂ કરીને, છેક 1949માં, ચીનમાં "સામ્યવાદી ગણતંત્ર"ની સ્થાપના થઈ, ત્યાં સુધીના સામ્યવાદના વિકાસના ઇતિહાસમાં, સૌથી મહત્ત્વનો ભાગ ભજવનાર નેતાઓ – **પ્રો. ચેન-તુ-હૂસિયુ, ચાઉ-એન-લાઈ ચુતેહ** તથા **માઓ-ત્સે-તુંગ** હતા. તેમાં માઓ-ત્સે-તુંગનું જીવન, સામ્યવાદી ક્રાંતિ સાથે એવું વણાઈ ગયું છે કે, સામ્યવાદી પક્ષનો ઇતિહાસ એટલે, માઓ-ત્સે-તુંગના જીવનનો ઇતિહાસ છે તેમ કહી શકાય. માઓને 'ચીનનો લેનિન' પણ કહેવામાં આવે છે. આ વિકાસયાત્રા દરમ્યાન જ તેમણે સામ્યવાદીઓએ, ચ્યાંગ-કાઈ-શેકની સામે જે મહાપ્રસ્થાન (The Long March) કર્યું હતું. તે ખાસ નોંધપાત્ર છે. **એડગર સ્નો**, આને **ગ્રીક કવિ હોમર** દ્વારા વર્ણવેલ **યુલાઈસિસની** યાત્રા સાથે સરખાવે છે. 6,000 માઈલની આ લાંબી યાત્રા સામ્યવાદીઓના અનુપમ તથા અદ્વિતીય સાહસ અને અપ્રતિમ ધૈર્યનું ઉદાહરણ પૂરૂં પાડે છે. વિશ્વના, લશ્કરી નિષ્ણાતો **લાલસેનાની** આ અસાધારણ સફળતા અંગે આશ્ચર્ય વ્યક્ત કરે છે. આ મહાપ્રસ્થાનની યોજના તથા નેતાગીરી માઓએ લીધી હતી. છેવટે આંતરવિગ્રહમાં, તેમનો વિજય થયો. ચીનમાં 1949માં, "સામ્યવાદી તંત્ર"ની સ્થાપના થઈ.

(બ) ચીનમાં, સામ્યવાદનો ઉદય અને વિકાસ

(1) ચીનમાં સામ્યવાદી પક્ષની સ્થાપના :

એક રીતે જોવા જઈએ તો, ચીનના 'રાષ્ટ્રપિતા' **ડૉ. સુન-યાન-સેન** પણ સામ્યવાદી વિચારસરણીથી, આકર્ષાયા હતા પરંતુ તેમને ચીનની એકતામાં, સામ્યવાદની ફિલસૂફી બહુ કામ લાગે એમ લાગ્યું ન હોતું. ચીનની સંસ્કૃતિને અનુરૂપ, રાષ્ટ્રીય લોકશાહી અનુકૂળ રહેશે તેમ એમને લાગ્યું હતું, જો કે પોતાના, 'કુવોમિંગતાંગ' પક્ષની નવેસરથી પુનર્રચના તેમણે કરી ત્યારે સામ્યવાદની પ્રણાલિકા સંગઠન માટે, તેમણે અપનાવી હતી. **તેમને યોગ્ય રીતે જ લાગતું હતું કે, સામ્યવાદ કે સામ્યવાદી પદ્ધતિ ચીનને, અનુકૂળ આવે તેમ નથી.**

મેની ચોથી તારીખે (1919)માં, પેકિંગમાં થયેલા વિદ્યાર્થી-આંદોલનમાં ચીની સામ્યવાદીપક્ષના મૂળ નંખાયેલા જોવા મળે છે. એ દિવસે, 'વર્સેલ્સની સંધિ'માં મિત્ર રાજ્યોએ ચીનના હિતોના ભોગે, જાપાનને લાભ કરાવી આપ્યા હતા. તેના વિરોધમાં, આ આંદોલન થયેલું. તેની સાથે, ચીનમાં ડાબેરી-ઉગ્ર રાષ્ટ્રવાદ શરૂ થયો. **તેમાં ચીનના, સામ્યવાદી પક્ષનાં મૂળ નંખાયાં હતાં.**

જોકે, ચીનમાં, સામ્યવાદી પક્ષની વિધિસરની સ્થાપના કરવાનું માન પેકિંગ યુનિવર્સિટીના પ્રાધ્યાપક પ્રોફેસર **ચેન-તું-હુસિયુને** ફાળે જાય છે. તેમણે 1920માં

સામ્યવાદી વિચારોના પ્રચાર માટે એક **"માર્કસવાદી અભ્યાસ વર્તુળ"**ની સ્થાપના કરી હતી. તેમાં અનેક બુદ્ધિશાળી યુવાનો, જેમ કે **માઓ-ત્સે-તુંગ, ચાઉ-એન-લાઈ, ચૂ-તેહ, લિયુ-શાઓ-ચી** વગેરે જોડાયા હતા. પછી, વળતે વર્ષે, પ્રો. ચેને, રશિયાની પ્રેરણાથી, શાંઘાઈમાં, સામ્યવાદીઓનું પ્રથમ સંમેલન બોલાવ્યું. આ સંમેલનમાં સામ્યવાદી પક્ષની વિધિસર રીતે સ્થાપના થઈ અને **પ્રો. ચેનને** તેના પ્રથમ મહામંત્રી બનાવવામાં આવ્યા. તેને રશિયાના **'બૉલ્શેવિક પક્ષ'** સાથે જોડી દેવામાં આવ્યો અને તેના માર્ગદર્શન હેઠળ તેણે કાર્ય કરવાની શરૂઆત કરી.

(2) સામ્યવાદી પક્ષના ધ્યેયો :

ચીનના સામ્યવાદીપક્ષના ધ્યેયો આ મુજબ નક્કી કરવામાં આવ્યા, (1922)

(1) ચીનમાં-રાષ્ટ્રમાં ખેડૂતો અને કામદારોની સરમુખત્યારશાહીની સ્થાપના કરવી.

(2) ખાનગી મિલકતની નાબૂદી કરવી તથા

(3) ક્રમે ક્રમે, સામ્યવાદી સમાજની સ્થાપના કરવી.

(3) રાષ્ટ્રવાદીઓ સાથે સહકારનો તબક્કો (1922-1927) :

પોતાના પક્ષના ધ્યેયો નક્કી કર્યા પછી, તેમને હાંસલ કરવાના પહેલા તબક્કા તરીકે ડૉ. સુન-યાત-સેનના 'કુવોમિંગતાંગ' પક્ષને તેના રાષ્ટ્રીય એકતા આંદોલનમાં સાથ આપવાની શરૂઆત કરી, જો કે ડૉ. સુન-યાત-સેનના પક્ષ સાથે સહકાર કરવાની, રશિયાએ સામ્યવાદી પક્ષને સૂચના આપી હતી. આ કાર્ય તેમને ગમતું નહોતું છતાં સામ્યવાદની શિસ્ત એટલે શિસ્ત. વળી, તેમનો - ડૉ. સુનનો પક્ષ, પાશ્ચાત્ય સામ્રાજ્યવાદી સત્તાઓની સામે લડત આપતો હોવાથી અને એ રાષ્ટ્રો મૂડીવાદી હોવાથી તેઓ સામ્યવાદીઓનું જ કાર્ય કરતા હતા તેમ રશિયા માનતું હતું. આમ સામ્યવાદના પહેલા તબક્કામાં, તેમણે રાષ્ટ્રવાદીઓને સહકાર આપ્યો. સામ્યવાદી પક્ષના કેટલાક નેતાઓ, રાષ્ટ્રવાદી પક્ષમાં ભળ્યા. યુવાન સામ્યવાદી નેતા **માઓ-ત્સે-તુંગ** જેવાને તો રાજકીય કારોબારીમાં લેવામાં આવ્યાં. તે 'કુવો-મિંગ-તાંગ' પક્ષના પ્રચાર વિભાગના પ્રમુખપદે પહોંચ્યા હતા. **આમ પાંચ વર્ષ સુધી (1922 થી 1927) સામ્યવાદી પક્ષે રાષ્ટ્રવાદી પક્ષને સાથ-સહકાર આપ્યો.**

ઈ. સ. 1927માં **ચાંગ-કાઈ-શેક** 'કુવોમિંગ-તાંગ' પક્ષના નેતા બન્યા. તે જમણેરી અને મૂડીવાદી હતા. તેથી તેમની સાથે સામ્યવાદી પક્ષને બને તેમ નહોતું. તેમની વચ્ચે ભંગાણ પડ્યું. ચાંગ-કાઈ-શેકે નાનકિંગનો કબજો લીધા પછી કુવો-મિંગ-તાંગ પક્ષમાં 'સાફસુફી' કરી. સામ્યવાદીઓ તરફ ચ્યાંગને નફરત-અણગમો હોવાથી, તેણે સામ્યવાદીઓને પક્ષમાંથી હાંકી કાઢ્યા. **સામ્યવાદીઓ મધ્યચીનના 'હોનાન'માં ખેડૂતો સાથે રહીને કાર્ય કરવા લાગ્યા.**

(4) રાષ્ટ્રવાદીઓ સાથે સંઘર્ષનો તબક્કો (1927 થી 1937) :

એ તો આપણે જોયું કે ચ્યાંગ-કાઈ-શેક, જમણેરી અને મૂડીવાદી હતો અને તેને સામ્યવાદીઓ તરફ અણગમો હતો એટલે સુધી કે, રાષ્ટ્રીય એકતા-રાષ્ટ્રીયતાને માટે શેક પહેલાં સામ્યવાદીઓને ખતમ કરવા માંગતો હતો અને પછી જ જાપાનીઓને. શેકે નાનકિંગનો કબજો લઈને, કુવોમિંગતાંગ પક્ષમાંથી સામ્યવાદીઓને ખતમ કરવા કહેવાતી **"સાફસૂફી" કરી અને તેની સામે સામ્યવાદી પક્ષનો "બીજો તબક્કો" સંઘર્ષનો તબક્કો શરૂ થયો, 1927.** સામ્યવાદીઓ **હોનાન** તરફ જતા રહ્યા.

અહીં, સામ્યવાદીઓએ, મધ્યચીનના **ક્વાંગ-સી, ફૂકિયેન** તથા **ફૂકિયોનમાં** પોતાનો પ્રભાવ ફેલાવ્યો. આ બધામાં દુષ્કાળ હતો તેથી સામ્યવાદીઓને અહીં કાર્ય કરવાની ફાવટ આવી ગઈ. 1931માં આ ચાર પ્રાંતોનું એક રાજ્ય બનાવીને, ત્યાં પોતાની સરકાર બનાવી. તેમણે-સામ્યવાદીઓએ અહીં રશિયાની જેમ સુધારા કર્યા. જમીનદારો પાસેથી, જમીનો લઈ લીધી અને જમીનવિનાના ખેડૂતોમાં એ જમીનો વહેંચી દીધી. જમીન સુધારણાનાં કાર્યો કર્યાં અને વ્યાજનો દર પણ ઘટાડ્યો. તેથી અહીંના ગરીબ ખેડૂતોમાં, સામ્યવાદીઓ લોકપ્રિય બન્યા. તેમના અંકુશમાં ચીનનો 1/6 જેટલો વિસ્તાર અને આશરે 5 કરોડની વસ્તી આવી ગઈ હતી.

આ દરમિયાન જાપાને મંચુરિયા પર આક્રમણ કરીને ત્યાં 'મંચુકુઓ' નામના પોતાના રક્ષિત રાજ્યની સ્થાપના કરી હતી. પરંતુ એ તો સ્પષ્ટ છે કે ચ્યાંગ-કાઈ-શેક જાપાનીઓ કરતાં, સામ્યવાદીઓને વધુ ભયજનક ગણતો હતો. તેથી તેણે જાપાનીઓ સાથે કામચલાઉ સમાધાન કરી લીધું. એ તેની ભારે ભૂલ હતી. ચ્યાંગ-કાઈ-શેકે પોતાની માન્યતા મુજબ સામ્યવાદીઓ પર ચાર વખત મોટા હુમલા કર્યા 1933 અને 1934માં, પરંતુ તેને સફળતા મળી નહીં. સામ્યવાદીઓએ ભારે નુકસાન વેઠીને પણ તેનો સામનો કર્યો. આખરે કંટાળીને સામ્યવાદીઓએ 1934ના ઑક્ટોબર મહિનામાં 'માઓ-ત્સે-તુંગ'ની નેતાગીરી હેઠળ તેમના "મહાપ્રસ્થાન"ની શરૂઆત કરી. આશરે બે વર્ષો સુધી ભારે મુશ્કેલીઓ અને આક્રમણ છતાં, પશ્ચિમમાં થઈને, ચીનની ઉત્તરે **શાન્સી પ્રાંતમાં** સ્થિર થયા. **આ સમગ્ર 'મહાપ્રસ્થાન' (The Long March)નું આયોજન માઓએ કર્યું હતું અને તેમાં તેમણે જે કુશળતા, ઉત્સાહ, ધીરજ તથા સિદ્ધાંતપ્રિયતા બતાવી હતી તે અનુપમ હતી અને તેઓ હવે, સામ્યવાદીઓના બિનહરિફ નેતા બની ગયા હતા.**

(5) રાષ્ટ્રવાદીઓ પુનઃસહકાર અને પુનઃસંઘર્ષનો તબક્કો :

મહાપ્રસ્થાન કરીને,સામ્યવાદીઓ શાન્સી પ્રાંતમાં આવ્યા. અહીં પણ તેમણે પોતાનો જમીનસુધારણાનો કાર્યક્રમ અમલમમાં મૂકીને, લોકોમાં લોકપ્રિયતા મેળવી. જાપાન વિરુદ્ધ લડવા માટે તેમણે લોકોને "ગેરિલા યુદ્ધ"ની તાલીમ આપી. આ દરમ્યાન, ચ્યાંગ-કાઈ-શેક, ઉત્તરમાં લશ્કરનું નિરીક્ષણ કરવા આવ્યો ત્યારે, તેના જ બે સેનાપતિઓને, સામ્યવાદીઓએ સમજાવીને પોતાના પક્ષમાં કરી લીધા. તેમણે ચ્યાંગને કેદ કરીને સામ્યવાદીઓને સોંપી દીધો. પરંતુ, શેકનું નામ, ચીની પ્રજામાં એટલું લોકપ્રિય હતું કે

ચ્યાંગ-કાઈ-શેકને, સામ્યવાદીઓ મારી શક્યા નહિ. વળી, રશિયાથી **સ્ટાલીને** આદેશ આપ્યો હતો કે ચ્યાંગ-કાઈ-શેકને મારવો નહિ. તે જાપાન સામે લડવા માટે કામનો છે, એમ સ્ટાલીન માનતો હતો. આથી, સામ્યવાદીઓએ શેકને દશ દિવસની કેદમાંથી છૂટકારો આપ્યો. 1937માં જાપાને પેકિંગ પર હુમલો કર્યો હતો, ત્યારે શેકે સામે ચાલીને, સામ્યવાદીઓ સાથે **સમાધાન** કર્યું. શાન્સીની સામ્યવાદી સરકારને માન્યતા આપી સામે સામ્યવાદીઓએ પણ ચ્યાંગ-કાઈ-શેકની નેતાગીરી હેઠળ લડવાનું કબૂલ કર્યું. શેકે 'લાલસેનાને' ચીનની 'આઠમી સેના' તરીકે કબૂલ રાખી. **આમ, પુનઃ ચ્યાંગની રાષ્ટ્રવાદી સરકાર તથા સામ્યવાદીઓ વચ્ચે સહકાર થયો.**

જાપાન સાથેની લડાઈમાં, શેકનાં લશ્કરોનો પરાજય થયો, પરંતુ સામ્યવાદીઓએ **'ગેરીલા યુદ્ધો'** કરીને, જાપાનને હેરાન-પરેશાન કર્યું. આથી તેમની પ્રતિષ્ઠા વધી. શેકનો પરાજય થતાં, તે છેક **ચુંગ-કીંગ** સુધી પાછળ હટ્યો, જ્યારે સામ્યવાદીઓ ફાવતા ગયા. તેમની સભ્ય સંખ્યા પણ વધી. બે જ વર્ષમાં 40,000ની જે સંખ્યા હતી તે 2 લાખની થઈ અને તેમનું લશ્કર 5 લાખનું હતું, તે 30 લાખની વસ્તી પર પ્રભાવ ધરાવતા હતા. તેથી, સામ્યવાદીઓ હવે, પોતાને શેકની રાષ્ટ્રવાદી સરકારની સમકક્ષ ગણવા લાગ્યા. **આનાથી પુનઃરાષ્ટ્રવાદી સરકાર અને સામ્યવાદીઓ વચ્ચે સંઘર્ષ ચાલુ થયો.**

(6) બીજો વિશ્વવિગ્રહ :

આ સમય સુધીમાં 1939માં, બીજા વિશ્વવિગ્રહની યુરોપમાં શરૂઆત થઈ. આ વખતે **બર્લિન, રોમ, ટોકિયો** ધરી બની હતી. અંદરખાનેથી તેમનો વિચાર એવો હતો કે **હિટલર,** યુરોપને કબ્જે કરે, **મુસોલિની** આફ્રિકાને તથા **જાપાન** એશિયાને કબ્જે કરે. જાપાન, જર્મનીના પક્ષે હોવાથી મિત્ર રાજ્યો, ઇંગ્લેન્ડ, ફ્રાંસ, રશિયા, અમેરિકા વગેરેએ, જાપાન સામે શેકને ટકાવી રાખવા માટે, તેને બધી રીતે મદદ કરી. આ મદદનો જો બરાબર ઉપયોગ થયો હોત તો શેકની સ્થિતિ બહુ સારી હોત, પરંતુ તેમના અમલદારો લાંચિયા તથા સ્વાર્થી અને લોભિયા હોવાથી, ખાસ લાભ થયો નહિ. વળી, શેક શરૂઆતમાં સામ્યવાદીઓને આ મદદમાંથી ભાગ આપતા હતા, પરંતુ તેમને એવું લાગ્યું કે સામ્યવાદીઓ આ શસ્ત્રોનો પોતાની સામે લડવા માટે સંગ્રહ કરે છે ત્યારે તેનો પુરવઠો, સામ્યવાદીઓને મોકલવાનું તેણે બંધ કર્યું. **તેનાથી બંને વચ્ચે દુશ્મનાવટ થઈ તથા આંતરવિગ્રહની પૂર્વભૂમિકા બંધાઈ.**

(7) આંતરવિગ્રહ તથા સામ્યવાદીઓનો તેમાં વિજય :

1939ના બીજા વિશ્વવિગ્રહમાં ડિસેમ્બર 1941માં જાપાને પ્રવેશ કર્યો. તેની પૂર્વે તેણે મંચુરિયા ઉપર આક્રમણ કરીને ત્યાં 'મંચુકુવો' નામનું પોતાનું રક્ષિત રાજ્ય બનાવ્યું હતું. તે વખતે ચીનમાં, ચીનની સ્વતંત્ર સરકાર હતી, ચ્યાંગ-કાઈ-રોકની રાષ્ટ્રવાદી સરકાર હતી અને સામ્યવાદીઓની સરકાર, એમ ત્રણ સરકારો તો હતી જ. સ્વતંત્ર ચીનની સરકારનું માનવું હતું કે શેકની સરકાર - ચુંગકિંગની સરકાર, 'કુઓમિંગતાંગ'

પક્ષના આદર્શોને માન આપતી નથી. અમેરિકા તેને માર્ગદર્શન આપે તેમાં નારાજ હતી. તે જાપાન સાથે મૈત્રી બાંધવામાં ચીનનું હિત છે, એમ માનતી હતી. તેઓ **નાનકિંગમાં** સત્તાધારી હતા. ચ્યાંગ-કાઈ-શેકની સરકાર, **ચુંગકિંગમાં** હતી અને ઉત્તર-પશ્ચિમ ચીનમાં સામ્યવાદીઓ હતા. તેમની રાજધાની **યેનાન** હતી. **આ બધાની વચ્ચે મતભેદ હોવાથી, સરવાળે તો ચીનને જ નુકસાન થવાનું હતું.**

(8) 1949માં ચીન, 'સામ્યવાદી ગણતંત્ર' બને છે :

ચીનમાં, જે આંતરવિગ્રહ થયો તેમાં છેવટે, સામ્યવાદીઓનો વિજય થયો. શેક પણ રાષ્ટ્રભક્ત હતો જ છતાં તેના અમલદારો લાંચીયા હતા, તેમણે ચીનની ગરીબ જનતા પર વિશ્વાસ રાખવાને બદલે ધનિકો પર વિશ્વાસ રાખ્યો તથા અમેરિકા અને પશ્ચિમનાં રાષ્ટ્રોની મદદ પર મદાર બાંધી. અમેરિકાને એમ લાગ્યું કે તેની મદદથી બન્ને પક્ષોને લાભ થાય છે અને તે શેકને મદદ કરશે, ખુલ્લી રીતે તો, રશિયા સામ્યવાદીઓની મદદે આવશે, તેથી અમેરિકાએ મદદ મોકલવી બંધ કરી. ચ્યાંગ-કાઈ-શેકને **ફોર્મોસા** નાસી જવું પડ્યું **અને 1949માં ચીનમાં, સામ્યવાદી ગણતંત્રની સ્થાપના થઈ. આ છે ચીનમાં સામ્યવાદી પક્ષની વિકાસ રેખા.**

પ્ર. 8. (B) માઓ-ત્સે-તુંગ(1893 થી 1976)ની કારકિર્દી તથા સિદ્ધિઓનું મૂલ્યાંકન કરો.

(અ) પ્રાસ્તાવિક : ચીનમાં સામ્યવાદી પક્ષનું પહેલું સંમેલન મળ્યું. 1921 ત્યાંથી શરૂ કરીને ચીનમાં 'સામ્યવાદી ગણતંત્ર' સ્થાપના થઈ 1949, ત્યાં સુધીના સામ્યવાદના વિકાસમાં સૌથી મહત્ત્વનો ભાગ ભજવનાર નેતાઓ હતા. **પ્રો. ચેન-તુ-સૂસિયુ** પેકિંગ યુનિવર્સિટીમાં, સાહિત્ય વિદ્યાશાખાના ડીન, **ચાઉ-એન-લાઈ** ચીનના અમલદાર કુટુંબના સભ્ય, જેણે પેરિસમાં અભ્યાસ દરમિયાન પણ સામ્યવાદી પક્ષની નેતાગીરી લીધી હતી, **ચુતેહ**-જેણે બર્લિનમાં સામ્યવાદી પક્ષની નેતાગીરી લીધી હતી તથા જે જમીનદાર તથા લશ્કરી નેતા હતા - તથા **માઓ-ત્સે-તુંગ** સામાન્ય ખેડૂતનો પુત્ર તથા ખેડૂતોનું સંગઠન કરી તેમના હિત માટે કાર્ય કરનાર. **આ બધા નેતાઓમાં, માઓ-ત્સે-તુંગનું જીવન** ચીનની સામ્યવાદી ક્રાંતિ સાથે એવું તાણાવાણાની જેમ **વણાઈ ગયું છે કે, ચીનના સામ્યવાદી પક્ષનો, ઈતિહાસ એટલે માઓના જીવનનો ઈતિહાસ છે તેમ કહેવામાં આવે છે. તેમને "ચીનના લેનિન" પણ કહેવામાં આવે છે, તે યથાયોગ્ય છે.**

(બ) પૂર્વજીવન : 26મી ડિસેમ્બર, 1893માં દક્ષિણ ચીનના **હુનાન** પ્રાંતના **શાઓશાન** ગામમાં એક સામાન્ય ખેડૂતને ત્યાં માઓનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ **માઓ-જેન-શેંગ** હતું અને માતાનું નામ વેન-ચિ-મેઈહ તેમના પિતા લગભગ **નાસ્તિક** હતા, જ્યારે તેમની માતા **બૌદ્ધ ધર્મી** હતી. માઓ પોતે જણાવે

છે કે, 'મારા કુટુંબમાં બે પક્ષો હતા. એક પક્ષે હતા મારા પિતા જે કુટુંબના **શાસક** પક્ષે હતા. વિરોધ પક્ષમાં, હું, મારી માતા અને મારો ભાઈ હતા.' 10 વર્ષના હતા ત્યારે તેમના પિતાએ તેમને 'આળસુ' અને 'નકામો' કહીને ઠપકો આપ્યો હતો. તે તળાવમાં ડૂબી મરવા માટે ગયા હતા, પરંતુ તેમના પિતાએ એ શબ્દો પાછા ખેંચી લીધા ત્યારે માઓ ઘેર પાછા આવ્યા હતા. આગળ તે લખે છે કે, "જ્યારે હું મારા અધિકારોના રક્ષણ માટે લડતો ત્યારે મારા પિતા - શાસક પક્ષ નરમ વલણ રાખતા, પરંતુ જો હું તેમની આજ્ઞાને આધીન થઈ જતો, ત્યારે તેઓ મને ઠપકો આપતા અને મારતા પણ ખરા." આમ નાનપણથી જ માઓને સમજાઈ ગયું હતું કે, **"ઝુકે તેને દબાવો અને સામો થાય તેને નમતું આપો."** છ વર્ષની ઉંમરે તેમણે ખેતરમાં કામ કરવાનું શરૂ કર્યું. તેર વર્ષની ઉંમરે તેમણે નિશાળ છોડી દીધી. પરંતુ પુસ્તકો વાંચવાનો તેમને ભારે શોખ હતો. દિવસે ખેતરમાં કામ કરે અને રાત્રે પુસ્તકો વાંચે. વાંચતી વખતે બારી બંધ કરી દેતા. જેથી તેમના પિતા જોઈ ન જાય. પિતાની એવી ઈચ્છા હતી કે માઓ ખેડૂત બને, પરંતુ તેમને સાહિત્યમાં રસ હતો. ઐતિહાસિક નવલકથાઓ તથા વીર યોદ્ધાઓના જીવનચરિત્રોમાં તેને વધુ રસ પડતો. 13 વર્ષની ઉંમરે તે ઘેર છોડીને ભાગી ગયા તથા એક કાયદાના બેકાર વિદ્યાર્થી સાથે રહીને છ મહિના ભણ્યા. ત્યાર પછી હૂનાનમાં દુષ્કાળ પડતાં તે ઘેર પાછા આવ્યા, ત્યારે તેમના પિતાએ તેમનાથી છ વર્ષ મોટી કન્યા સાથે તેમના લગ્ન કરી દીધા, પરંતુ એ લગ્નનો તેમણે સ્વીકાર કર્યો નહિ. ફરીથી ત્રણ વર્ષ, પિતાના ખેતરોમાં કામ કર્યું.

16 વર્ષની ઉંમરે, તે મોસાળમાં જઈને રહ્યા તથા 'આધુનિક' શાળામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેમને પ્રશિષ્ટ જ્ઞાન કરતાં, પાશ્ચાત્ય જ્ઞાન વધારે ગમતું. મિત્રોએ તેમના પિતાને સમજાવ્યું કે ઉચ્ચ જ્ઞાન મેળવીને, માઓ સારું કમાશે, તેથી તેમના પિતાએ તેમને આગળ ભણાવવા સંમત થયા. અહીં, માઓએ પ્રશિષ્ટ ગ્રંથો, નિબંધ લેખન, પ્રાકૃતિક જ્ઞાન, ઈતિહાસ-ભૂગોળ વગેરેનો અભ્યાસ કર્યો. તેમણે પ્રાચીન ચીનના શાસકો તથા વિદેશી મહાપુરુષો વિશે પણ માહિતી મેળવી. "વિશ્વના મહાપુરુષો" નામનું પુસ્તક અહીં જ તેમણે એક વિદ્યાર્થીમિત્ર પાસેથી મેળવીને વાંચ્યું હતું. અહીં જ તેઓ, **કાંગ-યુ-વેઈના** વિચારોથી પ્રભાવિત થયા. **કાંગ-યુ-વેઈ** તે યુગના એક મહાન સુધારક હતા. 1911ની ચીનની ક્રાંતિના તેઓ "બોદ્ધિસર્જક" હતા.

ડૉ. સુનના નેતૃત્વ હેઠળ, 1911માં ચીનની ક્રાંતિ થઈ હતી તે વખતે માઓ 17 વર્ષના હતા. **ડૉ. સેનથી** પણ **માઓ** ખાસ પ્રભાવિત હતા, તેથી તેઓ પણ ક્રાંતિમાં જોડાયા હતા. તેમને પણ ડૉ. સુનની જેમ ખાતરી થયેલી કે ચીનમાં ક્રાંતિ સિવાય બીજો વિકલ્પ નથી, જો કે માઓ તો ખેડૂતોની સ્થિતિ તરફ જ નજર રાખતા હતા. તેમને ખબર હતી કે 'તાઈપિંગ' બળવો તો, ખેડૂતોના પ્રશ્ન અંગે જ થયો

હતો, જો કે તે નિષ્ફળ ગયેલો. 1895માં ડૉ. સુને પણ નિષ્ફળ બળવો કર્યો હતો, પરંતુ 1911માં ડૉ. સુનને સફળતા મળી હતી. **મંચુ શાસનનો** અંત આવ્યો હતો. ડૉ. સુને પોતાના હોદ્દાનું બલિદાન આપીને પણ ડૉ. સુને ચીનની પ્રજાસત્તાક સરકારની સ્થાપના થવા દીધી હતી. 1949માં **'માઓ-ત્સે-તુંગ'**ને ચીનની સત્તા મળી ત્યારે તેમણે તાઈપિંગ બળવાને યાદ કર્યો હતો અને ડૉ. સુનનો ઉલ્લેખ પણ કર્યો હતો.

ઈ.સ. 1912માં પ્રજાસત્તાક ચીનના પ્રમુખ તરીકે યુઆન-શી-કાઈએ સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે, માઓને થયું કે, ક્રાંતિ પૂરી થઈ છે, આથી તેમણે સૈનિક તરીકેની નોકરી છોડી દીધી. ફ્રાંસમાં વધુ અભ્યાસ માટે તેઓ ગયા. તેમને શિક્ષક બનવું હતું, તેથી શિક્ષક તાલીમની શાળામાં દાખલ થઈને તેની ઉપાધી-ડિગ્રી મેળવી (1918). પેકિંગ યુનિવર્સિટીમાં મદદનીશ ગ્રંથપાલની નોકરી સ્વીકારી. અહીં તેઓ સામ્યવાદી વિચારો ધરાવતા, પ્રો. ચેન-તુ-હૂસિયુના પરિચયમાં આવ્યા અને સામ્યવાદી વિચારોથી પ્રભાવિત થયા.

સામ્યવાદી પક્ષની સ્થાપના તથા વિકાસમાં ફાળો : ઈ.સ.1919માં માઓએ, 26 વર્ષની ઉંમરે ચીનના અનેક ભાગોનો પ્રવાસ કર્યો. 'વર્સેલ્સ સંધિ' (1919)માં ચીનને જે અન્યાય થયો હતો, તેની સામે જે દેખાવો થયા હતા, તેમાં પણ માઓ જોડાયા હતા. 1920માં, તેમણે "કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો" ચીની ભાષામાં વાંચ્યો હતો અને "હું અમુક અંશે સિદ્ધાંતમાં અને અમુક અંશે વ્યવહારમાં માર્કસવાદી બની ગયો હતો." એમ તેઓ લખે છે. **1920માં તેમણે, પેકિંગ યુનિવર્સિટીની વિદ્યાર્થીની 'યાંગ-કાઈ-હુઈ'** સાથે લગ્ન કર્યું. 1921માં સામ્યવાદી પક્ષની બેઠકમાં ભાગ લેવા તે શાંઘાઈ ગયા અને તેમને હૂનાન પ્રાંતની સામ્યવાદી શાખાના મંત્રી બનાવવામાં આવ્યા. તેમણે યુવાનો તથા કામદારોને સંગઠિત કરીને, સ્વશિક્ષણ તથા પ્રૌઢ શિક્ષણનો પ્રારંભ કર્યો. ડૉ. સુનના સમયમાં, સામ્યવાદીઓ કુવોમિંગતાંગ પક્ષમાં જોડાયા. **માઓ** આ પક્ષના પ્રચાર વિભાગ તથા રાષ્ટ્રીય કિસાન ચળવળના નિયામક બન્યા. જો કે ડૉ. સુનના અવસાન પછી, ચ્યાંગ-કાઈ-શેકના હાથમાં સત્તા આવતાં તેમણે સામ્યવાદીઓની પક્ષમાંથી 'સાફસૂફી' કરી, માઓ પણ તેમાંથી નીકળી ગયા.

માઓએ હુનાનમાં, 20 મજૂર સંગઠનો ઊભાં કર્યા હતાં. માઓ એમ માનતા કે "સામ્યવાદીઓએ સત્તાનો પાયો નાખવો હોય તો, ઉદ્યોગના કામદારોનો નહિ, પરંતુ ખેડૂતોની નેતાગીરી લેવી પડશે." ગામડાંમાંથી તથા ખેડૂતોની નેતાગીરી, ચીનમાં લેવી જોઈએ એવો તેમનો મત સમજદારીપૂર્વકનો હતો. તેમનો સૂર એ હતો કે, "ચીન જેવા, અર્ધ-સાંસ્થાનિક દેશમાં, રશિયન ઢબની ક્રાંતિ શક્ય નથી કે ઇચ્છનીય પણ નથી. અહીં ખેડૂતો ઘણા ગરીબ છે અને તેઓ એક શક્તિશાળી પરિબળ પણ છે. તેથી રશિયાનું સૂત્ર હતું, જગતના કામદારો એક થાઓ, જ્યારે માઓનું સૂત્ર

હતું, ખેડૂતો, કામદારો તથા નાના ધંધાદારીઓ, સામ્યવાદી પક્ષની નેતાગીરી હેઠળ એક થાઓ." સામ્યવાદી પક્ષે ક્વાંગસી તથા ફૂકીઓનમાં પોતાની સત્તાની સ્થાપના કરી હતી, (1928). એ જ વર્ષમાં, માઓ અને ચુ-તેહના લશ્કરોને જોડીને **'લાલસેના'** બનાવવામાં આવી. આ લાલસેના મુખ્ય સૂત્રો હતા. (1) જ્યારે શત્રુ આગળ વધે છે, અમે પાછા હટીએ છીએ. (2) જ્યારે શત્રુ પડાવ નાંખે છે, ત્યારે અમે તેને હેરાન કરીએ છીએ. (3) જ્યારે શત્રુ લડાઈથી બચવા માંગે છે અમે તેના પર હુમલો કરીએ છીએ. (4) જ્યારે શત્રુ પાછળ હટે છે, ત્યારે અમે તેનો પીછો કરીએ છીએ. **આમ, લાલસેના 'ગેરીલા યુદ્ધમાં'** કુશળ તથા નિષ્ણાત હતી. સૌથી મોટો ગુણ, સામ્યવાદીઓ તથા લાલસેનાનો એ હતો કે તેઓ હંમેશાં પ્રજાના સંપર્કમાં રહેતા હતા અને તેથી જ તેઓ સામાન્ય પ્રજામાં લોકપ્રિય હતા. સેનાના નિયમો પણ તેમને લોકપ્રિય બનાવતા હતા. દા. ત., લોકો સાથે નમ્રતા રાખો અને તેમની સાથે સજ્જનતાથી વર્તો. તેમને મદદ કરો. ઈમાનદારી રાખો. કોઈપણ પાસેથી કોઈપણ વસ્તુ મફતમાં લો નહિ. માંગેલી વસ્તુ પાછી આપી દો. સ્વચ્છતા તથા સચ્ચરિત્રનું ધ્યાન રાખો. તેમની શિસ્ત પણ ઘણી સખત હતી. લાલસેનાના સૈનિકોએ, એ શિસ્તનું પાલન કરવાનું જ હતું. તે હતી, આજ્ઞાનું પાલન કરો. ખેડૂતોની કોઈપણ વસ્તુ ઝુંટવો નહિ તથા જમીનદારો પાસેથી ઝુંટવેલી વસ્તુઓ તુરત સરકારમાં જમા કરાવો. **આવા ઉચ્ચ પ્રકારના નિયમો અને શિસ્તને લીધે, સામ્યવાદી પક્ષ તથા લાલસેના, લોકપ્રિય બને એ સ્વાભાવિક છે.**

મહાપ્રસ્થાનના પ્રયોજન તથા ચીનમાં સામ્યવાદી ક્રાંતિના સર્જક :

આવી લોકપ્રિય તથા શિસ્તબદ્ધ, લાલસેનાએ ચ્યાંગના ચાર આક્રમણોનો સામનો સફળતાથી કર્યો હતો પરંતુ જ્યારે તેઓ ચારે તરફથી ઘેરાઈ ગયા અને પાંચમું આક્રમણ બહુ ભારે હતું ત્યારે તેમણે હિંમતપૂર્વક 1934માં, 6000 માઈલનું અંતર કાપીને એક વર્ષનો લાંબો પ્રવાસ કરીને 'મહાપ્રસ્થાન' કર્યું હતું. વાયવ્ય ચીનમાં, તેમણે પોતાની સત્તા-શેન્સી પ્રાંતમાં સ્થિર કરી હતી. જો કે 1936માં ચ્યાંગ અને માઓ વચ્ચે સંધિ થઈ હતી અને તેમણે 1937 થી 1945 સુધી જાપાનનો મુકાબલો કર્યો. ચ્યાંગે પણ લાલસેનાને ચીનની આઠમી સેના તરીકે માન્ય કરી હતી.

આ બધા વર્ષો દરમ્યાન, રાષ્ટ્રવાદી દળની શક્તિ ઘટતી જતી હતી અને સામ્યવાદીઓની શક્તિ વધતી જતી હતી. 1937માં સામ્યવાદી દળની સભ્ય સંખ્યા 40,000ની હતી તે વધીને 1945માં 12 લાખની થઈ હતી. માઓ-ત્સે-તુંગે 1940માં તેમનું પુસ્તક **"નવી લોકશાહી"** (On The New-Democracy) બહાર પાડ્યું. તેમણે ચીનની પ્રજામાં નવજાગૃતિ તથા નૂતન ચેતનાનો સંચાર કર્યો. માઓ કહેતા, ક્રાંતિનું પહેલું સોપાન, સામ્રાજ્યવાદનો અંત છે તથા બીજું સોપાન સમાજવાદની

સ્થાપના છે. ક્લાઈડ લખે છે કે, **"આમ માઓ-ત્સે-તુંગ", ધીમે ધીમે** દળના **સરમુખત્યાર અને આચાર્ય બની ગયા.** બીજા વિશ્વવિગ્રહના અંતે સામ્યવાદી દળ પાસે પાંચ લાખનું લશ્કર હતું અને તે પણ તાલીમ પામેલું. સામ્યવાદી પક્ષ 10 કરોડની વસ્તીવાળા પ્રદેશ ઉપર અંકુશ ધરાવતો હતો.

ચીનમાં સામ્યવાદી ગણતંત્રની સ્થાપના, 1949 : ઈ.સ. 1945માં જાપાને શરણાગતિનો સ્વીકાર કર્યો. ચીન, જાપાનથી મુક્ત થયું પરંતુ હજુ સુધી આંતરવિગ્રહના અજગરના ભરડામાંથી ચીન બહાર આવ્યું નહોતું. ચ્યાંગના લશ્કરે સામ્યવાદીઓને ચારે તરફથી ઘેરી લીધા. **શેક તો કહેતા હતા કે, "જાપાનીઓ ચર્મરોગ સમાન છે, પરંતુ સામ્યવાદીઓ તો હૃદયરોગ સમાન છે."** બંને વચ્ચેનો મતભેદ વધતો જતો હતો. અમેરિકાએ બંને વચ્ચે સમાધાન કરાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. ફરીથી, આંતરવિગ્રહની શરૂઆત થઈ. ચ્યાંગે મોટા લશ્કર સાથે આક્રમણ કર્યું. પરંતુ, સામ્યવાદીઓની 'મુક્તિફોજ' સામે તેમનું કંઈ ચાલ્યું નહિ. મંચુરિયામાં ચ્યાંગે પાંચ લાખનું લશ્કર ગુમાવ્યું. 1949 સુધીમાં તેમણે પેકિંગ, નાનકિંગ તથા શાંઘાઈ કબ્જે કર્યા. 1950 સુધીમાં ફોર્મોસા અને તિબેટ સિવાય સમગ્ર ચીન, સામ્યવાદીઓને હસ્તક હતું તેની પહેલાં 1લી ઑક્ટો. 1949માં ચીનમાં સામ્યવાદી ગણતંત્રની સ્થાપના થઈ હતી અને ચ્યાંગ-કાઈ-શેકને **ફોર્મોસા** નાસી જવું પડ્યું હતું.

માઓ-ત્સે-તુંગનું અવસાન, આધુનિક ચીનના નિર્માતા તથા તેમનું મૂલ્યાંકન :

ઈ.સ. 1976માં, માઓ-ત્સે-તુંગનું અવસાન થયું. જો કે 27 વર્ષ સુધી તેઓ, ચીનની 70 કરોડની જનતાના ભાગ્યવિધાતા રહ્યા. **એક જ વ્યક્તિ, આટલા લાંબા સમય સુધી આટલી મોટી સંખ્યાના લોકોના જીવન પર પ્રભાવ પાડે, તે બાબત જગતના ઈતિહાસમાં અદ્વિતીય ગણાવવાને પાત્ર છે.**

એક સામાન્ય ખેડૂતના પુત્રમાંથી, **માઓ-ત્સે-તુંગ** આટલા મોટા વિશાળ પ્રદેશના શાસક બન્યા અને એક કચડાતી પ્રજાને વિશ્વના તખ્તા ઉપર શક્તિશાળી અને સમૃદ્ધ પ્રજા બનાવી તે કાર્ય ભગીરથ હતું. અજોડ અને અનુપમ હતું. ઈતિહાસકાર **ક્લોસ-મહેનર** જણાવે છે કે, **"માઓના પુસ્તકો, હવે ચીનના બાઈબલ બન્યા છે... માઓના વિચારો ચીનના લોહીમાં ભળી ગયા છે."**

આંતરવિગ્રહમાં સફળતા મેળવ્યા પછી, સામ્યવાદી સરકારે માઓના વિચારો તથા આયોજન પ્રમાણે, નૂતન શાસનવ્યવસ્થા તથા અર્થવ્યવસ્થા ગોઠવી. નવું બંધારણ બનાવી, સામ્યવાદી પક્ષની સરમુખત્યારશાહીની સ્થાપના કરી. જમીનદારી નાબૂદી કરી અને જમીનવિહોણા ખેડૂતોને તે જમીનો વહેંચી દીધી. તેમણે કુલ 11 કરોડ અને 65 લાખ એકર જમીન 30 કરોડ લોકોમાં વહેંચી દીધી. સહકારી તથા સામૂહિક ખેતીને ઉત્તેજન આપ્યું હતું. 1958માં સ્વાયત્ત ગ્રામવ્યવસ્થા સામૂહિક નિવાસો,

ગૃહઉદ્યોગો, કુટિર ઉદ્યોગો વગેરેને ઉત્તેજન આપ્યું હતું. રેલવે, ખાણ, કારખાનાઓ, ખાનગી વેપાર તથા બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. સામાજિક ક્ષેત્રે, સ્ત્રીઓને સમાનતા આપી કેળવણીનો વિકાસ કર્યો. આમ, માઓની નેતાગીરી હેઠળ, ચીનનું આર્થિક નવનિર્માણ કરવામાં આવ્યું તથા સદીઓથી શોષિત, નિઃસહાય તથા પીડિત જનતાને આર્થિક ઉન્નતિ આપી તથા સાચી સ્વતંત્રતાનાં દ્વાર તેમને માટો ખોલી નાંખ્યા. એ તો હકીકત છે કે, ચીની સમાજનો મોટો ભાગ ખેડૂતોનો બનેલો છે, તેથી માઓએ ક્રાંતિના પ્રત્યેક તબક્કે તથા ક્રાંતિ પછી પણ ખેડૂતોને ખાસ મહત્ત્વ આપ્યું હતું, તેથી તેઓ રશિયાના સામ્યવાદથી થોડાક જુદા પણ પડતા હતા. રશિયા સાથે તેમને આ બાબતમાં મતભેદ પણ હતો. સ્ટાલીન તો તેમને **"ખેડૂત બળવાખોર"** કહેતો. આમ છતાં, માઓના વ્યક્તિત્વથી તેમના સાથીદારો અને ચીનના લોકો સતત અંજાયેલા રહેતા હતા. આટલો શક્તિશાળી, સ્ટાલીન પણ એશિયામાં માઓને પોતાનો હરીફ ગણતો અને તેમના પ્રભાવને ઓછો કરવા પ્રયત્ન કરતો પરંતુ નિષ્ફળ ગયેલો. **માઓએ** પણ નૈતિક હિંમત કરીને, રશિયાના સામ્યવાદથી ચીનના સામ્યવાદને જુદો રાખ્યો હતો. ત્યાં કામદારોની સરમુખત્યારશાહી હતી, ચીનમાં ખેડૂતોની સરમુખત્યારશાહી હતી. **રશિયાથી, સ્વતંત્ર રીતે વર્તવાની તથા સ્વતંત્ર નીતિ અપનાવવાની હિંમત, માઓએ કરી હતી. આમ, આધુનિક ચીન, બધી જ રીતે વહીવટી, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક તથા સાંસ્કૃતિક દૃષ્ટિએ 'માઓ-ત્સે-તુંગ'નું સર્જન કરે છે, એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી.** રશિયામાંથી તો સામ્યવાદ લગભગ નાશ પામ્યો છે. આજે 2005માં છતાં ચીનમાં તેનો વિકાસ થઈ રહ્યો છે, તેની પાછળ પણ માઓનું જ કાર્ય કામ કરી રહ્યું છે.

પ્ર. 8. (C) સામ્યવાદીઓનું મહાપ્રસ્થાન(The Long March)ની સમીક્ષા કરો.

મુખ્ય મુદ્દાઓ : 1933માં ચીનની ત્રણ સરકારો : ઈ.સ. 1933માં ચીનની ત્રણ સરકારો હતી :

(અ) એકતો ચીનમાં **નાનકિંગની** સરકાર હતી. આ કુવોમિંગતાંગ પક્ષની જમણેરી સરકાર હતી. તેનું નેતૃત્વ ચ્યાંગ-કાઈ-શેકની પાસે હતું. તે ચીનના મોટા ભાગ ઉપર કબ્જો ધરાવતી હતી. વિદેશી સત્તાઓએ પણ તેને વાસ્તવિક સરકાર માનતી હતી. તથા તેની સાથે જ રાજનૈતિક સંબંધો ધરાવતી હતી. **(બ) બીજી સરકાર, કેન્ટનની** હતી. તે 'કુવો-મિંગ-તાંગ' પક્ષની **ડાબેરી** સરકાર હતી. તેનું નેતૃત્વ **ચેન-કુંગ-પો** તથા **વાંગ-ચિંગ-વેય**ની પાસે હતું. તેની રાજધાની **કેન્ટન** હતું અને તેની સત્તા ક્વાંગ તુંગ પ્રાંતમાં ચાલતી હતી. **(ક) ત્રીજી સરકાર સામ્યવાદી દળની** હતી. તે **કુંગ-ચાંગ-તાંગ**ની સામ્યવાદી સરકાર હતી. 1927માં તેમનો સંયુક્ત

મોરચો ભાંગી પડ્યો. ચ્યાંગ-કાઈ-શેકે તેમની 'સાફસુફી' કરી. હવે તેઓ દક્ષિણ ચીનના ક્યિાંગસી, આનહુઈ અને ફૂકિઓન પ્રદેશો કબ્જે કર્યા અને ત્યાં માઓ-ત્સે-તુંગના નેતૃત્વ હેઠળ, સામ્યવાદી સરકારની સ્થાપના કરી. તેમની પાસે સવા ત્રણ લાખ ચોરસ માઈલનો વિસ્તાર અને નવ લાખની વસ્તી હતી.

આ ત્રણે સરકારોમાં નાનકિંગની સરકાર સૌથી વધુ શક્તિશાળી હતી. બાકીની બે સરકારોને હરાવીને તેમને પોતાની સત્તા હેઠળ લાવવાનું કાર્ય સરળ હતું. ચ્યાંગ-કાઈ-શેકનું ધ્યેય રાષ્ટ્રીય એકતાનું હતું. તે ગમે તે ભોગે ચીની રાષ્ટ્રને એક કરવાની મહેચ્છા ધરાવતા હતા, પરંતુ જાપાનનો સામનો પછી કરવાનો તેમનો ધ્યેય થોડોક ભૂલ ભરેલો લાગે છે. પરંતુ ચ્યાંગ તો આંતરવિગ્રહનું જોખમ લઈને પણ રાષ્ટ્રને એક કરવા માંગતા હતા. તેમાં તેમને કામચલાઉ સફળતા પણ મળી.

સામ્યવાદીઓનું દમન : 1927માં શેકે સામ્યવાદીઓની 'કુવો-મિંગ-તાંગ' પક્ષમાંથી સાફસુફી કરી. સામ્યવાદીઓનું જોખમ જાય તો જ રાષ્ટ્રીય એકતા સધાય, એમ તેમનું માનવું હતું. 1930 થી 1933 સુધીમાં તેમણે સામ્યવાદીઓ પર ચાર આક્રમણો કર્યાં. પરંતુ એ ચારે આક્રમણોને 'લાલસેના' એ પાછા ઠેલ્યાં. 1934માં તેમણે પાંચમું આક્રમણ કરવાની તૈયારીઓ કરી. આની પૂર્વે, તેમણે સામ્યવાદીઓનું દમન કરવા નીચે મુજબના પગલાં લીધા. **(અ) ફાસીવાદી ઢબે, 'ભૂરા ખમીશધારી' (Blue Shirts)** નામના 'ત્રાસવાદી જૂથ'ની રચના કરી તથા તેમને આધુનિક શસ્ત્રોથી સજ્જ કર્યા. જરાક પણ શંકા પડે તો આ સૈનિકો, સામ્યવાદીઓને ખતમ કરતા તથા તેમની સંપત્તિનો નાશ કરતા. (બ) 'કુઓ-મિંગ-તાંગ' સૈન્યમાં રાજકીય શિક્ષણની શરૂઆત કરવામાં આવી. તેમને સામ્યવાદીઓ તરફ ધૃણાના પાઠ ભણાવવામાં આવ્યા. કુવો-મિંગ-તાંગના સિદ્ધાંતોની ઊંડી સમજ આપવામાં આવી. તેમણે સામ્યવાદીઓના દમનમાં ભારે ઉત્સાહ બતાવ્યો. (ક) જે પ્રદેશો, સામ્યવાદીઓ પાસેથી જીતવામાં આવ્યા, ત્યાં ધનિકો તથા જમીનદારોનું સંગઠન બનાવવામાં આવ્યું. આ સંપત્તિશાળી લોકો, શેકને સારી મદદ કરતા હતા. કારણ કે, સામ્યવાદીઓએ તેમને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. જો કે અહીં શેકની ભૂલ થઈ, તેમને આમ પ્રજાનો સાથ લેવો જોઈતો હતો. (ડ) ચીનમાં 'નવજીવન આંદોલન' (New Life Movement) ની શરૂઆત કરવામાં આવી. ચીનના નવયુવાનો, માર્ક્સ તથા લેનિનના વિચારોથી આકર્ષાયા હતા. તેમને કોન્ફ્યુશિયસના સિદ્ધાંતો તરફ આકર્ષવાના પ્રયત્નો કરવામાં આવ્યા. તેમણે પ્રચાર કરવા માટે બળનો સહારો પણ લીધો.

ક્વાંગસી પર પાંચમું આક્રમણ : આ યોજના દ્વારા સામ્યવાદીઓ તરફ નફરત-ધૃણા જગાવીને, શેકે હવે સામ્યવાદીઓ પર ચારે તરફથી આક્રમણ કર્યું. નાઝી જર્મનીના નિવૃત્ત **જનરલ વોન સિક્ટ (Von Seekt)**ને આનો વડો બનાવ્યો તથા

ક્વાંગસી પર આક્રમણ કરવા નવ લાખનું સૈન્ય ઉતાર્યું. સામે પક્ષે સામ્યવાદીઓનું લશ્કર એક લાખ અને એંશી હજારનું હતું. **એડગર સ્નોના** અભિપ્રાય મુજબ, શેકે એક લાલ સૈનિકને મારવા માટે 16 હજાર પાઉન્ડનો ખર્ચ કરવો પડ્યો હતો. **સપ્ટેમ્બર, 1934**માં, લાલસેના - સામ્યવાદીઓ, ચારે તરફથી ઘેરાઈ ગયા. તેથી તેમણે નાસી છૂટવાનો નિર્ણય કર્યો.

મહાપ્રસ્થાન (The Long March) : ઑક્ટોબર, 1934માં, સામ્યવાદીઓએ નક્કી કર્યું કે, ચીનમાં શેન્સી પ્રાંત તરફ નાસી જવું. ત્યાંથી તેમને રશિયાની મદદ-નજીક હોવાથી પણ મળી શકે એમ હતું. **આમ ક્વાંગસીથી,** 16મી ઑક્ટો., **(1934) એક લાખના લાલ લશ્કરે** 'મહાપ્રસ્થાન' (The Long March)ની શરૂઆત કરી. એ કાર્ય એટલું ગુપ્ત અને શીઘ્ર હતું કે લાલસેનાના પણ મોટા ભાગને ઘણા દિવસ પછી ખબર પડી કે તે પ્રસ્થાન કરી રહ્યા છે. **આ એક લશ્કરી પ્રસ્થાન ન હતું, પરંતુ એક રાષ્ટ્રનું પ્રસ્થાન હતું.** કારણ કે સૈનિકો ઉપરાંત હજારો ખેડૂતો, વૃદ્ધો, યુવાનો, સ્ત્રીઓ, પુરુષો અને બાળકો સામ્યવાદીઓ કે બિનસામ્યવાદીઓ બધા જ શક્ય હોય તે પોતાના હાથમાં, ખચ્ચરો પર કે ગધેડાઓની પીઠ પર લાદીને એક મહાન વણઝારની જેમ મહાપ્રસ્થાન કર્યું હતું. **એડગર સ્નોએ** આ મહાપ્રસ્થાનને **ગ્રીક કવિ હોમરે** વર્ણવેલ **'યુલાઈસીસ'ની યાત્રા** સાથે તુલના કરી છે. 6000 માઈલની આ લાંબી યાત્રા, સામ્યવાદીઓએ અજોડ, અનુપમ તથા ભારે સાહસ તથા ધૈર્યથી પૂરી કરી હતી. એક લાખનું સૈન્ય તથા અન્ય સામાન્ય લોકોએ દિવસ-રાત સંઘર્ષ કરીને, ઊંચા અને હિમાચ્છાદિત 18 પર્વતો, 24 નદીઓ, જંગલો તથા વેરાન પ્રદેશોને પાર કરીને 1 વર્ષ અને 3 દિવસ 368 દિવસની (16 ઑક્ટો. 1934 થી 20 ઑક્ટો. 1935) મુસાફરી કરી હતી. આ ભારે સાહસ કહેવાય. રસ્તામાં તેમણે 80 હજાર સૈનિકો ગુમાવ્યા. માત્ર 100 દિવસનો આરામ કર્યો હતો. બાકીના 268 દિવસમાં 6000 માઈલનો પ્રવાસ કર્યો હતો. રસ્તામાં તેમણે 15 મોટી અને 300 નાની લડાઈઓ લડી હતી. તેમણે 32 નગરો કબ્જે કર્યા હતા તથા 12 પ્રાંતોમાંથી પસાર થયા હતા. રસ્તામાં ધનિકોને લૂંટતા તથા ગરીબોને સંપત્તિ વહેંચતા હતા. આથી, સામાન્ય જનતાનો તેમને સાથ-સહકાર મળ્યો હતો. **વિશ્વના લશ્કરી નિષ્ણાતો, લાલસેનાની આ સફળતા માટે આશ્ચર્ય વ્યક્ત કરે છે, એ સ્વાભાવિક છે. આ સમગ્ર 'મહાપ્રસ્થાન'ની યોજના અને તેનું સફળ સંચાલન, માઓ-ત્સે-તુંગે કર્યું હતું અને તે મહાન નેતા બની ગયા.**

આ સામ્યવાદીઓ, **શેન્સી** પહોંચ્યા. **યેનાનને** તેમણે પોતાની રાજધાની બનાવી તથા સામ્યવાદી સરકાર તથા સૈન્યનું પુનર્ગઠન કર્યું. છતાં, 1935 સુધીમાં, ઉત્તર ચીનના બે વિભાગો સિવાયના સમગ્ર ચીન પર ચ્યાંગ-કાઈ-શેકની નાનગિંક સરકારનું

પ્રભુત્વ હતું. માત્ર શેન્સી તથા કાન્સૂમાં સામ્યવાદીઓનું તથા મંચુરિયા, જૂહોલ અને હોપેઈમાં જાપાનનું વર્ચસ્વ હતું.

સંઘર્ષ, સમજૂતી અને પછી સંઘર્ષ : આમ છતાં, ચ્યાંગની રાષ્ટ્રવાદી સરકાર તથા સામ્યવાદીઓ વચ્ચે સમાધાન થાય તેમ નહોતું. શેક પહેલાં સામ્યવાદીઓને હઠાવીને ચીનને એકતા આપવાનો વિચાર કરતા હતા જ્યારે સામ્યવાદીઓ પહેલાં જાપાનનો મુકાબલો કરવા માંગતા હતા. શેક પણ જાપાનનો મુકાબલો કરવા માંગતા હતા. પરંતુ પહેલાં, સામ્યવાદીઓ અને પછી જાપાન. આમ જાપાનના મુકાબલા અંગે બંને વચ્ચેનો મતભેદ ઉકેલાઈ શકે તેમ નહોતું. શેકે સામ્યવાદીઓ સામે મોકલેલા જનરલ **માર્શલને** સામ્યવાદીઓએ મનાવી લીધો. તેણે શેકને જ કેદ કર્યો, પરંતુ માર્શલને પણ ખાતરી થઈ કે, શેક દેશભક્ત છે. તેથી તેણે સામ્યવાદીઓને સમજાવ્યા. બન્ને વચ્ચે ફરીથી સમજૂતી થઈ. શેકને મુક્ત કરવામાં આવ્યા. **હવે બન્નેએ ભેગાં મળીને જાપાનનો મુકાબલો** કરવાનું નક્કી કર્યું. **1827 થી 1937 સુધીના સંઘર્ષ પછી ફરી બંને વચ્ચે સંધિ થઈ. 1937 થી 1945 સુધી બંનેએ સંયુક્ત રીતે જાપાનનો મુકાબલો કર્યો.** પરંતુ 1946 થી 1949 દરમિયાન ફરીથી બંને વચ્ચે આંતરવિગ્રહ થયો અને છેવટે તેમાં સામ્યવાદીઓનો વિજય થયો. ચ્યાંગ-કાઈ-શેકને ફોર્મોસામાં આશરો લેવો પડ્યો.

પ્ર. 9. ચાઉ-એન-લાઈ (1896 થી 1976)ની કારકિર્દી અને સિદ્ધિઓનું વર્ણન કરો.

પૂર્વ કારકિર્દી : શાંઘાઈથી દક્ષિણે 200 માઈલ દૂર આવેલા શાઓ-સિંગ ગામમાં ઈ.સ. 1896માં, ચાઉ-એન-લાઈનો જન્મ થયો હતો. તેમના દાદા મંચુશાસનમાં ઊંચા અમલદાર હતા. તેમના માતા-પિતા બંને શિક્ષિત હતા. નાનપણથી જ તેઓ અસાધારણ હોંશિયાર હતા. અમેરિકન પાદરીઓની શિક્ષણ સંસ્થામાં તેમણે કેળવણી પ્રાપ્ત કરી હોવાથી પાશ્ચાત્ય વિચારોથી તે પરિચિત હતા. તીવ્ર બુદ્ધિશાળી હોવાથી હંમેશા તેમને શિષ્યવૃત્તિ મળતી હતી. તેમના જીવન દરમિયાન પેકિંગમાં જે દેખાવો થયા હતા, તેમાં તેમણે ભાગ લીધો હતો. તેમને એ વખતે કારાવાસનો પહેલો અનુભવ થયો હતો.

રાજકીય કારકિર્દી : કારાવાસમાંથી મુક્તિ મળ્યા પછી, ચાઉ-એન-લાઈ ફ્રાંસ ગયા હતા. પેરિસમાં તેમણે ચીની વિદ્યાર્થીઓનું એક સામ્યવાદી સંગઠન સ્થાપ્યું હતું. બે વર્ષ પેરિસમાં રહ્યા અને પછી ઈંગ્લેન્ડ અને જર્મની પણ જઈ આવ્યા. 1924માં, તે ચીનમાં પાછા આવ્યા ત્યારે ડૉ. સુનના પરિચયમાં આવ્યા. પહેલીવાર તે તેમને કેન્ટનમાં મળ્યા હતા. ડૉ. સુને તેમની શક્તિઓ પારખીને, તેમને ચીનના રાજકારણમાં આગળ પડતું સ્થાન આપ્યું. **વ્હેમપોઆમાં** જે લશ્કરી એકેડેમી બની હતી, તેના તેમને મંત્રી બનાવવામાં આવ્યા. ચાઉ, રશિયાના **જનરલ બ્લૂચર** જે

રશિયાની પૂર્વીય સેનાના વડા હતા, તેમનો વિશ્વાસપાત્ર બન્યા હતા. 1925-26માં, ચ્યાંગની નેતાગીરી હેઠળ, ઉત્તરની લશ્કરી કૂચ કરવામાં આવી ત્યારે 28 વર્ષના બિનઅનુભવી ચાઉ-એન-લાઈને, શાંઘાઈમાં વિદ્રોહ કરાવવાનું કામ સોંપવામાં આવ્યું. તેમણે એ કાર્ય સાહસ અને ઉત્સાહપૂર્વક કર્યું તથા શાંઘાઈના છ લાખ મજૂરોને, ઈન્કલાબી સૂત્રે બાંધ્યા હતા. ચ્યાંગ શેકને પણ આશ્ચર્ય થયું કે શાંઘાઈ તો પહેલી જ જીતવામાં આવ્યું છે. ચાઉએ ચ્યાંગનું સ્વાગત કરીને, શાંઘાઈ તેમને સોંપી દીધું. આથી ચાઉને "શાંઘાઈનો વિદ્રોહી" પણ કહેવામાં આવે છે. ચ્યાંગ આવા તેજસ્વી, યુવાનની કદર કરી શક્યા નહિ. બલ્કે 1927માં ચ્યાંગે, સામ્યવાદી પક્ષને ગેરકાયદે જાહેર કર્યો. ચાઉને પણ પકડવામાં આવ્યો અને તેને ફાંસીનો હુકમ આપવામાં આવ્યો. પરંતુ તેમની ઉપર પહેરો કરનાર કમાંડર, વ્હેમ્પોઆ એકેડેમીનો વિદ્યાર્થી હતો, તેણે પોતાનો જીવ મુશ્કેલીમાં નાખીને પણ, એકેડેમીના મંત્રી ચાઉને બચાવ્યો. ત્યાંથી તેઓ ભાગી છૂટ્યા. જેલમાંથી છૂટીને ચાઉ કેન્ટન પહોંચ્યા અને ત્યાં "કેન્ટન-કમ્યુન"ની સ્થાપના કરી. અહીં પણ ચ્યાંગની દમનનીતિ પહોંચી છતાં, આ કોમ્યુને ચીનમાં ક્રાંતિનો મહત્ત્વનો પ્રચાર કર્યો અને સામ્યવાદીઓના જયઘોષથી ચીન ગૂંજી ઊઠ્યું હતું. જો કે કેન્ટનના પરાજય પછી ચાઉએ પોતાની પ્રવૃત્તિઓ ગુપ્ત રીતે કરવાની શરૂઆત કરી. તેમના કાર્યોથી પ્રજામાં નવો જુસ્સો આવ્યો. ચ્યાંગ-કાઈ-શેકે, ચાઉના માથા માટે 80 હજાર ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું.

1931માં ક્યાંગ્સી તથા રૂકિઓનમાં સોવિયેતો બનતાં, ચાઉ ત્યાં પહોંચ્યા. અહીં તેમને મુખ્ય સેનાપતિ ચુ-તેહનો રાજકીય સલાહકાર તથા યુદ્ધ સમિતિનો ઉપપ્રમુખ બનાવવામાં આવ્યો. આ દરમ્યાન, ચાઉ ચીનના પ્રતિનિધિ તરીકે મોસ્કોની આંતરરાષ્ટ્રીય પરિષદમાં હાજરી આપી આવ્યા હતા. 1934-35માં ચ્યાંગ-કાઈ-શેકે, મોટા લશ્કર સાથે, સામ્યવાદીઓ પર આક્રમણ કરતાં, દક્ષિણ ચીનમાંથી વાયવ્ય ચીનમાં સામ્યવાદીઓને **"મહાપ્રસ્થાન"** (The Long March) કરવું પડ્યું હતું. 1936માં ચ્યાંગ-કાઈ-શેક, સામ્યવાદીઓની કેદમાં હતા ત્યારે જેના માથે ચ્યાંગે 80 હજાર ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું તે ચાઉએ, ચ્યાંગને જાપાનીઓ સામે લડવાને માટે મુક્ત કર્યો હતો. અહીં ચાઉનું રાજકીય કૌશલ્ય જોવા મળે છે. 1937 થી 1945 સુધી બંને દળોએ સંયુક્તપણે, જાપાનનો મુકાબલો કર્યો હતો.

ચીનમાં 1949માં જે ક્રાંતિ થઈ તેમાં જે નેતાઓએ અગત્યનો ભાગ ભજવ્યો હતો તેમાં ચાઉ-એન-લાઈ પણ હતા. **સામ્યવાદી પ્રજાસત્તાકના પ્રથમ વડાપ્રધાન ચાઉ-એન-લાઈ હતા. તેઓ ચીનના વિદેશ પ્રધાન પણ હતા.** 1959માં તેમણે વિદેશ પ્રધાનનો હવાલો છોડી દીધો હતો. તેમણે અનેક આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં, રાજકીય કુશાગ્રતા બતાવી હતી. વિદેશી બાબતોમાં તેમને જે સફળતાઓ મળી હતી તેમાં

તેમનું સુંદર અને આકર્ષક વ્યક્તિત્વ તથા સૌમ્ય અને શરમાળ સ્વભાવે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ચાઉ પોતે ધનિક કુટુંબના હતા છતાં અત્યંત સાદાઈપૂર્વક તે રહેતા. તેમનામાં સત્તાલાલસા અંશમાત્ર પણ નહોતી. તેમના નમ્ર સ્વભાવને લીધે એમ લાગતું કે તેઓ, માઓ-ત્સે-તુંગના પ્રબળ વ્યક્તિત્વથી દબાયેલા રહે છે. છતાં, વડાપ્રધાન તરીકે તેમણે દૃઢતાનો પરિચય કરાવ્યો હતો. **તેમની ઉચ્ચ પ્રકારની કર્તવ્યનિષ્ઠા તથા સિદ્ધાંતપ્રિયતાને લીધે, આધુનિક ચીનના નિર્માણમાં માઓ-ત્સે-તુંગ પછી તેમનો ફાળો મહત્ત્વનો ગણાય છે.**

જૂથ-4

પ્રકરણ-9 : બીજા વિશ્વવિગ્રહમાં જાપાન તથા બીજા વિશ્વવિગ્રહ પછીનું જાપાન

"જેમ દક્ષિણના વિગ્રહોને લીધે, ઔરંગઝેબનું પતન થયું હતું, જેમ સ્પેનના વિગ્રહને લીધે નેપોલિયનનું પતન થયું હતું; તે જ રીતે બીજા વિશ્વવિગ્રહને લીધે જાપાનનું પતન થયું હતું. જેઓ હથિયાર સર્જે છે, તેમનો હથિયાર દ્વારા જ વિનાશ થાય છે."

— એક અવલોકન

❀ ❀ ❀

"1860 થી 1950 સુધીના તેના ઇતિહાસમાં જાપાને, ઝડપી વિકાસની પરાકાષ્ટા અને ઝડપથી પતનની પરાકાષ્ટા પણ જોઈ હતી, એવું જગતના ઇતિહાસમાં અન્ય કોઈ રાષ્ટ્રમાં ભાગ્યે જ બન્યું હશે. છતાં એવા સમૂળા પતન પછી જાપાને જે મક્કમ અને ઝડપી ગતિએ, પોતાનું પુનઃસંસ્કરણ કર્યું છે અને વિકાસ કર્યો છે, તે પણ એટલું જ અદ્વિતીય છે."

— એક હકીકત

❀ ❀ ❀

પ્રકરણની રૂપરેખા

1. જાપાનની બીજા વિશ્વવિગ્રહમાં પીછેહઠ તથા પરાજય
2. જાપાનનાં પરાજયનાં કારણો
3. જાપાનની યુદ્ધોત્તર વ્યવસ્થા - મેકઆર્થરનું પ્રભુત્વ
4. સ્કેપ (SCAP) વહીવટની મુશ્કેલીઓ
5. મુશ્કેલીઓ દૂર કરવા સ્કેપ (SCAP) વહીવટે લીધેલાં પગલાં
6. જાપાન સાથે સંધિ તથા જાપાનની સ્વતંત્રતા તથા મહત્ત્વ

1. જાપાનની બીજા વિશ્વવિગ્રહમાં પીછેહઠ અને પરાજય

2. જાપાનના બીજા વિશ્વવિગ્રહમાં પરાજયનાં કારણો

પ્ર.10. (A) બીજા વિશ્વવિગ્રહમાં જાપાનની પીછેહઠનું વર્ણન કરો તથા જાપાનના પરાજયનાં કારણો આપો. (સૌ.યુ. 2006)

➤ નોંધ લખો :

(1) બીજા વિશ્વવિગ્રહમાં જાપાનની પીછેહઠ

(2) બીજા વિશ્વવિગ્રહમાં જાપાનના પરાજયનાં કારણો (સૌ.યુ. 2006)

[મુખ્ય મુદ્દાઓ : (અ) બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની પીછેહઠ અને પરાજય (બ) બીજા વિશ્વ-વિગ્રહમાં જાપાનના પરાજયનાં કારણો]

> "સ્વતંત્રતા મળ્યા પછી (1951) એક વીશીમાં જાપાનની પ્રજાએ અને સરકારે પોતાના દેશની પુનઃવ્યવસ્થા કરવામાં અને પ્રગતિ સાધવામાં અદ્વિતીય પુરુષાર્થ કર્યો છે. આજે તો તેણે આર્થિક ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે તથા અમેરિકા જેવા મહાન ઔદ્યોગિક રાષ્ટ્રની હરીફાઈ કરવા લાગ્યું છે. એશિયાના અર્ધવિકસિત રાજ્યોને તે આર્થિક અને ટેક્નિકલ સહાય આપી રહ્યું છે. "ઊગતા સૂર્યનો દેશ". જાપાન આજે એશિયામાં પ્રગતિના માર્ગે છે."
>
> **– એક હકીકત**

(અ) બીજા વિશ્વવિગ્રહમાં જાપાનની પીછેહઠ અને પરાજય :

જાપાનની પીછેહઠ, બે વર્ષે રોકાઈ ગયું તે ભૂલ : જાપાને, બીજા વિશ્વવિગ્રહ દરમિયાન વીજળીક વેગે તથા એકધારી આગેકૂચ કરી હતી. તેને રોકવા માટે મિત્રરાષ્ટ્રોએ ઑગષ્ટ, 1943માં **કવિબેકમાં** એક પરિષદ બોલાવી હતી. **લૉર્ડ માઉન્સબેટનને**, અગ્નિ એશિયા કમાન્ડનો વડો સેનાપતિ બનાવવામાં આવ્યો. માર્ચ, 1942માં ઝડપી આગેકૂચ કરીને જાપાને અગ્નિ-એશિયાના પ્રદેશો કબ્જે કર્યા હતા, **પરંતુ 1942માં બર્મા-બ્રહ્મદેશને કબ્જે કરીને, જાપાન બે વર્ષ સુધી બેસી રહ્યું, તે જાપાનની મોટી ભૂલ હતી.** કેમ બેસી રહ્યું ? તેની ખબર નથી ! પરંતુ આ વિલંબથી, ઈંગ્લેન્ડને જરૂરી સમય મળી ગયો. આ બે વર્ષો દરમ્યાન, ઈંગ્લેન્ડે જરૂરી શસ્ત્ર-સાધનો તથા પુરવઠો એકઠો કરી લીધો. ભારત તથા ઑસ્ટ્રેલિયામાં, ઈંગ્લેન્ડ તથા અમેરિકાએ સંયુક્ત મોરચો સ્થાપી દીધો હતો. માર્ચ, 1944માં જાપાને મણિપુરમાં, ઈમ્ફાલને માર્ગે ભારત પર આક્રમણ કર્યું. જાપાનને **સુભાષચંદ્ર બોઝની** મદદ પણ મળી હોત. જાપાન પણ એમ માનતું હતું કે સુભાષચંદ્ર બોઝની લોકપ્રિયતાનો લાભ ઉઠાવીને ભારતમાં સરળતાથી આગળ વધશે પરંતુ અંગ્રેજોએ ભારે તૈયારીઓ કરી હતી. **તેથી જાપાનને પીછેહઠ કરવી પડી. જાપાનની પીછેહઠ તેના પતનની શરૂઆત હતી.**

જાપાનની પીછેહઠ અને પતન : જાપાનની પીછેહટ તેના પતનની શરૂઆત હતી. જાપાન પીછે હટતાં, અંગ્રેજોએ 1945માં બર્મા-બ્રહ્મદેશનો કબ્જો લીધો. 1945માં જ જનરલ **મેક આર્થરે** ફિલિપાઈન્સનો કબ્જો લીધો. તેણે ફિલિપાઈન્સને કેન્દ્રમાં રાખીને, આસપાસના ટાપુઓ પર આક્રમણો કર્યા. ભારત, ઑસ્ટ્રેલિયા તથા પશ્ચિમ ચીનમાંથી પણ મિત્ર રાજ્યોએ જાપાન પર આક્રમણો કર્યાં. ઉપરાંત, બ્રિટિશ તથા અમેરિકન નૌકાદળ તથા વાયુદળે જાપાની કબ્જા હેઠળના પ્રદેશો પર વિદ્યુતવેગી આક્રમણો કર્યા. **મે, 1945માં જર્મનીએ શરણાગતિ સ્વીકારી તેથી મિત્ર રાજ્યોને, જાપાનને નમાવવા માટે બધી તાકાત વાપરવાની તક મળી. આ જાપાનનું મોટું કમનસીબ હતું.** હવે જાપાનનાં કારખાનાઓ, નગરો, રેલવે, યુદ્ધસામગ્રીનાં ભંડારો, વહાણો ઉપર સખત બૉંબવર્ષા કરવામાં આવી. જુલાઈ, 1945ના બે અઠવાડિયામાં જ જાપાનનાં 416

વહાણો ડૂબાડી દેવામાં આવ્યા. જાપાનનાં 556 વિમાનો પણ તોડી પાડવામાં આવ્યાં. 26 જુલાઈ, 1945માં અમેરિકાના પ્રમુખ ટ્રુમેન, ઈંગ્લેન્ડના વડાપ્રધાન **ચર્ચિલ** તથા રશિયાના વડાપ્રધાન **સ્ટાલિને, ચીનનાં ચ્યાંગ-કાઈ-શેકે; પેરિસડેમ પરિષદમાં** એક જાહેરાત કરીને, જાપાનને શરણાગતિ સ્વીકારવાની શરતો મૂકી. પરંતુ જાપાને તેની અવગણના કરી. તેથી અમેરિકાએ 6 ઑગષ્ટ, 1945માં **હિરોશીમા** અને 9 ઑગષ્ટે **નાગાસાકી** ઉપર અણુબૉંબ ફેંક્યા. 15 ઑગષ્ટ, 1945ના દિવસે જાપાને બિનશરતે શરણાગતિ સ્વીકારી. તેમના સમ્રાટનું અપમાન થાય નહિ, એટલી તકેદારી રાખી હતી. **આમ, જેટલી ઝડપે જાપાનનો ઉદય થયો હતો અને તેના વિજયો થયા હતા, તેટલી જ ઝડપે તેનું પતન અને પરાજય પણ થયો. જેમ, દક્ષિણના વિગ્રહોને લીધે, ઔરંગઝેબનું પતન થયું હતું. સ્પેનના વિગ્રહોને લીધે નેપોલિયનનું પતન થયું હતું, તે જ રીતે, બીજા વિશ્વયુદ્ધને લીધે જાપાનનું પતન થયું હતું. "જેઓ હથિયાર સર્જે છે, તેમનો હથિયાર દ્વારા જ નાશ થાય છે" એ ઉક્તિ અહીં જાપાને પણ સાચી પાડી હતી.**

(બ) બીજા વિશ્વવિગ્રહમાં જાપાનના પરાજયનાં કારણો

15મી ઑગષ્ટ, 1945ના રોજ, જાપાને પરાજયનો સ્વીકાર કર્યો. તેના પરાજય માટેનાં કારણો નીચે મુંજબ આપવામાં આવે છે.

(1) બ્રહ્મદેશ જીત્યા પછી, જાપાને આગળ વધવામાં ઢીલ કરી. આ તેની ગંભીર ભૂલ હતી. ગમે તે કારણ હોય, પરંતુ જાપાન ભારત તરફ આગળ વધ્યું નહિ અને તે પણ બે વર્ષ સુધી. આ દરમિયાન ઈંગ્લેન્ડને તૈયારીઓ કરવાનો સારો સમય મળી ગયો. (2) જાપાને આવા વખતે અમેરિકાને છંછેડવાની જરૂર નહોતી. અમેરિકા છેક સુધી બીજા વિશ્વવિગ્રહમાં સક્રિય રીતે જોડાયું નહોતું. જાપાને પર્લહાર્બર પર અચાનક આક્રમણ કરીને અમેરિકાને સક્રિય કર્યું. આ તેનુ ગજા બહારનું સાહસ કહેવાય. હવે તેને અમેરિકા અને બ્રિટન ઉપરાંત તેમનાં 44 જેટલાં મિત્ર રાજ્યો સાથે લડવાનું થયું. જાપાન એકલું પણ, અમેરિકાની જંગી તાકાત અને લશ્કરી યુદ્ધ સામગ્રીનો મુકાબલો કરી શકે તેમ નહોતું. અમેરિકા તો તેમાં યુદ્ધજહાજો તૂટે કે વિમાનો તૂટે, તો રોજના અનેક યુદ્ધજહાજો તથા વિમાનો બનાવતું હતું, તેનો મુકાબલો કરવાનું જાપાન માટે અશક્ય નહિ તો ઘણું મુશ્કેલ હતું - લગભગ અશક્ય. (3) જાપાનની ધારણા વિરુદ્ધ જર્મનીનું પતન વહેલું થયું. જો મિત્ર રાજ્યો, યુરોપમાં યુદ્ધમાં રોકાઈ રહ્યાં હોત તો જાપાન વિના મુશ્કેલીએ આગળ વધી ગયું હોય. જર્મનીનું પતન થતાં, મિત્રરાજ્યો હવે, સંયુક્તપણે અને પૂરી તાકાતથી, જાપાન સામે લડવા મુક્ત બન્યા તથા જાપાનને મુશ્કેલીમાં મૂક્યું. (4) જાપાન એશિયાનાં રાજ્યોમાં, રાષ્ટ્રવાદી મોરચો ઊભું કરી શક્યું નહિ. તેને સંગઠિત કરવાનો જાપાને હજુ પ્રયત્ન શરૂ કર્યો હતો. એ બધું તૈયાર કરે તેની પૂર્વે જ બધું થયું અને મિત્ર રાજ્યોને ફાવટ આવી ગઈ. (5) ખરી રીતે,

જાપાને લશ્કરી તૈયારીઓ કરી દીધી હતી તે ટૂંકા ગાળા માટેની હતી. યુદ્ધ તેની ધારણા વિરુદ્ધ લાંબું ચાલ્યું. દીર્ઘકાલીન યુદ્ધની તૈયારી જાપાને કરી નહોતી. (6) વળી, જાપાને પોતાના લશ્કરનું આયોજન તથા લશ્કરી યોજના વિજયને જ ખ્યાલમાં રાખીને કરી હતી. જો કદાચ, કોઈ મોરચા પર તેનો પરાજય થાય તો શું કરવું તેનો તેણે ખ્યાલ કે કોઈ પ્રયોજન કર્યું જ નહોતું. એ દૃષ્ટિએ તેનું લશ્કરી આયોજન અધૂરું અને ભૂલ ભરેલું હતું. દા. ત., જાપાનની હવાઈ સેનાનો વિનાશ થયો ત્યારે રાષ્ટ્રનું રક્ષણ કરવું કઈ રીતે તે તેની સમજ બહાર હતું. તેને તે અશક્ય લાગ્યું. (7) તે વધારે સમય સુધી સામનો તો કરી શક્યું હોત, પરંતુ અણુબૉંબે તેની કમર તોડી નાખી. આટલો વિનાશ થોડીક જ મિનિટોમાં તે સહન કરી શક્યું નહિ અને પોતાનો પરાજય તેણે સ્વીકારી લીધો.

3. જાપાનની યુદ્ધોત્તર વ્યવસ્થા – મેકઆર્થરનું પ્રભુત્વ
4. સ્કેપ (SCAP) વહીવટની મુશ્કેલીઓ
5. મુશ્કેલીઓ દૂર કરવા માટે સ્કેપ (SCAP) વહીવટે લીધેલાં પગલાં

પ્ર.10. (B) જાપાનમાં મેક આર્થરના સ્કેપ (SCAP) વહીવટની મુશ્કેલીઓ દર્શાવો. તેમને દૂર કરવા કયાં પગલાં લેવામાં આવ્યા ?

➤ **અમેરિકાના કબજા દરમિયાન (1945-1951) જાપાનની સ્થિતિનું વર્ણન કરો.**

➤ **જાપાનમાં સ્કેપ વહીવટીતંત્રની સમીક્ષા કરો.**

(સૌ. યુનિ. 2006, '08)

➤ **ટૂંકનોંધ લખો : (1) જાપાનમાં સ્કેપ વહીવટ (સૌ. યુનિ. 2010)**

[મુખ્ય મુદ્દાઓ : (અ) પ્રાસ્તાવિક (બ) જાપાનમાં સ્કેપ વહીવટની મુશ્કેલીઓ (ક) મુશ્કેલીઓ દૂર કરવા સ્કેપ (SCAP) વહીવટે લીધેલાં પગલાં (ડ) જાપાન સાથેની સંધિ, તેની સ્વતંત્રતા અને જાપાનનું મહત્ત્વ]

(અ) પ્રાસ્તાવિક

બીજા વિશ્વવિગ્રહમાં જાપાને શરણાગતિ સ્વીકારી હતી. મિત્ર રાજ્યોને જાપાનને **સ્કેપ (SCAP) (Supreme Commander of Allied Powers)**ના વહીવટ હેઠળ મૂકવામાં આવ્યું. મિત્ર રાષ્ટ્રોનો સર્વોચ્ચ કમાન્ડર મેકઆર્થર હતો. તેથી છઠ્ઠી સપ્ટેમ્બર, 1945ના દિવસે, તેને જાપાનનો સર્વોચ્ચ શાસક બનાવવામાં આવ્યો. ત્યારપછી 6 વર્ષ સુધી (1951) તેનું શાસન જાપાનમાં રહ્યું. લાટુરેટ જણાવે છે કે, "જાપાન માટે આ એક તદ્દન નવો અનુભવ હતો. આની પૂર્વે, કોઈ વિદેશી આક્રમકે જાપાનની ધરતી ઉપર પગ

મૂક્યો ન હતો. જાપાનની અજેયતાનો ભ્રમ ભાંગી ગયો હતો." આમ તો એક સરમુખત્યાર જેટલી સત્તાઓ મૅક-આર્થર પાસે હતી છતાં તેણે સંયમ અને કુશળતાથી કામ લીધું. **જનરલ મૅક આર્થરે પોતાની સત્તા જાપાનની સરકારના માધ્યમ દ્વારા ચલાવી અને પોતાની નીતિઓ જાપાનની સરકાર દ્વારા અમલમાં મૂકી. સમ્રાટનું માન-આદર રાષ્ટ્રના પ્રતિક તરીકે જાળવી રાખ્યું. પ્રજાએ પણ સાથ સહકાર આપ્યો, તેથી વિદેશી સત્તા, લશ્કર તથા સ્થાનિક પ્રજા વચ્ચે સંઘર્ષ થયો નહિ.**

(બ) સ્કેપ (SCAP) વહીવટની મુશ્કેલીઓ

લશ્કરને વિખેરી નાખવું, બેકારીમાં વધારો : સ્કેપ વહીવટ માટે મહાન મુશ્કેલીઓ હતી. જાપાનનું લશ્કર ઘણું મોટું હતું. પૂર્વ તથા અગ્નિ એશિયામાંથી જાપાનના મોટા લશ્કરને સ્વદેશ બોલાવી તેને વિખેરી નાખવાનું હતું. તેનાથી મોટી બેકારીનું સર્જન થવાનું હતું. લશ્કરી માનત ધરાવતા જૂથને પણ તોડી નાખવાના હતા. વળી, રશિયામાં લાખો જાપાનીઓ જેલમાં હતા. તેમને પણ પાછા જાપાનમાં લાવવાના હતા. **આ સમસ્યા ભારે હતી.**

આર્થિક મુશ્કેલીઓ : આર્થિક મુશ્કેલી પણ ગંભીર હતી. જાપાનને તેમાં પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો. આમ તો યુદ્ધ પહેલાં જ તેની આર્થિક પરિસ્થિતિ ચિંતાજનક હતી. યુદ્ધના ભયંકર અને સમૂળગા વિનાશ પછી તો તેની આર્થિક સ્થિતિ વધુ કથળી હતી. ભયંકર બૉંબવર્ષાને લીધે તેનાં મકાનો, કારખાનાંઓ, ભંડારો વગેરેનો વિનાશ થયો હતો. હજારો બલ્કે લાખો લોકો ઘરબાર વિનાના હતા. બીજી તરફ વસ્તીમાં વધારો થતો જતો હતો. વધતી વસ્તીને અનાજ પૂરું પડે તેમ નહોતું. આ ઉપરાંત ક્યૂરાઈલ, દક્ષિણ અખાલિન, ર્યુક્યૂ ટાપુઓ, કોરિયા, ફોર્માસા, મંચુરિયા તેની પાસેથી છીનવાઈ જતાં, તેના **વિદેશી વ્યાપારને** પારાવાર નુકસાન થયું હતું. જાપાનના વ્યાપારી વહાણોને પણ નુકસાન થયું હતું અને ઘણાંનો વિનાશ થયો હતો. વળી, દરિયા પારના પ્રદેશોના જાપાનીઓ જાપાનમાં આવીને વસ્યા અને મુશ્કેલીઓમાં વધારો થતો ગયો. આથી જાપાનમાં વસ્તીવધારાના પ્રશ્નો અને અનાજના પુરવઠાનો પ્રશ્ન ભારે વિકટ બન્યો હતો. ચીન જેવો વિશાળ પ્રદેશ જાપાનના હાથમાંથી જતાં, તેને પારાવાર નુકસાન થયું. અગ્નિ એશિયાનાં રાષ્ટ્રો પણ તેની સાથે વેપાર કરવા તૈયાર નહોતા. **આમ, સ્કેપ (SCAP) વહીવટને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો.**

(ક) મુશ્કેલીઓ દૂર કરવા, સ્કેપ (SCAP) વહીવટે લીધેલાં પગલાં

આ બધી મુશ્કેલીઓ, બીજા વિશ્વવિગ્રહ પછીની શરણાગતિને લીધે જાપાનને સહન કરવાની હતી. મુશ્કેલીઓ ગંભીર સ્વરૂપની હતી અને તેમને દૂર કરવાનું કાર્ય કપરૂં હતું. મૅક-આર્થરે, અમેરિકા તથા અન્ય રાષ્ટ્રોમાંથી એક મોટો સ્ટાફ બોલાવીને,

અસરકારક પગલાં લીધાં. જાપાનના લોકોએ પણ સાથ-સહકાર આપ્યો અને તે સ્કેપ વહીવટીતંત્ર, આ મુશ્કેલીઓને પહોંચી વળ્યું. **તેથી જાપાનનું પતન જેટલું ઝડપી હતું, તેટલું તેનું પુનઃસંસ્કરણ પણ ઝડપી બન્યું હતું.** તેને માટે સ્કેપ વહીવટીતંત્રે નીચે મુજબનાં પગલાં લીધાં હતાં. (1) બિનજરૂરી ખર્ચ ઘટાડવામાં આવ્યું. તેને માટે જાપાનના પાયદળ અને નૌકાદળનું નિઃશસ્ત્રીકરણ કરવામાં આવ્યું. જાપાનનું જે લશ્કર દરિયાપાર હતું, તેને પાછું બોલાવી તેનો ભંગ કર્યો. (2) રાજકીય શુદ્ધિ કરવામાં આવી. યુદ્ધ માટે જવાબદાર એવા 25 નેતાઓ પર ટોકીયોમાં મુકદ્દમો ચલાવવામાં આવ્યો. તેને માટે, દૂરપૂર્વની એક લશ્કરી ટ્રિબ્યુનલ બનાવવામાં આવી. તેણે સાતને (વડાપ્રધાને **તોજો** તથા વિદેશમંત્રી **મત્સુઆકા**, વગેરેને) ફાંસીની તથા બાકીનાને જન્મટીપની સજા કરવામાં આવી. જગતના ઈતિહાસમાં પ્રથમવાર, એક રાષ્ટ્રના નેતાઓને યુદ્ધ માટે, વિશ્વના પ્રતિનિધિઓની બનેલી અદાલતે ગુનેગાર ઠેરવ્યા. 1,300 જેટલી ઉગ્ર રાષ્ટ્રવાદી સંસ્થાઓને વિખેરી નાખવામાં આવી તથા બે લાખ વ્યક્તિઓને સરકારી હોદ્દા માટે અયોગ્ય ગણવામાં આવ્યા. સામ્રાજ્યવાદી નીતિ ધરાવતી **"બ્લેક ડ્રેગોન સોસાયટી"**ને પણ વિખેરી નાખવામાં આવી. (3) વસ્તીવધારાની સમસ્યાને હલ કરવા માટે, 'ગર્ભપાત' કરવાની છૂટ આપતો કાયદો કરવામાં આવ્યો. સંતતિ નિયમન માટે સ્થાનિક સરકારોને સમજૂતી આપવામાં આવી અને તેના દ્વારા કુટુંબનિયોજન વિશે લોકોને સમજાવવામાં આવ્યા. (4) **આર્થિક સ્થિતિ** સુધારવા માટે બજેટને સંતુલિત કરવામાં આવ્યું. કરનું માળખું સુધારવામાં આવ્યું તથા કરચોરી અટકાવવાની યોજના કરવામાં આવી. વળી, વાણિજ્ય ઉદ્યોગો તથા અર્થતંત્રને, ઈજારાશાહીના પંજામાંથી છોડાવવા, મિત્સુઈ, મિત્સુબીસી, સુમીટોઓ, ટાયુડા વગેરે પેઢીઓને વિખેરી નાંખવામાં આવી. મજૂરમંડળોને કાયદેસરની માન્યતા આપવામાં આવી. 1950ના કોરિયાના યુદ્ધે પણ જાપાનના અર્થતંત્ર સારો લાભ કરી આપ્યો. **સપ્ટે., 1945 થી જુલાઈ, 1950 દરમિયાન અનાજ, ખાતર તથા રસાયણો વગેરે મળીને 1371/2 કરોડ ડોલરની મદદ, અમેરિકાએ જાપાનને કરી હતી.** (5) ખાનગી પોલીસની યોજના બંધ કરવામાં આવી. તેના સ્થાને સ્થાનિક પોલીસ, સ્થાનિક નિયંત્રિત તથા ગ્રામ્ય પોલીસની વ્યવસ્થા કરવામાં આવી. રાષ્ટ્રીય વહીવટીતંત્ર હેઠળ આને રહેવાનું હતું. (6) **શૈક્ષણિક** બાબતમાં ક્રાંતિકારી પરિવર્તન આણવામાં આવ્યું. ઉગ્રરાષ્ટ્રવાદી શિક્ષકોને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. ઈતિહાસ તથા ભૂગોળનાં પુસ્તકો નવેસરથી લખવામાં આવ્યા. જૂના પુસ્તકોમાં સુધારા કરવામાં આવ્યા. નિશાળોને સ્થાનિક બોર્ડોના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવી. પ્રત્યેક જાપાનીને સમાન શૈક્ષણિક તક આપવામાં આવી તથા બધાને શૈક્ષણિક સ્વતંત્રતા આપવામાં આવી. (7) **ધાર્મિક એકતા** લાવવાને માટે શિન્તો ધર્મને રાષ્ટ્રધર્મને બદલે એક સાંપ્રદાયિક

ધર્મ ગણવામાં આવ્યો. સરકાર તરફથી શિન્તો ધર્મને જે મદદ આપવામાં આવતી હતી, તે બંધ કરવામાં આવી. ખાનગી સંસ્થામાં કે વ્યક્તિઓ પાસેથી મદદ મેળવીને, શિન્તો ધર્મની જાળવણી કરવામાં આવી. (8) **ખેતીની જમીનની**, પુર્નવહેંચણી કરવામાં આવી. જાપાનમાં 3/4 ભાગના ખેડૂતો ભાડૂત તરીકે ખેતી કરતા હતા. સ્કેપ વહીવટે જમીન ખેડે નહિ એવા જમીનદારોને તેમની જમીન વેચી દેવાની ફરજ પાડી. 30 વાર્ષિક હપતામાં પૈસા ભરવાની શરતે એ જમીન ખેડૂતોને આપવામાં આવી. 1950 સુધીમાં 30 લાખ ખેડૂતોએ લગભગ 50 લાખ એકર જમીનનો કબજો લીધો. **આમ, ખેતીના ક્ષેત્રે ક્રાંતિ કરીને, સ્કેપ વહીવટીતંત્રે, જાગીરદારી પદ્ધતિ નાબૂદ કરી.** (9) 3મે, 1947ના દિવસે, **જાપાનનું નવું બંધારણ** અમલમાં આવ્યું. મેક-આર્થરની સંમતિથી તથા જાપાનના સમ્રાટના હુકમથી નવું બંધારણ અમલમાં આવ્યું. નવા બંધારણથી, જાપાનમાં 'સંસદ' સર્વોપરી બની તથા સમ્રાટનું પદ ઈંગ્લેન્ડના રાજા જેવું બન્યું. જાપાનની સંસદને કાયદા ઘડવાની સર્વોપરી સત્તા આપવામાં આવી. માત્ર, જાપાનની **સર્વોચ્ચ અદાલત (Supreme Court)** જાપાનની સંસદના કાયદાને ગેરબંધારણીય ગણાવીને પડકારી શકે. પાર્લામેન્ટના બે ગૃહો રાખવામાં આવ્યા હતા. **આમ, સ્કેપ (SCAP) વહીવટી તંત્રે, જાપાનમાં યોગ્ય પગલાં લઈને સમગ્ર તંત્રને વ્યવસ્થિત કર્યું હતું.**

(3) જાપાન સાથે સંધિ, જાપાનની સ્વતંત્રતા તથા જાપાનનું મહત્ત્વ : યુદ્ધોત્તર, જાપાનની ભારે તથા વિકટ પરિસ્થિતિ હતી. મેક-આર્થરનું સંયમી અને કુશળ વહીવટીતંત્ર, સમ્રાટની સમજદારી તથા જાપાનીઝ પ્રજાનું સથવારું તથા મુશ્કેલીમાં પણ ધૈર્ય રાખવાની ઈચ્છા તથા કર્તવ્યનિષ્ઠાએ જાપાનને પુનઃ વિકાસને પંથે દોરી ગયું. એવામાં, 1950માં કોરિયામાં યુદ્ધ થયું, ત્યારે અમેરિકાને પણ લાગ્યું કે, જાપાન ઉપરના આધિપત્યને દૂર કરવું જોઈએ. **તેથી અમેરિકા અને જાપાન વચ્ચે 8 સપ્ટેમ્બર, 1951માં 'શાંતિ સંધિ' થઈ. તે દ્વારા બંને વચ્ચેના યુદ્ધનો અંત આણીને, જાપાનને સંપૂર્ણ સ્વતંત્રતા મળી.** આમ, છ વર્ષ પછી, 1951માં, જાપાન સંપૂર્ણ પ્રભુત્વ સંપન્ન રાષ્ટ્ર બન્યું.

ઈ.સ. 1956માં જાપાનને રાષ્ટ્રસંઘમાં પ્રવેશ આપવામાં આવ્યો. સ્વતંત્રતા મળ્યા પછી જાપાને અદ્વિતીય ઝડપે પ્રગતિ કરી છે. આર્થિક ક્ષેત્રે તો તેણે એવી પ્રગતિ કરી અને તે પણ ટૂંકા ગાળામાં જ-કે અમેરિકા જેવા ધનિક તથા ઔદ્યોગિક રાષ્ટ્રની તે હરીફાઈ કરે છે. એશિયાના અર્ધવિકસિત રાષ્ટ્રોને તે આર્થિક તથા ટેક્નિકલ મદદ પણ આપે છે. **તેનું પતન જેટલું ઝડપી હતું તેટલું બલ્કે તેનાથી પણ વધુ ઝડપી તેનો પુનઃઉદય છે. આ બધું, જાપાન પાસેથી એશિયાના રાષ્ટ્રોએ શીખવા જેવું છે. "ઊગતા સૂર્યનો દેશ"** જાપાન, આજે એશિયામાં પ્રગતિના "મધ્યાહ્ને" છે.

1. ચીનમાં આંતરવિગ્રહ તથા તેમાં સામ્યવાદનો વિજય

પ્ર. 11. ચીનમાં બીજા વિશ્વવિગ્રહ દરમિયાન થયેલા આંતરવિગ્રહનું વર્ણન કરો તથા તેમાં ચ્યાંગ-કાઈ-શેકની નિષ્ફળતાનાં કારણો આપો.

- **બીજા વિશ્વવિગ્રહ દરમિયાન ચીનમાં થયેલા આંતરવિગ્રહનાં કારણો અને પરિણામોની સમીક્ષા કરો.**
- **નોંધ લખો : (1) ચીનમાં આંતરવિગ્રહ**

[મુખ્ય મુદ્દાઓ : (अ) પૂર્વભૂમિકા (ब) આંતરવિગ્રહની રૂપરેખા (1) ચ્યાંગ-કાઈ-શેકની રાષ્ટ્રવાદી સરકાર તથા માઓ-ત્સે-તુંગની સામ્યવાદી સરકાર (2) પશ્ચિમી સત્તાઓની મદદ (3) અમેરિકા તથા પશ્ચિમી સત્તાઓનો સ્વાર્થ (4) રાષ્ટ્રવાદીઓમાં સ્વાર્થ - ચુંગકિંગની સરકાર (4) છેવટે, સામ્યવાદીઓનો વિજય (क) ઉપસંહાર.]

(अ) પૂર્વભૂમિકા

છેક, ડૉ. સુન-યાત-સેનના સમયથી જ, સામ્યવાદીઓ 'કુવો-મિંગ-તાંગ' પક્ષમાં હતા. ડૉ. સુન-યાત-સેને જે ત્રણ સિદ્ધાંતો, જનતાનું રાષ્ટ્રપણું (મીન-ત્સુ) રાષ્ટ્રવાદ, જનતાની સત્તા (મીન-ચુઆન) અથવા લોકશાહી અને જનતાનું પોષણ (મીન-શેન્ગ) અથવા આર્થિક ઉન્નતિ આપ્યા હતા તેમાં, જનતાનું રાષ્ટ્રપણું કે રાષ્ટ્રવાદને, ચ્યાંગ-કાઈ-શેક વળગી રહ્યા અને જનતાનું પોષણ અથવા આર્થિક ઉન્નતિને, સામ્યવાદીઓ વળગી રહ્યા. બંને વચ્ચે "આંતરવિગ્રહ" થાય એ સ્વાભાવિક છે. વળી, જાપાનની બાબતમાં પણ બંને વચ્ચે મતભેદ હતો. સામ્યવાદીઓ પહેલાં, જાપાનને હાંકી કાઢવાના મતમાં હતા, જ્યારે રાષ્ટ્રવાદને તથા ચીનની જનતાની એકતા માટે ચ્યાંગ-કાઈ-શેક પહેલાં સામ્યવાદીઓને દૂર કરવા માગતા હતા. બંને રાષ્ટ્રભક્તો હતા, એમાં કોઈ શંકાને સ્થાન નથી. કયા પક્ષે, ભૂલ થયેલી એ કહેવું મુશ્કેલ છે.

ચીનમાં, એ વખતે ત્રણ સરકારો હતી. વળી, ડિસેમ્બર 1941માં જાપાને જ્યારે 1939માં વિશ્વવિગ્રહમાં પ્રવેશ કર્યો ત્યારે મંચુરિયામાં તેનું સ્વતંત્ર અને અલગ 'મંચુકુઓ' નામનું રાજ્ય પણ હતું. ચીનની ત્રણ સરકારોમાં પહેલી 'સ્વતંત્ર સરકાર' હતી. જેની રાજધાની **નાનકિંગ**માં હતી. તેઓ પણ ડૉ. સેનમાં માન્યતા ધરાવતા હતા. તેઓ એમ માનતા હતા કે, ચ્યાંગ-કાઈ-શેકની સરકાર, 'કુવો-મિંગ-તાંગ'ના આદર્શો તથા સિદ્ધાંતોનું પાલન કરતી નથી. તે અમેરિકાને ચીનના માર્ગદર્શન અને મિત્રરાજ્ય તરીકે માનવા તૈયાર નહોતા. ચીનની આ સ્વતંત્ર સરકાર એમ માનતી કે જાપાન જોડે મિત્રતા કરવી જોઈએ, તેમાં જ ચીનનું હિત સમાયેલું છે. પૂર્વ સમુદ્ર કિનારાના પ્રદેશો, આ સરકારના કબજામાં હતા. **બીજી સરકાર હતી, ચ્યાંગ-કાઈ-શેકની.** તેની રાજધાની **ચુંગકિંગમાં** હતી. તે રાષ્ટ્રવાદી સરકાર હતી. તેને અમેરિકા તથા પાશ્ચાત્ય રાષ્ટ્રોની મદદ મળતી હતી. તે જાપાનની વિરોધી હતી, પરંતુ તેનાથી વિશેષ તે સામ્યવાદીઓની વિરોધી હતી. **ત્રીજી સરકાર, સામ્યવાદીઓની હતી.** ઉત્તર-પશ્ચિમ ચીનમાં તેમની સરકાર હતી અને 'માઓ-ત્સે-તુંગ'ના નેતૃત્વ હેઠળ હતી. તે માનતી કે જાપાન, ચીન માટે સૌથી વધુ ખતરનાક છે. તેમનો મત એવો હતો કે બધી સરકારોએ પોતાના મતભેદોને ભૂલી જઈને પણ જાપાનનો સામનો કરવા એક થવું જોઈએ. તે જાપાનનો સામનો કરવાનો હોય તો, ચ્યાંગ-કાઈ-શેકની નેતાગીરી હેઠળ પણ લડવાને માટે તૈયાર હતી. જો કે તેને રશિયાની સામ્યવાદી સરકારનું માર્ગદર્શન હતું અને તેનું પીઠબળ પણ. **આમ ત્રણ વિભિન્ન સરકારો વચ્ચે વહેંચાયેલી, ચીનની સામાન્ય પ્રજા ભારે મુશ્કેલીમાં હતી, એ તો સ્પષ્ટ છે.** તેમાં, સામાન્ય જનતાનો સાથ અને સહકાર, સામ્યવાદીઓને મળ્યો, કારણ કે તેમની સરકાર ગરીબ ખેડૂતો તરફ સારું ધ્યાન આપતી હતી. જ્યારે ચ્યાંગ-કાઈ-શેક ધનિકો તરફ ધ્યાન આપતા હતા, તેથી તેમનો છેવટે પરાજય થવાનો હતો.

(1) ચ્યાંગ-કાઈ-શેકની રાષ્ટ્રવાદી સરકાર તથા 'માઓ-ત્સે-તુંગ'ની સામ્યવાદી સરકાર :

ચ્યાંગ-કાઈ-શેકની રાષ્ટ્રવાદી સરકાર ચીનમાં શક્તિશાળી તો હતી જ. તેણે અમેરિકા તથા પશ્ચિમી રાષ્ટ્રો - બધા જ લગભગ મૂડીવાદી રાષ્ટ્રો, ચ્યાંગને મદદ કરતા હતા, કારણ કે એ બધા જ સામ્યવાદીઓના વિરોધીઓ હતા. જ્યારે સામે પક્ષે, માઓ-ત્સે-તુંગની સામ્યવાદી સરકાર હતી. તેમણે ગરીબ ખેડૂતો તરફ ખાસ ધ્યાન આપ્યું હતું. માઓ કહેતા કે રશિયાની જેમ કામદારોની સરમુખત્યારશાહી ચીનમાં કામ લાગે તેમ નથી. તે ખેડૂતોની સરમુખત્યારશાહીની સ્થાપના કરવા માંગતા હતા, તેથી ગરીબ ચીની જનતાએ તેમને સહકાર આપ્યો હતો. વર્ષોથી જમીનદારોના ત્રાસ હેઠળ કચડાતી ખેડૂત પ્રજાએ સામ્યવાદને સાથ આપ્યો. તેમનામાં રાષ્ટ્રભક્તિ અને પ્રમાણિકતા પણ હતી. એવી રાષ્ટ્રભક્તિ અને પ્રામાણિકતા ચ્યાંગ-કાઈ-શેકના અને 'કુવો-મિંગ-તાંગ'ના આગેવાન નેતાઓમાં પણ હતી જ, પરંતુ ઊતરતી કક્ષાના અમલદારોમાં સ્વાર્થવૃત્તિ હતી અને લાંચરુશ્વત પણ.

(2) પશ્ચિમી સત્તાઓની મદદ :

અમેરિકા અને પશ્ચિમનાં મૂડીવાદી રાષ્ટ્રો-ખાસ કરીને ઈંગ્લેન્ડ, ફ્રાંસ વગેરેએ શેકની સરકારને પોતાના સ્વાર્થ માટે - સામ્યવાદને ખાળવા માટે - મદદ કરવાનું નક્કી કર્યું, કારણ કે ચ્યાંગ-કાઈ-શેક પણ **મૂડીવાદી** હતા અને સામ્યવાદના વિરોધી. હવે, ચીનના સમુદ્ર તટ પર, જાપાનનો સંપૂર્ણ કાબૂ હતો. તેથી અમેરિકા, બ્રિટન વગેરે દેશોને ચીનની મદદ કરવી હોય તો તેમને માટે બે માર્ગો ખુલ્લા હતા. ઈન્ડોનેશિયા અને ઉત્તર બ્રહ્મદેશના માર્ગો. બીજા વિશ્વવિગ્રહ દરમિયાન **હિટલરે** ફ્રાંસને કબ્જે કર્યું. **માર્શલે** વીશીને રાજધાની બનાવીને ફ્રેન્ચ સરકારની ત્યાં સ્થાપના કરી. તેમને ઈન્ડોચાયના સાથે સારા સંબંધો હતા. તેમણે જાપાનને ઈન્ડોનેશિયામાં અનેક સગવડો ઊભી કરી આપી. હવે ફક્ત બ્રહ્મદેશનો જ માર્ગ બાકી રહ્યો. ઈ.સ. 1942માં જાપાને બ્રહ્મદેશનો પણ કબ્જો લીધો. ત્યારે, અમેરિકા અને બ્રિટને હવે હવાઈ માર્ગે ચ્યાંગ-કાઈ-શેકને મદદ કરવાનું નક્કી કર્યું. 1945માં, અમેરિકા અને બ્રિટને 43,899 ટન યુદ્ધ સામગ્રી ચીનને પહોંચાડી હતી.

પરંતુ વજનદાર યુદ્ધસામગ્રી વિમાન દ્વારા અને તે પણ હિમાલયની પેલે પાર પહોંચાડવાનું કાર્ય મુશ્કેલ હતું. ચ્યાંગ-કાઈ-શેક, આવી યુદ્ધ સામગ્રી તૈયાર કરી શકે તેમ નહોતું. જે તેના ઉત્પાદનનાં થોડાક કારખાના હતાં. તે પશ્ચિમ ચીનમાં હતાં, તેના પર જાપાનના વિમાનો આક્રમણ કરતા હતા. વળી, ચીનના ખેડૂતોનો ખેતીનો પાક તૈયાર થતો ત્યારે, જાપાન અગ્નિબોંબ નાખીને તેને સળગાવી દેતા. આવા વખતે, શેકના અમલદારો, રાષ્ટ્રભક્તિ તથા સ્વાર્થ-ત્યાગની ભાવનાથી કામ કરતા હતા, પરંતુ તેમનું ધ્યાન હવે, જાપાનનો વિરોધ કરવાને બદલે સ્વાર્થવૃત્તિ તરફ વળ્યું તથા યુદ્ધની પરિસ્થિતિનો લાભ-ગેરલાભ ઉઠાવીને પોતે સમૃદ્ધ બનવા તરફ વધારે કેન્દ્રિત થયું. પશ્ચિમનાં રાષ્ટ્રોમાંથી જે યુદ્ધ સામગ્રી આવતી, તેનો કાળો બજાર થતો. આર્થિક ઉત્પાદન અત્યંત ઓછું હોવાથી, ચીનમાં બધી જાતના પદાર્થોની માંગ હંમેશાં રહેતી. યુદ્ધ સામગ્રીના ભાવ ઘણા ઊંચા રહેતા. કર્મચારીઓ પોતાની સમૃદ્ધિ વધારવા એ માલ કાળાબજારમાં વેચી દેતા. આ **બદીને દૂર કરવા, ચીનમાં પત્ર-મુદ્રા શરૂ કરવામાં આવી, તેથી મુદ્રાની કિંમત ઓછી થઈ અને વસ્તુઓની કિંમત વધી.**

(3) અમેરિકા તથા પશ્ચિમી સત્તાઓનો સ્વાર્થ :

ચીનમાં આંતરવિગ્રહની ભારે મુશ્કેલી હતી. જાપાન સામે લડવા માટે જે યુદ્ધ સામગ્રી, અમેરિકા તથા પશ્ચિમની સત્તાઓ, ચ્યાંગ-કાઈ-શેકને મોકલતી હતી તેનો ઉપયોગ રાષ્ટ્રવાદીઓ, સામ્યવાદીઓ સામે કરતા. બ્રિટન અને અમેરિકા, જાપાન સામે લડતા હતા ત્યારે રાષ્ટ્રવાદીઓ સામ્યવાદીઓ સામે લડતા હતા.

ચીન અને જાપાન વચ્ચેનું યુદ્ધ દશ વર્ષ ચાલ્યું. તેમાં ચ્યાંગ-કાઈ-શેકની સરકાર ઢીલાશ બતાવતી હતી, જ્યારે અમેરિકા તથા બ્રિટનને તે બહુ મહત્ત્વનું લાગતું. જો જાપાન ચીન પર કાબૂ મેળવે તો, ચીનની વિપુલ સંપત્તિનો તે મિત્રરાજ્યો વિરુદ્ધ ઉપયોગ કરે તેમ હતું. **તેથી ચીન, જાપાન સામે લડતું રહે તેમાં, અમેરિકા તથા પશ્ચિમનાં રાષ્ટ્રોનો સ્વાર્થ હતો.** તેથી 1943માં તેમણે, ચ્યાંગ-કાઈ-શેક સાથે સંધિ કરી. ચીનને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ આપવામાં આવ્યું. તેને યુનોમાં મહત્ત્વનું - કાયમી સભ્યનું સ્થાન આપવામાં આવ્યું. વિશ્વયુદ્ધ પછી ચીનના ગુમાવેલા પ્રદેશો પણ તેને પાછા મળશે એવું વચન આપવામાં આવ્યું. ચીનના રાજકીય પક્ષો પોતાના મતભેદો મિટાવીને જાપાન સામે લડે તે માટે, અમેરિકાએ તેમને એક કરવા માટે હર્લેને પણ મોકલ્યો હતો, પરંતુ તેને સફળતા મળી નહીં. **જોકે તેના પ્રયત્નોથી, આંતરવિગ્રહ થયો નહિ. આ સમય દરમિયાન જાપાનનો વિશ્વવિગ્રહમાં સંપૂર્ણ પરાજય થયો અને વિશ્વવિગ્રહનો અંત આવ્યો, પરંતુ ચીનની સમસ્યાઓનો અંત આવ્યો નહિ.**

(4) રાષ્ટ્રવાદીઓનો સ્વાર્થ - ચુંગકિંગની સરકાર :

અમેરિકા તથા બ્રિટન એ બાબતમાં ઉત્સુક હતા કે ચીનમાં આંતરવિગ્રહ બંધ થાય અને એક શક્તિશાળી કેન્દ્રિય સરકારની સ્થાપના થાય. તેથી ડિસેમ્બર, 1945માં પ્રમુખ

ટ્રુમેને જનરલ માર્શલને હવે ચીનમાં પોતાના રાજદૂત તરીકે મોકલ્યો. પરંતુ, તેમને પણ ખાસ સફળતા મળી નહિ. ચીનમાં, લોકશાસન સ્થાપવા માટેના અમેરિકાના પ્રયત્નો સફળ થયા નહિ. તેનું કારણ એ પણ હતું કે બંને વચ્ચે શેક અને માઓના પક્ષો વચ્ચે ખટરાગ એટલો વધારે હતો તથા ચ્યાંગ-કાઈ-શેક, સરમુખત્યારશાહી ચલાવવા માગતા હતા, તે દુરાગ્રહી હતા અને સ્વછંદી પણ હતા, તેથી રાષ્ટ્રવાદીઓ તથા સામ્યવાદીઓ વચ્ચે સમાધાન તેમ હતું નહિ. બંને વચ્ચે સમાધાન-મેળ સાધી શકાય તેમ નહોતું. આ દરમ્યાન, સામ્યવાદીઓએ, પૂર્વ ચીનના અનેક પ્રદેશો - મંચુરિયા અને ઉત્તર કોરિયા પર પણ પોતાનો અંકુશ સ્થાપ્યો હતો. તેમનું વર્ચસ્વ એટલું વધી ગયું હતું કે, **ચ્યાંગ-કાઈ-શેક તેમનો સામનો કરી શકે તેમ નહોતું.**

(5) છેવટે સામ્યવાદીઓનો વિજય :

અમેરિકા પણ, શેકને ખુલ્લી મદદ કરી શકે તેમ નહોતું, કારણ કે અમેરિકા જો ચ્યાંગને મદદ કરે તો રશિયા સામ્યવાદીઓને મદદ કરી શકે. તેથી અમેરિકાએ **તટસ્થ નીતિનો** આચરણ કર્યું. તેથી શેકની રાજનીતિજ્ઞ સ્થિતિ ડામાડોળ બની. તેનો લાભ ઉઠાવીને, સામ્યવાદીઓએ નાનકિંગ, શાંઘાઈ, પેકિંગ અને કેન્ટોનના પ્રદેશો પણ જીતી લીધા. અમેરિકાને ખાતરી થઈ કે બંને દળો પોતપોતાનો સ્વાર્થ સાધે છે, તેથી તેણે મદદ કરવી બંધ કરી દીધી. ચીની પ્રજા, સામ્યવાદીઓ તરફ ઢળવા લાગી. **ચ્યાંગ-કાઈ-શેક, ફોર્માસા** નાસી ગયા. **ચીનમાં સામ્યવાદી ગણતંત્રની સ્થાપના થઈ. 1949. આની સાથે, આંતરવિગ્રહનો પણ અંત આવ્યો.**

પ્ર. 12. સામ્યવાદી શાસનની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરો.

(સૌ. યુનિ. 2003, 2004, 2009, 2010)

સામ્યવાદી બંધારણ : 1લી ઑક્ટોબર, 1949ના દિવસે ચીનના "સામ્યવાદી ગણતંત્ર"ની સ્થાપના થઈ હતી, પરંતુ તેની પહેલા કામચલાઉ બંધારણ નક્કી થઈ ગયું હતું. તેને માટે 21મી સપ્ટે., થી 30મી સપ્ટે., 1949 (10 દિવસ) સુધી **"ચીનની રાજકીય સલાહકાર પરિષદ"** (Chinese People's Political Consultative Conference' (CPPCC) પેકિંગ મુકામે બોલાવવામાં આવી હતી. તેમાં વિવિધ દળો તથા પ્રાંતોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ સભાએ બંધારણ સભાની કામગીરી બજાવી હતી. તેમાં નવું બંધારણ ઘડવામાં આવ્યું. એટલું જ નહિ, નવી સરકાર માટે રાજકીય, આર્થિક તથા સામાજિક આદર્શો પણ નક્કી કરવામાં આવ્યા. જો કે નવું બંધારણ "સમાજવાદી સિદ્ધાંતો" પર **આધારિત રાખવાનું હતું તથા ચીનમાં સમાજવાદી વ્યવસ્થા કાયમ કરવાની હતી.**

ચીનના અધ્યક્ષ તરીકે, **માઓ-ત્સે-તુંગને** નિમવામાં આવ્યા. કેન્દ્ર સરકારમાં એક અધ્યક્ષ ઉપરાંત છ ઉપાધ્યક્ષો તથા 56 સભ્યો રાખવામાં આવ્યા. શ્રીમતિ સુન-

યાત-સેન, ચાંગબાંગ, ચૂ-તેહ, કાઓ કાંગ, લિસુ-શાઓચી તથા જનરલ લી-ચિહ-શેંગને ઉપાધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા. કુલ 63 સભ્યો(1 અધ્યક્ષ 6 ઉપાધ્યક્ષ 56 સભ્યો)ની બનેલી આ કેન્દ્રિય સમિતિ (Central People's Government Council) રચવામાં આવી હતી. તેના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ચાર અન્ય મહત્ત્વની સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી. **(1) વહીવટી સમિતિ** (State Administrative Council) તેને આધુનિક દૃષ્ટિએ **પ્રધાનમંડળ** કહી શકાય. આ સમિતિના અધ્યક્ષને 'વડાપ્રધાન' કહેતા. **ચાઉ-એન-લાઈએ**, ચીની પ્રજાસત્તાકના પ્રથમ વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા. આ સમિતિમાં એક વડાપ્રધાન ચાર નાયબ-વડાપ્રધાનો, એક મહામંત્રી તથા 15 સભ્યો મળીને કુલ 21 સભ્યો રાખવામાં આવ્યા હતા. **(2) ક્રાંતિકારી લશ્કરી સમિતિ** (People's Revolutionary Military Council) તેના નિયંત્રણ હેઠળ લશ્કરને રાખવામાં આવ્યું હતું. **(3) સર્વોચ્ચ અદાલત** (Supreme People's Court) અને **(4) નિરીક્ષણ સમિતિ** (CPPCC).

30મી સપ્ટે. 1949માં ચીનની બંધારણ સભાએ બંધારણનું કાર્ય પૂરું કર્યું. 1લી ઑક્ટોબર, 1949માં ચીનની 'સામ્યવાદી ગણતંત્ર'ની જાહેરાત કરવામાં આવી તથા ચીનમાં નૂતન યુગની શરૂઆત થઈ. **1953માં નવી ચૂંટણીઓ પછી, 20મી સપ્ટેમ્બર, 1954ના દિવસે પ્રથમ રાષ્ટ્રીય સંસદે પ્રજાતંત્રનું બંધારણ પસાર કર્યું અને ચીનમાં બંધારણીય યુગનો પ્રારંભ થયો.**

(2) આર્થિક સુધારા : સમગ્ર ચીનમાં પોતાની સત્તા સ્થાપ્યા પછી, સામ્યવાદી સરકારે આર્થિક પુનરુદ્ધાર તરફ ધ્યાન આપ્યું. તેમણે જાપાનની માલિકી હેઠળનાં બધાં કારખાનાં, ખાણો, રેલવે, વહાણો, બેંકો તથા અન્ય ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કર્યું. તેની સાથે કુઓ-મિંગ-તાંગ પક્ષના મૂડીવાદીઓ પાસે જે ઉદ્યોગો હતા તેમનું પણ રાષ્ટ્રીયકરણ કર્યું. આથી, ચીનના આશરે 50% જેટલા ઉદ્યોગો રાજ્યની માલિકીના બન્યા. જો કે તેમણે ખાનગી સાહસને પણ ઉદ્યોગો ચલાવવાની પરવાનગી આપી, પરંતુ એ શરતે કે સરકારી ઉદ્યોગોમાં જે નીતિ ચાલે છે તેમનું તેમણે પાલન કરવાનું રહેશે. આ ઉપરાંત સામ્યવાદી સરકારે, નવી રેલવેનું બાંધકામ કરાવ્યું. જૂની રેલ્વેઓનું સમારકામ કરાવ્યું તથા જળમાર્ગોની પણ યોગ્ય વ્યવસ્થા કરી. વળી, ચીનની નદીઓમાં વારંવાર પૂર આવતા હતા અને પાકોને ભારે નુકસાન થતું હતું, તેના નિયંત્રણ માટે, ડેમ-બંધ બાંધવામાં આવ્યા અને તેમનું નિયંત્રણ કરવામાં આવ્યું. ખેડૂતોને સિંચાઈની વ્યવસ્થા કરીને ખેતીને ઉત્તેજન આપવામાં આવ્યું.

(3) ભૂમિ સુધાર : 'માઓ-ત્સે-તુંગ' તથા સામ્યવાદી પક્ષો ચીનમાં ખેડૂતોની સ્થિતિ સુધારવા તરફ ખાસ લક્ષ્ય આપ્યું. ચીનમાં 80% વસ્તી ખેડૂતોની હતી. જમીનો પર જમીનદારોનો કબ્જો હતો. સામ્યવાદી સરકારે, જમીનદારો પાસેથી,

તેમને કોઈપણ પ્રકારનું વળતર આપ્યા વિના, જમીનો ઝૂંટવી લીધી તથા ખેતી કરવા તૈયાર હોય તેવા ખેડૂતોને એ જમીન વહેંચી દીધી. તેની વ્યવસ્થા ત્યાંની ગ્રામ પંચાયતોને સોંપવામાં આવી. માત્ર બે વર્ષના ગાળામાં, આ સુધારાથી 90 કરોડ કરતાં પણ વધુ લોકોને લાભ થયો.

(4) વેપાર-વાણિજ્ય : ખેતીના વિકાસને લીધે ચીનનો વેપાર પણ વધ્યો. વિદેશી વેપારમાં પણ વધારો થયો. સામ્યવાદી રાષ્ટ્રોમાં ચીનની નિકાસ એટલા પ્રમાણમાં વધી ગઈ કે હવે વેપારનું પાસું તેની તરફ વળ્યું. કાપડ, સિગારેટ તથા ઘઉંના લોટનો વેપાર પુષ્કળ વધ્યો હતો. જો કે લોખંડ, કોલસો તથા વિદ્યુતના ઉત્પાદનમાં હજુ ચીનનો યોગ્ય વિકાસ થયો નહોતો. શહેરીજનતાનો વળી ઉપરાઉપરી ત્રણ પાક સારા ગયા હોવાથી અન્ન ઉત્પાદનના ક્ષેત્રે મહત્ત્વની સિદ્ધિ મળી. **વાહનવ્યવહારમાં સુધારો થતાં, રાષ્ટ્રનાં ખૂણે ખૂણે તેને પહોંચાડવાનું કાર્ય સરળ બન્યું હતું.**

(5) શિક્ષણનાં ક્ષેત્રે સિદ્ધિ : સામ્યવાદી સરકારે, શિક્ષણના ક્ષેત્રે પણ ખાસ ધ્યાન આપ્યું હતું. તેમના પ્રયત્નોને પરિણામે, ચીનમાં 1951માં પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા 3 કરોડ 70 લાખની, માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા 15 લાખ 70 હજારની તથા ઉચ્ચ શિક્ષણમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા એક લાખ 18 હજારની હતી. આ ઉપરાંત, 4 કરોડ ખેડૂતો તેમની ફુરસદના સમયે અભ્યાસ કરતા હતા.

(6) વિરોધીઓની સાફસૂફી : 1950માં એક કાયદો કરીને, સામ્યવાદી સરકારે પોતાના વિરોધીઓને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. આ કાયદા દ્વારા, 'યુદ્ધ અપરાધીઓ', 'દેશદ્રોહીઓ', 'મૂડીવાદીઓ' તથા 'પ્રતિક્રાંતિવાદીઓ'ને જેલ અથવા મૃત્યુદંડની શિક્ષા કરવામાં આવી. વળી, ભ્રષ્ટાચાર, હોદ્દાનો દુરુપયોગ અથવા નોકરશાહીના આરોપ હેઠળ પણ સામ્યવાદીઓએ, કુવો-મિંગ-તાંગ પક્ષના માજી અમલદારોને ખતમ કરી નાખ્યા. આવું જો થાય જ છે, વિરોધીઓને કોઈપણ બહાને ખતમ કરી દેવાના. આ ઉપરાંત, 1951-'52માં **"પાંચ દુર્ગુણ વિરોધી આંદોલન"** શરૂ કરવામાં આવ્યું. કરચોરી, લાંચ-રૂશ્વત, સરકારી કોન્ટ્રેક્ટમાં ધોખાબાજી, આર્થિક જાણકારીની ચોરી તથા રાષ્ટ્રીય સંપત્તિની ચોરી - આવા પાંચ દુર્ગુણોને દૂર કરવાનું આંદોલન શરૂ કરવામાં આવ્યું. તે ઘણે અંશે, શહેરી 'વેપારીઓ' વિરુદ્ધ હતું. પરિણામે, સમાજની માંગણીના બહાને અનેક રાજ્યવિરોધી-સામ્યવાદી વિરોધી-તત્ત્વોને ખતમ કરવામાં આવ્યા. સામંતવાદી, મૂડીવાદી અથવા પાશ્ચાત્ય સામ્રાજ્યવાદી કે તેના મળતિયા ઉપર "સામાજિક અને સામૂહિક મુકદ્મા" ચલાવવામાં આવ્યા અને તેમને દૃષ્ટાંત દંડની શિક્ષા કરવામાં આવી. **નિકોલ અને ટ્રેઈલરના** હિસાબે 4 વર્ષના ગાળામાં,

એક યા બીજા કારણે લગભગ દોઢ કરોડ લોકોને મૃત્યુ દંડની શિક્ષા કરી હતી. **આને, સામ્યવાદી સરકાર સામાજિક ક્રાંતિ કહે છે. હકીકતમાં તે વિરોધીઓની સાફસૂફી હતી.**

(7) સમીક્ષા : ઉપસંહાર : પ્રજાસત્તાકની સ્થાપના થતાં, ચીની પ્રજામાં એક પ્રકારની અસાધારણ શક્તિનો સંચાર થયો. હવે પહેલાંનું પરવશ અને લાચાર ચીન નહોતું. ચીનનો અજગર ફરીથી જાગ્યો. વિદેશી સામ્રાજ્યવાદી નાગચૂડમાંથી ચીન મુક્ત થયું. તેની હવે 2004 સુધીમાં - જગતના મહાન રાષ્ટ્રોમાં ગણના થવા લાગી. તેણે ઝડપથી પ્રગતિ કરી અને 1972માં અમેરિકાએ તથા તેની સલાહથી જાપાને પણ તેને માન્યતા આપી છે. **સામ્યવાદી ચીને, સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ સલામતી સમિતિમાં, કાયમી સભ્ય તરીકેનું સ્થાન મેળવ્યું છે. પરંતુ તે જાપાનને માર્ગે બીજા વિશ્વયુદ્ધ પહેલાં ચાલે નહિ. તેની કાળજી તેના આગેવાનોએ લેવાની.**

બહુવૈકલ્પિક પ્રશ્નો (M. C. Q.)

વિદ્યાર્થીમિત્રો, યુનિવર્સિટીની ફાઈનલ પરીક્ષામાં MCQના પ્રશ્નો હવે પુછાશે નહીં, તેવું નક્કી કરેલ છે, પરંતુ રેગ્યુલર સ્ટુડન્ટસને કૉલેજની આંતરિક પરીક્ષામાં MCQ પુછાવાની શક્યતા હોવાથી અત્રે આપેલ છે. એક્સટર્નલ વિદ્યાર્થીઓએ MCQ તૈયાર કરવાના નથી.

— પ્રકાશક

⊛ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (M.C.Q)

(1) પ્રથમ વિશ્વવિગ્રહની શરૂઆત ક્યારે થઈ હતી ?
(A) 1914 (B) 1916
(C) 1918 (D) 1920

(2) પ્રથમ વિશ્વ વિગ્રહનો દૂર પૂર્વમાં કોણ ઘસડી લાવ્યું ?
(A) જાપાન (B) ચીન
(C) વિયેટનામ (D) કોરિયા

(3) પ્રથમ વિશ્વ વિગ્રહમાં "તટસ્થ" રહીને કોને નુકસાન થયેલું ?
(A) ચીન (B) જાપાન
(C) ઇંગ્લેન્ડ (D) જર્મની

(4) જાપાને ચીન પાસે કેટલી માંગણીઓ મૂકી હતી ?
(A) 21 (B) 20
(C) 19 (D) 18

(5) કિયાઓ-ચાઉ માટે, જાપાને જર્મનીને આખરીનામું આપ્યું.
(A) 23 ઑગસ્ટ, 1914 (B) 20 ઑગસ્ટ, 1914
(C) 16 ઑગસ્ટ, 1914 (D) 15 ઑગસ્ટ 1914

(6) વૉશિંગ્ટન પરિષદમાં મુખ્ય કેટલી સંધિઓ થયેલી હતી ?
(A) બે (B) ત્રણ
(C) ચાર (D) પાંચ

(7) વૉશિંગ્ટન પરિષદમાં કુલ કેટલા દેશના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા હતા ?
(A) સાત (B) આઠ
(C) નવ (D) દસ